ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૮ના વર્ષની પહેલી સભા, બુધવાર, તા. ૧૧--૧--૧૯૭૮ના રોજ બપોરના ૧૨--૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલે સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૧—૧—૧૯૭૮
૧.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ, કુલપતિ	હાજર
૨.	શ્રી. અંબુભાઈ ટી. દેસાઈ	હાજર
૩.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪.	પ્રિ. બી. એમ. પીરજાદા	હાજર
૫.	પ્રિ. ડી. ડી. દેસાઈ	હાજર
૬.	પ્રિ. કે. જે. ભટ્ટ	હાજર
૭.	પ્રિ. સી. એસ. શાહ	હાજર
૮.	ડૉ. કે. ભાર્ગવ	ગેરહાજર
૯.	ડૉ. એમ. એસ. કાન્વિંદે	હાજર
૧૦.	ડૉ. વી. સી. શાહ	ગેરહાજર
૧૧.	ડૉ. સી. કે. શાહ	હાજર
૧૨	ડૉ. પરેશ એમ. મજમુદાર	હાજર
૧૩.	ડૉ કે. જી. દેસાઈ	હાજર
૧૪.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૧૫.	પ્રિ. એસ. આર ભટ્ટ	હાજર
૧૬.	ડૉ. એ. એસ. નાગર	હાજર
૧૭.	ડૉ. આર. કે. ધારૈયા	હાજર
૧૮.	શ્રી. કે. ડી. દેસાઈ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૧–૧–૧૯૭૮
૧૯.	ડૉ. ઉમાબહેન ડી. પટેલ	હાજર
૨૦.	શ્રી. એચ. એન. રાવલ	ગેરહાજર
૨૧.	પ્રિ. ડી. એચ. મહેતા	હાજર
૨૨.	ડૉ. એસ. જી. દેસાઈ	હાજર
૨૩.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર
૨૪.	પ્રો. એન. વી. પંડ્યા	હાજર
૨૫.	પ્રિ. એન. એસ. પંડ્યા	હાજર
૨૬.	પ્રિ. એમ. ડી. પંચોલી	હાજર
૨૭.	ડૉ. સી. પી. ભોઘાણી	ગેરહાજર
૨૮.	ડૉ. એમ. બી. દેવાણી	ગેરહાજર
૨૯.	પ્રો. એન. આર. દવે	હાજર
૩૦.	પ્રો. એન. એન. ઉદવાડિયા	હાજર
૩૧.	ડૉ. આર. જે. જોષી	હાજર
૩૨.	ડૉ. પી. એલ. શાહ	હાજર
૩૩.	ડૉ. એસ. જે. દામાણી	ગેરહાજર
૩૪.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર.

૧. તા. ૧૮--૮--૧૯૭૭ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૭ના વર્ષની સાતમી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૮--૮--૧૯૭૭ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૭ના વર્ષની સાતમી સભાના કામકાજની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

બાબત નં. ૩૭ પર કરવામાં આવેલા ઠરાવમાં પ્રસ્તુત ઑર્ડિ. ૬૬--એ સુધારવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવી છે તેની પેટાકલમ (૨)ના બારમાં 'shall be' અને '10 periods' એ શબ્દોની વચ્ચે 'up to' શબ્દ મૂકીને તે મુજબ સુધારેલો ઑર્ડિ. ૬૬--એ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨. યુનિવર્સિટીમાં મદદનીશ કુલસચિવની એક જગ્યા પૂરવા અંગેની તા. ૧૨--૧૦--૧૯૭૭ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૧૨--૧૦--૧૯૭૭ની સભાની ભલામણ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૨--૧૦--૧૯૭૭ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૩. વિજ્ઞાનવિદ્યા ભવનમાં લેકચરર ઈન ઝૂલોજીની એક જગ્યા માટે તા. ૩--૯--૧૯૭૭ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૧૪/૧૧--૯--૧૯૭૭ની સભામાં એમ.એ. ગુજરાતી વિષયમાં એન્ટાયર આઠ પ્રશ્નપત્રોના અભ્યાસક્રમની જોગવાઈ કરવા બાબતમાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એમ.એ. ગુજરાતી વિષયમાં એન્ટાયર આઠ પ્રશ્નપત્રોની જોગવાઈ કરવા બાબતમાં ઠરાવવામાં આવ્યું કે ગુજરાતીમાં આ પ્રમાણેની જોગવાઈ કરવી નહિ, અને અંગ્રેજી, હિન્દીમાં જે આ પ્રમાણેની જોગવાઈ થયેલી છે તે માત્ર નૉન-ગુજરાતી વિદ્યાર્થીઓ હોય તેમના પૂરતી જ મર્યાદિત રાખવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તેના સમગ્ર સંદર્ભમાં તપાસીને પોતાની સુચિંતિત ભલામણો સાથે રજૂ કરવા માટે તે વિનયન વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૫. શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૬--૧૦--૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

માઈક્રો ટીચિંગ પદ્ધતિ દ્વારા નીચે પ્રમાણે આયોજિત પાઠને વર્ગશિક્ષણના પાઠ તરીકે માન્ય કરવા ઠરાવવામાં આવે છે :

શિક્ષણ (Teach)	...	૬ મિનિટ
પ્રતિપોષણ (Feed Back)	...	૬ મિનિટ
પુનઃઆયોજન (Replan)	...	૧૨ મિનિટ
પુનઃશિક્ષણ (Reteach)	...	૬ મિનિટ
પુનઃપ્રતિપોષણ (Refeed Back)	...	૬ મિનિટ
	કુલ	૩૬ મિનિટ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણમાં 'આયોજિત પાઠને વર્ગ શિક્ષણના પાઠ' એ શબ્દોને બદલે 'આયોજિત પાઠને પણ વર્ગ શિક્ષણના પાઠ' એ શબ્દો મૂકીને તે મુજબ સુધારેલી ભલામણ મંજૂર કરવી.

૬. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૨૮--૩--૧૯૭૭ની સભામાં યુ.જી.સી.ના તા. ૧૪--૯--૧૯૭૭ના પત્રાંક એકે. ૩-૫--૧૯૭૬ ઈ.આર. સાથે આવેલ રિપોર્ટ ઑફ ધી ટ્રાસ્ક કોર્સ ઓન યુનિ. કન્ટિન્યુઈંગ એજ્યુકેશન અંગે નીમેલી સમિતિની તા. ૪--૫--૧૯૭૭ની સમિતિની નીચેની ભલામણો વિદ્યાશાખાએ તેની તા. ૧૪/૧૧--૯--૧૯૭૭ની સભાએ સ્વીકારી ઘટતાં પગલાં લેવા યુનિવર્સિટીનાં સત્તામંડળોને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આ સમિતિ સૂચવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં ડિપાર્ટમેન્ટ ઑફ કન્ટિન્યુઈંગ એજ્યુકેશન સ્વતંત્ર અને અલગ વિભાગ તરીકે શરૂ કરવું જોઈએ કે જેનાં નીચે મુજબનાં બે કાર્યક્ષેત્ર રહેશે :

(૧) ગુજરાત યુનિવર્સિટીએ કન્ટિન્યુઈંગ એજ્યુકેશનના અભ્યાસક્રમો ચલાવવા કે જેમાં વિવિધ જરૂરિયાતો પ્રમાણે યુનિવર્સિટીના વિવિધ વિભાગોના સહયોગ લઈ જેમને આગળ અભ્યાસ કરવો હોય તેમને માટે સુવિધાઓ કરી આપવી અથવા તે પ્રમાણેના અભ્યાસક્રમો યુનિવર્સિટીએ પોતે અલગ ચલાવવા.

(૨) કન્ટિન્યુઇંગ એજ્યુકેશન અથવા An Andragogyનોમાં બે વર્ષનો એમ.એ. કક્ષાનો અભ્યાસક્રમ શરૂ કરી કન્ટિન્યુઇંગ એજ્યુકેશનના કાર્યકર્તાઓને તાલીમ આપી તૈયાર કરવા જેથી ગુજરાતના વિવિધ ભાગોમાં આવા તાલીમ પામેલા કાર્યકર્તાઓ કન્ટિન્યુઇંગ એજ્યુકેશનનાં કેન્દ્રો ચલાવી શકે.

આ વિભાગ યુનિવર્સિટીના શિક્ષક કે અન્ય કોઈ વિભાગના પેટાવિભાગ તરીકે નહીં પણ સ્વતંત્ર અલગ અસ્તિત્વ ધરાવતો વિભાગ હોવો જોઈએ, અને તેનું સંચાલન શરૂઆતથી જ ઓછામાં ઓછી રીડરની લાયકાત ધરાવતા નિષ્ણાતને સોંપવું જોઈએ.

જ્યારે કન્ટિન્યુઇંગ એજ્યુકેશનનો બે વર્ષનો એમ.એ. કક્ષાનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવે ત્યારે રીડર ઉપરાંત બે વ્યાખ્યાતાઓની નિમણૂક પણ કરવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે કન્ટિન્યુઇંગ એજ્યુકેશન અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજના હેઠળ યુનિવર્સિટીનું કોઈ પણ વિદ્યાભવન કે યુનિવર્સિટીની કોઈ સંલગ્ન કૉલેજ કાર્ય કરવા ઇચ્છે તો તે અંગે પ્રસ્તાવો તૈયાર કરીને યુનિવર્સિટીને મોકલી શકે છે, તે જોતાં સદરહુ ભલામણોની નોંધ લેવી અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનો અને સંલગ્ન કૉલેજોને ઘટતો પરિપત્ર મોકલવો.

તે પછી બાબત નં. ૭, ૯, ૧૬, ૧૮ અને ૧૯ની વિચારણા સાથે કરવામાં આવી.

૭. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૧૪/૧૧—૯—૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"વિનયન વિદ્યાશાખામાં દરેક કક્ષાએ દરેક પ્રશ્નપત્રના ઓછામાં ઓછા ચાર તાસ નિબંધના પ્રશ્નપત્ર સહિત અને તે ઉપરાંત દરેક પ્રશ્નપત્ર માટે દરેક બૅચ દીઠ ૧ ટ્યુટોરિયલ રાખવા ભલામણ છે. ટ્યુટોરિયલની બૅચમાં વિદ્યાર્થી-સંખ્યામાં ઘટાડો કરવામાં આવે તેવી પણ આ સભાની ભલામણ છે."

૯. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૧૪/૧૧—૯—૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"વિનયન વિદ્યાશાખાની દરેક કૉલેજમાં ઓછામાં ઓછા ૪ મુખ્ય વિષયો અને તે સિવાયના બીજા બે ગૌણ વિષયો શીખવાની જોગવાઈ હોવી જોઈએ. જે મુખ્ય વિષય શીખવાય તે ગૌણ વિષય તરીકે પણ લેવાની છૂટ જે તે કૉલેજે આપવી. તેથી દરેક કૉલેજમાં ઓછામાં ઓછા છ ગૌણ વિષયો શીખવવાની જોગવાઈ કરવા ભલામણ કરવામાં આવે છે."

૧૬. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૧૪/૧૧—૯—૧૯૭૭ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"લંબાણ ચર્ચાવિચારણાને અંતે ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમના માળખા અંગે નીચે પ્રમાણે નિર્ણયો કરવામાં આવ્યા :

૧. ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમમાં ૨૧ પ્રશ્નપત્રોનું માળખું રાખવું. (એફ.વાય.માં ૭, એસ.વાય.માં ૭ અને ટી.વાય.માં ૭)

૨. એફ.વાય., એસ.વાય. અને ટી.વાય. કક્ષાએ અંગ્રેજી ફરજિયાત વિષય તરીકે ચાલુ રાખવું.

૩. ફર્સ્ટ બી.એ. કક્ષાએ હાલ છે તે પ્રમાણે પ્રશિષ્ટ ભાષાનું પ્રશ્નપત્ર ફરજિયાત રાખવું તેમ ઠરાવવામાં આવ્યું.

૪. ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમનું પહેલા, બીજા અને ત્રીજા વર્ષનાં પ્રશ્નપત્રોનું માળખું આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા ભલામણ કરવામાં આવે છે."

૧૮. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૦–૯–૧૯૭૭ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે હાયર સેકન્ડરીના સંદર્ભમાં નવા ત્રિવાર્ષિક અભ્યાસક્રમ માટે અભ્યાસક્રમનું માળખું નીચે મુજબ સૂચવવામાં આવે છે :

૧. ફર્સ્ટ ઇયર અને સેકન્ડ ઇયર બી.એસસી. માટે અંગ્રેજી ઉપરાંત વિજ્ઞાનના ગમે તે ત્રણ વિષયો રાખવા. વિજ્ઞાનના પ્રત્યેક વિષયનાં બે પેપર્સ અને બે પ્રેક્ટિકલ્સની જોગવાઈ રાખવી. પ્રત્યેક પેપર ૧૦૦ માર્ક્સનું (૭૦ એક્સ્ટર્નલ + ૩૦ ઇન્ટર્નલ) રાખવું. વિષય દીઠ ૧૦૦ માર્ક્સના (૭૦+૩૦) પ્રેક્ટિકલ્સ રાખવા.

૨. ટી.વાય. બી.એસસી.માં અંગ્રેજી સાથે વિજ્ઞાનનો એક વિષય રાખવો, જેમાં કુલ પેપર્સ છ હશે અને જેમાં છઠ્ઠું પેપર 'ઇન્ટરડિસિપ્લિનરી' પ્રકારનું રાખવું. પ્રત્યેક પેપર દીઠ ચાર તાસ અઠવાડિયાના, ચાર પ્રેક્ટિકલ્સ (પ્રત્યેક પ્રેક્ટિકલ ચાર તાસનો) અને ત્રણ તાસ ટ્યૂટોરિયલના રાખવા.

પ્રત્યેક પેપર ૧૦૦ માર્કસનું (૭૦ + ૩૦) અને પ્રેક્ટિકલ્સ ૩૦૦ માર્કસ (૭૦ ટકા + ૩૦ટકા)ના રાખવા.

(**નોંધ.**—ગણિત વિષય માટે પ્રત્યેક પેપરના ૪ + ૧ તાસ રાખવા ભલામણ કરવી.)

વધુમાં આ સભા ભલામણ કરે છે કે સારા શિક્ષણ માટે ઉપરની પ્રથા અપનાવવી. આ અંગે આર્થિક બોજ વધે તે માટે ગ્રાન્ટ માટે યોગ્ય રજૂઆત કરવી."

૧૯. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૦–૯–૧૯૭૭ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"(અ) આથી ઠરાવવામાં આવે છે કીટાણુવિજ્ઞાનના વિષયમાં પ્રાયોગિક કાર્ય માટે એક બૅચમાં વિદ્યાર્થીઓની સંખ્યા નીચે પ્રમાણે રાખવા ભલામણ કરવી :

એફ.વાય. બી.એસસી.	૩૦
એસ.વાય. બી.એસસી.	૨૧
ટી.વાય. બી.એસસી.	૨૦

વધુમાં આ સભા ભલામણ કરે છે કે સારા શિક્ષણ માટે ઉપરની પ્રથા અપનાવવી. આ અંગે આર્થિક બોજ વધે છે તે માટે ગ્રાન્ટ માટે યોગ્ય રજૂઆત કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે બોટાની–ઝૂલોજી અને માઇક્રોબાયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે એક બૅચમાં વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ રાખવા ભલામણ કરવી :

	બોટાની અને ઝૂલોજી	માઇક્રોબાયોલોજી
એફ.વાય. બી.એસસી.	૨૦	૧૧
એસ.વાય. બી.એસસી.	૨૦	૧૧
ટી.વાય. બી.એસસી.	૧૦	૨૦

બીજા વિષયો માટે હાલની પ્રથા ચાલુ રાખવી.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે એફ.વાય. બી.એસસી. પરીક્ષા માટે ૨૪ વિદ્યાર્થીઓની બૅચ અને તે માટે બે પરીક્ષકો લેવા જરૂરી છે તેમ જ ૩½ કલાકનો સમય ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર માટે રાખવો અને ૪ કલાકનો સમય જીવવિજ્ઞાન માટે રાખવો."

તે પછી ઠરાવવામાં આવ્યું કે વિનયન અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓમાં પૂર્વસ્નાતક કક્ષાએ અભ્યાસક્રમનાં સૂચિત સુધારેલાં માળખાંઓ મંજૂર કરવા અને તે માળખા મુજબ જે તે વિષયોની અભ્યાસસમિતિઓને, નવી તરાહમાં હાયર સેકન્ડરી પરીક્ષાના અનુસંધાનમાં સંયોજિત થાય તે રીતે સુધારેલા અભ્યાસક્રમો જૂન ૧૯૭૮થી અમલમાં આવે તે પ્રમાણે ઘડીને પોતાના પ્રસ્તાવો તૈયાર કરવા માટે જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં પૂર્વસ્નાતક કક્ષાએ શિક્ષણનાં ધોરણો સુધારવા માટેની જરૂરિયાતના સંદર્ભમાં કૉલેજોમાં શિક્ષણકાર્યનો ઓછામાં ઓછો બોજ અને ખર્ચ કેટલો વધે અને શા માટે વધે તેની સમજૂતી અને અંદાજ સાથે પોતાનો સુચિંતિત અને વિસ્તૃત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષ
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ
૩. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષ
૪. આચાર્ય એસ. આર. ભટ્ટ
૫. શ્રી. કે. એસ. શાસ્ત્રી

(વિનયન વિદ્યાશાખામાં પ્રશ્નપત્રોના સુધારેલા માળખાની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૮. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૧૪/૧૧–૯–૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાન વિષયના પ્રાયોગિક કામ માટે દોઢ કલાકના પ્રયોગ દીઠ ૪૫ મિનિટનો એક તાસ કાર્યભારની ગણતરી માટે ગણવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઉપર બાબતો નં. ૭, ૯, ૧૬, ૧૮ અને ૧૯ હેઠળ નિમાયેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૯. સદરહુ બાબતની વિચારણા ઉપર બાબત નંબર ૭ સાથે કરવામાં આવેલી નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૧૦. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૧૪/૧૧–૯–૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"વિષયોની પસંદગી અંગે ઑર્ડિ. આર્ટ્સ--૬માં જે બે જૂથ આપવામાં આવ્યાં છે તેને બદલે બધા વિષયો એક જ જૂથમાં મૂકવા અને ઑર્ડિ. આર્ટ્સ--૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારી તેને જૂન ૧૯૭૮થી અમલમાં મૂકવા ભલામણ છે :

O. Arts--6 :

(1) English	(2) Gujarati	(3) Marathi
(4) Hindi	(5) Sindhi	(6) Bengali
(7) French	(8) German	(9) Sanskrit

(10) Prakrit	(11) Pali	(12) Persian
(13) Arabic	(14) Urdu	(15) Avesta-Pahlavi
(16) History	(17) Political Science	(18) Economics
(19) Sociology	(20) Philosophy	(21) Psychology
(22) Indian Culture	(23) Mathematics	(24) Humanities
(25) Geography	(26) Statistics	(27) Home Science
(28) Islamic Culture (as a subordinate sub. only)	(29) Statistical Methods (as a subordinate sub. only)	(30) Co-Operation (as a subordinate sub. only)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા અને ઑડિ. આર્ટ્સ-૬ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા અને તેનો જૂન ૧૯૭૮થી અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૧. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૧૪/૧૧–૯–૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એમ.એ.ની પરીક્ષા એક વખત ભાષાના વિષયો સાથે પસાર કરનાર વિદ્યાર્થી તેણે રાખેલ ગૌણ વિષયને મુખ્ય વિષય તરીકે રાખી ફરીથી એમ.એ.ની પરીક્ષામાં બેસવા માંગે તો તેમને તે અંગેની પરવાનગી આપવી તેમ બહુમતે ઠરાવવામાં આવ્યું."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને કાયદાની વિદ્યાશાખાઓમાં અનુસ્નાતક કક્ષાએ સદરહુ ભલામણનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો અને તેની વિગતો તૈયાર કરવા માટે એ ચારેય વિદ્યાશાખા-ઓના અધ્યક્ષોની બનેલી સમિતિ નીમવી.

૧૨. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૧૪/૧૧–૯–૧૯૭૭ની સભાએ મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની નીચેની ભલામણ મંજૂર કરવા ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આ સભા સર્વાનુમતે ઠરાવે છે કે ૧૯૭૮ના તૃતીય વર્ષ બીએ.ની પરીક્ષા માટે આમલો બને તે રીતે પ્રાયોગિક કાર્યની પરીક્ષા માટે બે ને બદલે એક પ્રયોગ કરાવવાનો રાખવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ વિષયની પ્રાયોગિક કાર્યની પરીક્ષા માટે માણસો રોકવાની તથા તેમને પુરસ્કાર આપવા માટેનાં જે તદર્થ (એડહૉક) ધોરણો અમલમાં મૂકવામાં આવેલાં છે તે અંગે વિચારણા કરીને કાયમી ધોરણે અમલમાં મૂકવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૧૪/૧૧--૯--૧૯૭૭ની સભામાં ઈતિહાસની અભ્યાસસમિતિની નીચેની ભલામણ મંજૂર કરવા ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બીજા વર્ષ બી.એ.ના ઈતિહાસના પ્રશ્નપત્ર ૩, ૪ અને ૫નો અભ્યાસક્રમ ચાલુ શૈક્ષણિક વર્ષ (૧૯૭૭--૭૮) માટે કોઈ ફેરફાર નહીં કરતાં એટલે કે ૧૯૬૦ સુધીનો અભ્યાસક્રમ નહીં રાખતાં ૧૯૫૦ સુધીનો અભ્યાસક્રમ હાલ છે તે મુજબ જ રાખવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૪. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૧૪/૧૧--૯--૧૯૭૭ની સભામાં તથા વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૧૦--૯--૧૯૭૭ની સભામાં અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિની નીચેની ભલામણ સ્વીકારવા યુનિવર્સિટીનાં સત્તામંડળોને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"કોઈ એક વિદ્યાશાખાના વિષયમાં માસ્ટર્સ પદવી ધરાવતા કુશળ વિદ્યાર્થીને તેના વિષય જોડે સાંનિધ્ય ધરાવતા અન્ય વિષય (ગમે તે વિદ્યાશાખાના) સાથે માસ્ટર્સ પદવીમાં અભ્યાસ કરવા શક્તિમાન બનાવવા જોઈએ તેમ આ અભ્યાસસમિતિ માને છે. આ ખ્યાલને મૂર્ત સ્વરૂપ આપવા માટે આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે કે એમ.કોમ. (બીજા વર્ગ) અને એમ.એસસી. (ગણિત) અને એમ.એસસી. (આંકડાશાસ્ત્ર), એમ.એસસી. (એગ્રિકલ્ચરલ ઈકોનોમિક્સ) બીજા વર્ગ સાથે પસાર કરનારને એમ.એ. અર્થશાસ્ત્રમાં સીધો પ્રવેશ આપવાની આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે. સાથે સાથે આ અભ્યાસસમિતિ યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને ભલામણ કરે છે કે આ બાબતમાં યોગ્ય વિચારણા કરે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે તે શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૧૫. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૧૪/૧૧--૯--૧૯૭૭ની સભામાં ત્રીજા વર્ષ બી.એ.ના ઈતિહાસના Paper VII Constitutional History of India (From 1858 to 1950)ના વિકલ્પમાં (*ii*) Elements of Historical Methodsનો નીચે મુજબનો અભ્યાસક્રમ મંજૂર કરી તેને જૂન ૧૯૭૮થી અમલમાં મૂકવાની ઈતિહાસની અભ્યાસસમિતિની તા. ૨--૯--૧૯૭૭ની સભાની ભલામણ મંજૂર કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

Paper VII T.Y.B.A.—History

or

(*ii*) Elements of Historical Methods

(In force from June 1978)

Topics

1. Meaning and definitions of History
2. Philosophy of History
3. Types of History
4. History as a Science
5. Auxiliary Sciences of History

6. Sources of History and their classification
7. Determining the authenticity and credibility of a document
8. Characteristics of a competent historian and his pitfals
9. Foot-notes—their uses and abuses
10. Historical dissertation—Selection of a topic and development of a theme.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૭ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૧૭. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૦–૯–૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે 'ઇલેકટ્રોનિકસ અને રેડિયો ફિઝિકસનો ડિપ્લોમા' અભ્યાસક્રમ સ્થાપવા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખામાં ઇલેકટ્રોનિકસ અને રેડિયો ફિઝિકસનો એક વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૮. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૭ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૧૯. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૭ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૨૦. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૦–૯–૧૯૭૭ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે કોમ્પ્યુટર સાયન્સનો માસ્ટર્સ ડિગ્રી કોર્સ અને તેના પ્રવેશનાં ધોરણો આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવી નહીં.

૨૧. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૦–૯–૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી વિષયની ત્રીજા વર્ષ બી.એસસી.ની પ્રેકિટકલની સ્કીમ પ્રોફોર્મા સહિતની આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઉપર બાબત નં. ૭, ૯, ૧૬, ૧૮ અને ૧૯ હેઠળ નિમાયેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૨. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૦–૯–૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે 'પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન સ્પેસ સાયન્સ એન્ડ સેર એપ્લિકેશન'ની વિગતો તથા પ્રવેશનાં ધોરણો આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૩. તબીબી વિદ્યાશાખાની તા. ૭–૧૧–૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે પહેલી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં ચાર વખત બેસીને નાપાસ થનારા વિદ્યાર્થીઓ ફરીથી તે પરીક્ષા આપી શકે નહીં તેવી જોગવાઈ ઑર્ડિ. એમ.બી.,બી.એસ.–૯માં છે તે રદ કરવા અને તે માટે સદરહુ ઑર્ડિનન્સ નીચે મુજબ સુધારી તેને તાત્કાલિક અમલમાં મૂકવા ભલામણ કરવી :

O. M.B.,B.S.–9:

Failure to pass the examination will not debar candidates from appearing at any subsequent examination on the submission of a new application, the payment of a fresh fee and the production of certificate showing that they have during the interval between the declaration of their failure and subsequent reappearance at the examination pursued a further course of study in the subjects of the examination to the satisfaction of the Head of a Medical college recognised by the University.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. એમ.બી.,બી.એસ.–૯ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિકસુચિવ કાઉન્સિલને ભલામણ કરવી :

O. M.B.,B.S.–9 :

Failure to pass the examination will not debar candidates from appearing at any subsequent examination on the submission of a new application, the payment of a fresh fee and the production of a certificate showing that they have during the interval between the declaration of their failure and subsequent reappearance at the examination pursued a further course of study in the subjects of the examination for at least one term to the satisfaction of the Head of a Medical College affiliated to the University.

૨૪. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૪–૭–૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"It is resolved that the Semester of the Old Five-year integrated course be considered equivalent to the respective Semesters of the New Four-year Degree Course for the purposes of admission to New Course as under :

Semester of Old Five-year Degree Course	*Equivalent Semester of New Four-year Degree Course*
III	I
IV	II
V	III
VI	IV
VII	V
VIII	VI
IX	VII
X	VIII

Students who become eligible for admission to any of the Semesters not being conducted at the College, they will be eligible for admission to the equivalent Semester of the New Course, once a student is admitted to the new course, he will not be entitled to re-admission to the Old Course."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૫. વાણિજ્ય વિદ્યાશાખાના શિક્ષકોના ગુણાંક ગણવાના ધોરણ અંગે ક્રૉ. આર. એમ. શાહ તરફથી આવેલ નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"વાણિજ્ય વિદ્યાશાખામાં એમ.કૉમ. થયેલા તેમ જ આઈ.સી.ડબલ્યુ.એ. પાસ થયેલા કૉલેજમાં પૂરા સમય માટેના વ્યાખ્યાતા કે પ્રાધ્યાપક હોય તેમને જો પાંચ વર્ષથી વધુ સમયનો વ્યાખ્યાતા કે પ્રાધ્યાપક તરીકેનો શૈક્ષણિક અનુભવ થયો હોય તો તેઓને બી.કૉમ. અને એમ.કૉમ. ડિગ્રીના જે ગુણાંક આપવામાં આવે છે તે ઉપરાંત આઈ.સી.ડબલ્યુ.એ.ની પાસ કરેલી પરીક્ષાના બીજા વર્ષારના ૬૦ ક્રેડિટ ગુણ આપવાના રાખવા જોઈએ. આનો અમલ ૧૯૭૮માં લેવાનારી યુનિવર્સિટી પરીક્ષાઓથી શરૂ કરવો જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વાણિજ્ય વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૨૬. કૉમ્પ્યુટર સાયન્સની સમિતિએ તેની તા. ૩૧–૮–૧૯૭૭ની સભામાં તૈયાર કરેલ એક વર્ષનો 'પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન કૉમ્પ્યુટર સાયન્સ'ના અભ્યાસક્રમ અંગેના ઑર્ડિનન્સ–રેગ્યુલેશનો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉમ્પ્યુટર સાયન્સના અનુસ્નાતક ડિપ્લોમાના અભ્યાસક્રમ અંગેના સદરહુ ઑર્ડિનન્સો તથા રેગ્યુલેશનો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા ઑર્ડિ. ડી.એસસી. ૧, ઑર્ડિ. ડી.એસસી. ૨ તથા રેગ્યુ. ડી.એસસી. ૧, રેગ્યુ. ડી.એસસી. ૨, રેગ્યુ. ડી.એસસી. ૩, રેગ્યુ. ડી.એસસી. ૪, રેગ્યુ. ડી.એસસી. ૪, રેગ્યુ. ડી.એસસી. ૫, રેગ્યુ. ડી.એસસી ૬ અને રેગ્યુ. ડી.એસસી. ૭ની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૨૭. ઝૂલૉજી વિષયમાં ડી.એસ.એસી.સી. પદવી માટે સંશોધનપત્રો રજૂ કરનાર નીચે જણાવેલ બે વિદ્યાર્થીઓના સંશોધન પેપરો પર અભિપ્રાય મેળવવા જે રેફરીઓનાં નામોની ભલામણ કરવામાં આવેલી તે પૈકી અત્યારે એક જ નામ રેફરીઓની યાદીમાં બાકી રહેલ હોઈ વધુ પરીક્ષકોના નામો અંગેની ઝૂલૉજીની અભ્યાસસમિતિની તા. ૧૯–૧૦–૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે ડૉ. (મિસ) એન. જે. ચિનોયની ડી.એસ.સી. પદવી માટે રજૂ કરેલ તેમના રિસર્ચ પબ્લિશ્ડ પેપર તપાસવા માટે નીચે પ્રમાણે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

Name of the Students :

1. Dr. Miss N. J. Chinoy

External referees

1. Prof. Averi Tombes,
   George Mason University,
   Department of Biology,
   4400, University Drive,
   Faurfax, Virginia—22030, U.S.A.

2. Prof. Bruce R. Carleson,
Department of Anatomy,
Medical Science Building,
University of Michigan,
Ann. Arbor, Michigan–48104, U.S.A.

3. Prof. F. Newmann,
Research Laboratories of Schering A.G.
Department of Endocrine–Pharmacology,
D-l-Berlin–65,
Post Fach–650311,
West Germany.

4. Prof. M. R. N. Prasad,
Consultant, Human Reproduction Unit,
World Health Organisation,
1211, Geneva 27, Switzerland.

5. Prof. Emilsteinberger,
Department of Reproductive Biology,
Endocrinology, University of Texas,
Medical School at Houstan,
6400, West Cullen,
Houston, Texas–77025, U.S.A.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એ. બી. વ્યાસના ડી.એસ.સી. પદવી માટે તેમણે રજૂ કરેલ રિસર્ચ પબ્લિશ્ડ પેપર તપાસવા નીચે જણાવેલ રેફરીઓની કમાનુવર્તી નિમણૂક કરવી :

Name of the Student

2. Dr. A. B. Vyas

External referees

1. Prof. M. J. Mitchell,
Department of Forest Zoology,
College of Environmental Sciences and Forestry,
State University of New York,
Syracuse New York–13210, U.S.A.

2. Prof. H. L. Stahnke,
Director Poisonous Amils Laboratory Tempe,
Ami Arizona, U.S.A.

3. Prof. J. Phillipson,
   Animal Ecology Research Group,
   University of Oxford, England, U.K.
4. Prof. R. Wilgert,
   Department of Zoology,
   University of Georgia, Athens,
   30602, Georgia.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૮. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટીઓના તથા સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણ અંગેના રાજ્ય સરકારના તા. ૨૩–૧૧–૧૯૭૬ના સરકારી ઠરાવ પરથી ઊભા થતા પ્રશ્નો અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭–૨–૧૯૭૭ની સભામાં નીમેલી સમિતિની તા. ૩૦–૮–૧૯૭૭ની સભાની સદરહુ સરકારી ઠરાવની કંડિકા ૬ અને ૧૫ પરની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(ક) સરકારી ઠરાવની કંડિકા ક્રમાંક–૬ :

"The period of probation of a teacher shall in no case be more than 24 months. The Executive Council / Governing Body of the College may for reasons to be recorded. Waive the conditions of probation. The Executive Council / Governing Body shall have the right to assess suitability of a teacher for confirmation even before the expiry of the period of 24 months from the date of his/her appointment but not earlier than 9 months from that date. A suitable provision may be made in the Ordinance / Statutes prescribing a Schedule for placing cases regarding confirmation before the appropriate authority well in time before the date of expiry of the probation period."

સમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરકારનું સૂચન મંજૂર કરવું."

(ખ) સરકારી ઠરાવની કંડિકા ક્રમાંક–૧૫ :

"No new recrutment of teachers in any cadre shall ordinarily be made by the University/College from 1st March, 1976 without the prior approval of the University/State Government."

સમિતિની ભલામણ

"આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સેન કમિશનનાં પગારધોરણો અંગે ક્રમશ: નિયમો અને યુનિવર્સિટીની સ્વીકૃતિ મેળવતાં અને પછી સંલગ્ન કૉલેજોમાં યથાસમયે જાણ કરવામાં જે અનિવાર્ય વિલંબ થયો છે તે ધ્યાનમાં લેતાં તા. ૧–૩–૧૯૭૬ પછી થયેલ નિમણૂકોને પશ્ચાદ્‌વર્તી માન્યતા આપવી અને અનુદાનને યોગ્ય લેખવી.

સ્થાનિક જરૂરિયાત માટે ટૂંકા ગાળાની અને કામચલાઉ નિમણૂક કરવાની સંસ્થાને સુવિધા આપવી અને તેને અનુદાન પાત્ર ગણવી એમ ભલામણ કરવામાં આવે છે. આવી નિમણૂક એક સમયથી વધુ સમય માટે કરી શકાશે નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શિક્ષકોની નિમણૂક, વેતનો, સેવાના નિયમો ઇત્યાદિ બાબતોને સમાવી લેતા ઑર્ડિનન્સો ઘડવાની આ સમિતિ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓ માટે વાજબી અનુદાન મળી રહે તે હેતુથી યુનિવર્સિટીમાં આ અનુદાનો અંગે એક કાયમી વિભાગ રાખવામાં આવે અને પ્રત્યેક કૉલેજને અનુદાન પ્રાપ્ત કરવામાં આ વિભાગ સહાયભૂત બને તેવી ભલામણ આ સમિતિ એકેડેમિક કાઉન્સિલને કરે છે."

(ક) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

(ખ) આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સ્થાનિક જરૂરિયાત માટે એક વર્ષના ટૂંકા ગાળાની અને કામચલાઉ નિમણૂક કરવાની સંલગ્ન કૉલેજોને સુવિધા આપવી અને તેને અનુદાનને પાત્ર ગણવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૨) શિક્ષકોની નિમણૂક, વેતનો, સેવાના નિયમો, ઇત્યાદિ બાબતોને સમાવી લેતા ઑર્ડિનન્સોના મુસદ્દો ઘડવો.

(૩) કૉલેજોના આર્થિક પ્રશ્નો (ગ્રાન્ટ સહિતના) અંગ રાજ્ય સરકાર પાસે જરૂર પ્રમાણે વખતોવખત રજૂઆત કરવા માટે એક સ્થાયી સમિતિ રચવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી અને તે સમિતિ રચાયેથી સદરહુ બાબત તે સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૯. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણો અંગેના રાજ્ય સરકારના તા. ૨૩--૧૧--૧૯૭૫ના સરકારી ઠરાવ પરથી ઊભા થતા પ્રશ્નો અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩--૨--૧૯૭૭ની સભામાં નીમેલ સમિતિની તા. ૨૩--૧૧--૧૯૭૭ની સભાએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૨૦--એ માં જરૂરી સુધારા થયેલ હોઈ શિક્ષણની કૉલેજોમાં પ્રાધ્યાપક, વ્યાખ્યાતા તથા ટ્યૂટરનું પ્રમાણ ૨ : ૫ : ૩ની જોગવાઈ હવે અમલમાં રહેતી નથી. પરંતુ ટ્યૂટર અને વ્યાખ્યાતાના લઘુતમ કાર્યભારમાં કોઈ તફાવત ન હોઈ શિક્ષણની કૉલેજોમાં ટ્યૂટરની જગ્યાઓ—વ્યાખ્યાતાઓમાં ફેરવવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવાનું કે સમાજવિદ્યા ભવનના લેબર વેલ્ફેરમાં ફીલ્ડવર્ક આસિસ્ટન્ટ"ની જગ્યામાં કાર્યના પ્રકાર તથા શૈક્ષણિક લાયકાતનું ધોરણ જોતાં આ જગ્યાને ડેમોન્સ્ટ્રેટરની ગણવી અને તા. ૨૩--૧૧--૧૯૭૬ના સરકારી ઠરાવના સદર્ભમાં વિજ્ઞાન વિદ્યાભવનમાં ડેમોન્સ્ટ્રેટરના પદ અંગેના "conversion"ની જોગવાઈ જોતાં આ બાબતમાં આ પદને વ્યાખ્યાતામાં ફેરવવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

[નોંધ.--રાજ્ય સરકારના તા. ૨૩--૧૧--૧૯૭૬ના સરકારી ઠરાવ ક્રમાંક એમઆઈએસ/૧૦૭૫/૪૯૪૩/અ માં ક્રમાંક (૧૩)માં ટ્યૂટરની જગાને વ્યાખ્યાતાની જગામાં ફેરવવા અંગે નીચે પ્રમાણે જોગવાઈ છે :

(13) While the revised scale of Rs. 500–900 is given for the Demonstrators/ Tutors no new posts of Demonstrators/Tutors shall be created hereafter, and no new Demonstrators / Tutors will be appointed on any vacancy arising hereafter in the existing posts of Tutors and Demonstrators. Simultaneously it will be seen that gradually, over a period of years, as and when vacancies occur, the posts of Demonstrators/Tutors are converted into those of Lecturers after taking a review of the work-load and the need for such coversion, provided sufficient number of duly qualified persons are available to fill up these posts. The University concerned shall take up such a review with regard to the affiliated colleges and make a proposal to the Government for its approval before such conversion is done.

ઉપર જણાવેલ કંડિકા (૧૩)માં નિર્દિષ્ટ પ્રસ્તાવ રાજ્ય સરકાર સમક્ષ મૂકવાનું કામ આ સમિતિની વિચારણા હેઠળ છે.

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણશાસ્ત્રની કૉલેજોમાં કામ કરતા ટ્યૂટરો જો અને જ્યારે લેક્ચરર તરીકેની ન્યૂનતમ પાત્રતા ધરાવે તો અને ત્યારે તેમની જગ્યાઓ લેક્ચરરની જગ્યામાં ફેરવવાની મંજૂરી આપવાની બાબતમાં રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના લેબર વેલફેર વિભાગમાં ફીલ્ડવર્ક આસિસ્ટન્ટની જગ્યા અંગેની ઉપરની ભલામણ સ્વીકારવા માટે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૦. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજ શિક્ષકોના સુધારેલ પગારધોરણના સંદર્ભમાં રાજ્ય સરકારના તા. ૨૩--૧૧--૧૯૭૬ના સરકારી ઠરાવ પરથી ઊભા થતા પ્રશ્નો અંગે એકેડેમિક કાઉન્સિલે નિયુકત કરેલ સમિતિએ તેની તા. ૧૯--૯--૧૯૭૭ની સભામાં કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની તા. ૧૯--૯--૧૯૭૭ની સભાની ભલામણો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સદરહુ સમિતિની ભલામણ નં. ૩ સ્વીકારવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૨) સદરહુ સમિતિની ભલામણ નં. ૪ ઉપર બાબત નં.૭ હેઠળ નીમવામાં આવેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

(૩) સદરહુ સમિતિની ભલામણ નં. ૧ ઉપર બાબત નં. ૭ હેઠળ નીમવામાં આવેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

(૪) સદરહુ સમિતિની ભલામણ નં. ૬ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

તા. ૨૬–૧૧–૧૯૭૬ના સરકારી ઠરાવની કંડિકા (૭)માં શિક્ષક ૧૫ વર્ષ પૂરાં કરે તે પૂર્વેના મૂલ્યાંકન અંગે નીચે મુજબ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

યુનિવર્સિટીના તથા સંલગ્ન કૉલેજોના જુદી જુદી કક્ષાના શિક્ષકોના આ મૂલ્યાંકન માટે જે તે શિક્ષકના સદરહુ મૂલ્યાંકન માટે નીચે પ્રમાણે સમિતિની રચના કરવામાં આવે :

૧. (અ) (૧) વિભાગના વડા (હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટ)
(૨) શિક્ષણ નિયામકના પ્રતિનિધિ

(બ) વિભાગીય વડાનું મૂલ્યાંકન – (૧) સંસ્થાના વડા અને (૨) શિક્ષણ નિયામકશ્રીના પ્રતિનિધિ

અથવા

૨. (૧) શિક્ષક જે વિષયનું શિક્ષણકાર્ય કરતા હોય તે વિષયના બે તજ્જ્ઞો (તજ્જ્ઞોની યાદી જે તે વિષયની અભ્યાસસમિતિ તૈયાર કરે) જેમાંથી એક તજ્જ્ઞની નિમણૂક યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલ કરે જ્યારે તજ્જ્ઞોની સદરહુ યાદીમાંથી જે શિક્ષકનું મૂલ્યાંકન થનાર છે તેના તરફથી સૂચવાયેલ ત્રણ તજ્જ્ઞો પૈકી એકની નિમણૂક એકિઝકયુટિવ કાઉન્સિલ કરે. જેનું મૂલ્યાંકન કરવાનું છે તે શિક્ષકને ઉપર દર્શાવેલ ૧ અથવા ૨ માંથી કઈ પદ્ધતિ અપનાવવામાં આવે તે પસંદ કરવાનો વિકલ્પ રહેશે. જો ઉપર નં. ૧માં દર્શાવેલ સમિતિનો નિર્ણય પ્રતિકૂળ હોય તો નં. ૨માં દર્શાવેલ સમિતિને અપીલ કરવાનો શિક્ષકને અધિકાર રહેશે.

૩૧. ૧૦+૨+૩ની શિક્ષણની નવી તરાહના સંદર્ભમાં અભ્યાસક્રમના માળખામાં થનાર ફેરફારને લીધે રાજ્ય સરકાર પર વાસ્તવિક (substantia) નાણાકીય બોજો વધે નહિ તે ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમમાં ફેરફાર કરવાનું સૂચવતા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના સંયુકત સચિવના તા. ૮–૯–૧૯૭૭ના પત્રાંક યુ.એસ.જી.–૪૨૭૭/૫૧૯૨૪ કેએચ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઉપર બાબત નં. ૭માં જણાવેલ સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૨. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી અને સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણોના સંદર્ભમાં યુનિવર્સિટી તેમ જ સંલગ્ન કૉલેજોમાં અપનાવાતા તરીકેની નિમણૂક માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૩૧–૧૦–૧૯૭૭ના પત્રાંક એફ. ૧–૧૮/૭૭ (સીપી)થી મોકલેલ શૈક્ષણિક લાયકાતનાં લઘુતમ ધોરણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં અને શિક્ષણ સહિતની વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓમાં લેકચરરની જગ્યા માટેની ઓછામાં ઓછી લાયકાત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલ સદરહુ ધોરણો સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોના પગારધોરણોના સુધારણાના સંદર્ભમાં નવેંબર, ૧૯૭૬ પહેલાં નિમાયેલા શિક્ષકોની શૈક્ષણિક લાયકાત અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને કરેલી સ્પષ્ટતાને અનુલક્ષીને સબંધકર્તા જી.આર.માં જરૂરી સુધારો કરવા માટે રાજ્ય સરકાર સમક્ષ યાદની રજૂઆત કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(મંજૂર કરવામા આવેલાં શૈક્ષણિક લાયકાતનાં લઘુતમ ધોરણોની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૩૩. **એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૦--૮--૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :**

"ગુજરાત યુનિવર્સિટી કાયદાની કલમ ૩૧-એ અનુસાર સ્વીકૃત સંસ્થા તરીકે ઈન્સ્ટિટયૂટ ઑફ કૉ-ઓપરેટિવ મૅનેજમેન્ટ, અમદાવાદની માન્યતા માટેની અરજી પર એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીમેલ તપાસ-સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તપાસસમિતિના હેવાલ સ્વીકારવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૪. **એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૨૦--૮--૧૯૭૭ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :**

"આ યુનિવર્સિટીની સ્વીકૃત સંસ્થા (approved Institution) તરીકે માન્યતા ધરાવતી 'વેધશાળા', અમદાવાદને 'Atmospheric Physics'ના વિષયમાં માન્યતા આપવા બાબતમાં તપાસસમિતિ તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તપાસસમિતિનો હેવાલ સ્વીકારવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૫. **ઑર્ડિ. એમ.એ. (એકસ્ટર્નલ)--૨ નો પ્રોવિઝો (૪) નીચે મુજબ વંચાય તે રીતે સુધાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :**

(4) "Notwithstanding anything contained in the above para of the said clause, candidates who have done a post-graduate diploma course in linguistics of this university or any other statutory University and have passed an examination in that subject be permitted to offer Paper IV-B and Paper VII-C at M.A. Part I and Part II examinations respectively. Such permission be granted only on the production of relevant certificate."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૬. **પ્રી-યુનિવર્સિટી વિનયન પરીક્ષામાં બે વિષયોમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓને ઉપરના વર્ગ માટે સત્રો ભરવાની છૂટ આપવાની જોગવાઈ કરવામાં આવી તેાઈ પ્રી-યુનિવર્સિટી એકસ્ટર્નલ પરીક્ષાના R. Ext. Pre-Arts-4માં તેમની જોગવાઈ કરી તે મુજબ રેગ્યુ. એકસ્ટર્નલ પ્રી-આર્ટ્સ ૪ને નીચે મુજબ સુધાર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :**

R. Ext. Pre-Arts—4 :

A candidate who fails in only two subjects but passes in all the remaining subjects at the Pre-University Arts Examination shall be allowed to keep terms as a regular student or to register as an External candidate for the First B.A. Examination but shall not be declared to have passed the Pre-

Uni. Arts Examination unless he has passed in a previous or the same examination in the remaining subject or subjects. His result for First B.A. examination shall not be declared till he passes the Pre.-Uni. Arts examination.

Provided, however, on his appearing in the examination subject or subjects in which he has failed if he obtains at least the minimum marks required for passing in the subject, notwithstanding his failure to clear all the subjects at the one and the same attempt, he will not be required to re-appear in it.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૭. માર્ચ-એપ્રિલ ૧૯૭૭ની પરીક્ષાથી પ્રથમ વર્ષ બીએ. માટે અમલમાં મૂકવામાં આવેલ પ્રશ્નબૅંકની પદ્ધતિને માર્ચ-એપ્રિલ ૧૯૭૮ની પરીક્ષામાં સેકન્ડ બી.એ. માટે લંબાવવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— એકેડેમિક કાઉન્સિલની સભામાં બાબત નં. ૪૨ પ્રથમ વર્ષ બી.એ.ના વર્ગ માટે પ્રશ્નબૅન્ક પદ્ધતિ દાખલ કરવા અંગે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું છે:

"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રશ્નબૅન્કની પદ્ધતિ પ્રયોગ તરીકે દાખલ કરવામાં આવી રહી છે તેના પરિણામની રાહ જોવી અને હાલ તે પદ્ધતિ અન્ય કોઈ પરીક્ષા કે વિદ્યાશાખામાં વિસ્તારવી નહિ.")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવી.

૩૮. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૮થી બી.એ. (પ્રિન્સિ.)માં ઈતિહાસ તથા બી.એ.(સબો.)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ઈતિહાસ તથા બી.એ.(સબો.)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૮થી તા. ૧૪--૬--૧૯૮૦ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:

(૧) ઈતિહાસના એક વ્યાખ્યાતા

(૨) ભૂગોળના એક વ્યાખ્યાતા

૨. ગ્રંથાલય માટે અત્યારે સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. ગ્રંથાલયમાં ઈતિહાસના વિષયમાં પુસ્તકો ખરીદવા માટે રૂ. ૨,૦૦૦ અને ભૂગોળના વિષયનાં પુસ્તકો ખરીદવા માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિન-શિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૩૯. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૮થી બીએ..(પ્રિન્સિ.)માં ઇતિહાસ અને સમાજશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર, ઇતિહાસ તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૮થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચના આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જાણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકોને તેમજ બિનશિક્ષક-વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારા-ધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૪૦. ભવન્સ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર તરફથી જૂન ૧૯૭૮થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ. (સબો.)માં ઇતિહાસ, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ભવન્સ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડાકોર નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે

તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને સંસ્કૃત; બી.એ. (સબો.)માં ઇતિહાસ, હિન્દી અને અંગ્રેજી; બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને બી.એસસી. (જન.)માં ભૌતિક-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી કાયમી જોડાણ આપવા માટે એકેડેમિક એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૪. પ્રૉવિડંટ ફંડ અંગે સંચાલક મંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૪૧. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા તરફથી જૂન ૧૯૭૮થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર, બી.એ. (સબો.)માં ઇતિહાસ, સંસ્કૃત અને મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા નિમ્નોક્ત અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકેડેમિક એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, સંસ્કૃત અને મનોવિજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી કાયમી જોડાણ આપવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

૧. હિન્દીના બે સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રોવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૪૨. એસ. એસ. મહેતા આર્ટ્સ ઍન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર તરફથી જૂન ૧૯૭૮થી બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન તથા બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એસ. એસ. મહેતા આર્ટ્સ ઍન્ડ એમ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, હિંમતનગર નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન અને બી.એ.(સબો.)માં રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી તા. ૧૪-૬-૧૯૮૧ સુધીનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. મનોવિજ્ઞાન (મુખ્ય) અને રાજ્યનીતિશાસ્ત્ર (ગૌણ)નાં પુસ્તકો અને સામયિકો માટે અનુક્રમે રૂ. ૨,૦૦૦ અને રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રોવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૪૩. શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી તરફથી જૂન ૧૯૭૮થી બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં અર્થશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન ઍકેડેમિક કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્ર, ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૩-૧૯૭૮થી કાયમી જોડાણ આપવા માટે ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા;

(૨) કૉમર્સની વિદ્યાશાખામાં ઑ. ૧૨૦—એ અન્વયે જરૂરી શિક્ષકગણ;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મુકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રોવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૪૪. એમ. બી. કૉલેજ, ઑફ કૉમર્સ ઍન્ડ જી. એમ. આર્ટ્સ કૉલેજ, દહેગામ તરફથી જૂન ૧૯૭૮થી બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ જી. એમ. એન. આર્ટ્સ કૉલેજ, દહેગામ નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન ઍકેડેમિક કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દીના અભ્યાસક્રમો

શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું વધારાનું જોડાણ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂક કરવામાં આવે:
હિન્દીના એક પૂર્ણ સમયના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોની સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. હિન્દી વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓનું પગાર-ધોરણ મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૬. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટીની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

૪૫. ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ એન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ, ઈડર તરફથી જૂન ૧૯૭૮થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ઈડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ એન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ, ઈડર, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૧–૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી ૧૪-૬-૧૯૮૦ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિ. ૧૨૦–એ.ના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધી ની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. અંગ્રેજી વિષયનાં પુસ્તકો પાછળ રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકતી આપવામાં આવે;

૬. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૪૬. શેઠ એમ. એન. કોન્ટ્રાક્ટર કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ તરફથી જૂન ૧૯૭૮થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એમ. એન. કૉન્ટ્રાક્ટર કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧–૧–૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧–૬–૧૯૭૮થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં રૂ. ૧૧,૧૭૮ની ઊણપ રહેલી જણાય છે તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના કાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૪૭. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી તરફથી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી નીચે જણાવેલ શરતોનું પાલન એકેડેમિક કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ફંડમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે, તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

૫. પ્રૉવિડન્ટ ફંડ અંગે સંચાલકમંડળના ફાળા અને ટ્રસ્ટની રચના સહિતનાં યુનિવર્સિટીનાં તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૪૮. વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૮થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટેની કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વૈદ્ય શ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકેડેમિક કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૧-૫-૧૯૭૮ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૮ થી તા. ૧૪-૬-૧૯૭૯ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. કૉલેજના દૃશ્ય-શ્રાવ્ય સાધન વિભાગમાં અને સામયિક વિભાગમાં થોડો ઉમેરો કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૧૫. બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ તરફથી જૂન ૧૯૭૯થી બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૭૯ સુધીમાં કરે તો તેને બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૯થી તા. ૧૪-૬-૧૯૮૧ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :
(૧) રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૨) વ્યાયામ શિક્ષક;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂંકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩ પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વગતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે. "

૧૬. શ્રીમતી એસ. સી. પટેલ ફરતી કૂઈવાળા કૉમર્સ કૉલેજ, ડભોઈ તરફથી જૂન ૧૯૭૯થી બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એસ. સી. પટેલ ફરતી કૂઈવાળા કૉમર્સ કૉલેજ, ડભોઈ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૭૯ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૯ થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં

ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછો રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

૧૭. એચ. કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૯થી બી.કૉમ. (બ્રિન્સિ.)માં એડવાન્સ્ડ સ્ટેટિસ્ટિકસના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એચ કે. કૉમર્સ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૭૯ સુધીમાં કરે તો તેને બી.કૉમ.(બ્રિન્સિ.)માં એડવાન્સ્ડ સ્ટેટિસ્ટિકસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૯થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચના આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨થી 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

૧૮. એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૯થી બી.કૉમ.-(બ્રિન્સિ.)માં એડવાન્સ્ડ સ્ટેટિસ્ટિકસના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૭૯ સુધીમાં કરે

તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ સ્ટેટિસ્ટિકસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૯થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર અપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિન-શિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧-૪-૧૯૭૨થી 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

૧૯. નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૯થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, બૅંકિંગ, આંકડાશાસ્ત્ર અને એક્ચ્યુરિયલ સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૭૯ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, બૅંકિંગ, આંકડાશાસ્ત્ર અને એક્ચ્યુરિયલ સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૯થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૦. શાહ સી. કે. મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, કલોલ તરફથી જૂન ૧૯૭૯થી બી.કૉમ.(પ્રિન્સિ.)માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શાહ સી. કે. મ્યુનિ. કૉમર્સ કૉલેજ, કલોલ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૭૯ સુધીમાં કરે તો તેને બી.કૉમ.(પ્રિન્સિપલ)માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧–૬–૧૯૭૯થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૧. શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ તરફથી જૂન ૧૯૭૯થી બી.કૉમ.(પ્રિન્સિ.)માં બૅન્કિંગ ઍન્ડ ફાઇનાન્સના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૭૯ સુધીમાં કરે તો તેને બી.કૉમ.(પ્રિન્સ.)માં બૅન્કિંગ ઍન્ડ ફાઇનાન્સના અભ્યાસ-ક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૯થી તા. ૧૪–૬–૧૯૮૧ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. બૅન્કિંગ ઍન્ડ ફાઇનાન્સના વિષય માટે વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે અને આ વધારાના વિષયના જોડાણ માટે નવા શિક્ષકોની નિમણૂક કરવાની જરૂર ઊભી થાય તો તે માટે રાજ્ય સરકારની પૂર્વસંમતિ મેળવી તે મળ્યાની યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના

સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. બેન્કિંગ ઍન્ડ ફાઇનાન્સ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જે કાંઈ લેણું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકો તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧-૪-૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૨. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણા તરફથી જૂન ૧૯૭૯થી તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણા નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૭૯ સુધીમાં કરે તો તેને બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના હેવાલને આધીન તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૯થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. રમતગમતો માટે મેદાન તૈયાર કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જે કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧-૪-૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૩. નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૯થી તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત લૉ કૉલેજ, અમદાવાદ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૭૯ સુધીમાં કરે તો તેને બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના રૂલ્સને આધીન તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૯થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચના આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેતી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧-૪-૧૯૭૨ થી 'પ્રોવ્યુડેંટ ફંડ' ઊભું કરવામાં આવે.

૨૪. શેઠ વી. એસ. લૉ કૉલેજ, ઊંઝા તરફથી જૂન ૧૯૭૯થી તૃતીય એલએલબી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ વી. એસ. લૉ કૉલેજ ઊંઝા નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૭૯ સુધીમાં કરે તો તેને બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના રિપોર્ટને આધીન તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૯ થી તા. ૧૪-૬-૧૯૮૧ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :

(૧) એક પૂરા સમયના વ્યાખ્યાતા

(૨) એક વધારાના પાર્ટના ધરાવતા ગ્રન્થપાલ;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચના આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેતી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧-૪-૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૫. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત તરફથી જૂન ૧૯૭૯થી દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી હરાવવામાં આવે છે કે સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકેડેમિક કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૭૯ સુધીમાં કરે તો તેને બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના રિપોર્ટને આધીન દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૯ થી કાયમી જોડાણ તથા તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૯થી તા. ૧૪-૬-૧૯૮૧ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :
તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો માટે આવશ્યક અધ્યાપકો;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૬. શેઠ એમ. એન. લો કૉલેજ, પાટણ તરફથી જૂન ૧૯૭૯થી સેકન્ડ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે તથા તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એમ. એન. લૉ કૉલેજ, પાટણ નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૭૯ સુધીમાં કરે તો તેને બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના રિપોર્ટને આધીન દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૯થી કાયમી જોડાણ તથા તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૭૯થી તા. ૧૪—૬—૧૯૮૧ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :

(૧) તૃતીય એલએલ.બી. માટે જરૂરી અધ્યાપકો,

(૨) દ્વિતીય એલએલ.બી. માટે લેબર લૉઝના એક અધ્યાપક;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે કૉલેજના સ્થાપનાવર્ષથી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૭. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત તરફથી જૂન ૧૯૭૯થી ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૭૯ સુધીમાં કરે તો તેને ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૯થી તા. ૧૪-૬-૧૯૮૦ સુધીનું ચાલુ

જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળ-માંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકો ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨, પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧-૪-૧૯૭૨થી 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૮. કેનેડાની ઑન્ટેરીઓ ઇન્સ્ટિટ્યૂટ ફૉર સ્ટડીઝ ઇન એજ્યુકેશન સંસ્થાના હેવાલને અનુલક્ષીને યુનિવર્સિટીમાં શિક્ષણ, સંશોધન અને વિદ્યાવિસ્તારનો પંચવર્ષીય કયાસ કઢાવવા કોઈ યોજના ઘડવાનું સૂચવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૧-૧૦-૧૯૭૮ના ડી. ઓ. પત્રાંક એફ. ૧-૮૧-૭૮ (સી.પી.) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૯. સંલગ્ન કૉલેજોના અધ્યાપકોને એમ.ફિલ.ની પરીક્ષા પાસ કરવાનું ફરજિયાત છે, તેને બદલે ૧૦ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોને એમ.ફિલ.ની પરીક્ષા પાસ કરવાનું ફરજિયાત બનાવવું નહિ તે અંગેની વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૯-૭-૧૯૭૭ની સભાની ભલામણ પર એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૧૮-૮-૧૯૭૭ની સભામાં કરેલ ભલામણ મુજબ રાજ્ય સરકારને લખતાં રાજ્ય સરકારે પૂરતાં સમર્થન અને પ્રતીતિકર કારણો માંગેલ છે તે પર ફૅકલ્ટીના ડીનશ્રીના સૂચન મુજબ રાજ્ય સરકારના તા. ૮-૨-૧૯૭૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ વાણિજ્ય વિદ્યાશાખાની વિચારણા માટે હોઈ તેની ભલામણોની રાહ જોવી.

૩૦. એકૅડેમિક કાઉન્સિલની તા. ૧૮-૭-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨-૯-૧૯૭૮ની સભામાં મંજૂર રાખી હતી તે પરથી ઑર્ડિ. ૬૫-એલ સુધારવાના પ્રસ્તાવ પર એકિઝકયુટિવ કાઉન્સિલે તેની

તા. ૧૧/૧૮-૧૧-૧૯૭૮ની સભામાં કરેલ નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પ્રોફેસરોને પીએચ.ડી.ના વિદ્યાર્થીઓના સંશોધનકાર્ય માટે માર્ગદર્શક શિક્ષકો તરીકે માન્ય ગણવાનું રાખવું, પરંતુ રીડરોને તેઓ માન્યતા માટેની નિયત કરવામાં આવેલી ઓછામાં ઓછી લાયકાત ધરાવતા હોય તો જ સ્વીકારવું."

એક્ઝિક્યુટિવ કાઉન્સિલનો ઠરાવ

"યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં પ્રાધ્યાપકોની નિમણૂક અંગે ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધોરણો સદરહુ ભલામણ સાથે સુસંગત થાય તે રીતે સુધારવા માટેના સૂચન સાથે સદરહુ બાબત ઍકૅડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે પાછી મોકલવી."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં નિમાતા પ્રોફેસરોની નિમણૂક માટે લાયકાતનું ધોરણ પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક તરીકેની સાથે, રીડરની નિમણૂક માટે લાયકાત અંગેનું ઓછામાં ઓછું ધોરણ માન્ય અનુસ્નાતક શિક્ષકની માન્યતા સાથે અને લેક્ચરરની નિમણૂક માટે લાયકાત અંગેનું ઓછામાં ઓછું ધોરણ મદદનીશ અનુસ્નાતક શિક્ષકની માન્યતા માટેના ધોરણ સાથે સુસંગત થાય તે રીતે તે બાબત અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં જરૂરી સુધારાવધારા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે મુજબ સમિતિ નીમવી :

૧. કુલપતિશ્રી;
૨. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી;
૩. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી;
૪. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી.

વધુમાં આ સમિતિ પર બીજા બે સભ્યો નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૧. ડૉ. એ. બી. વ્યાસે "પ્રાણીવિજ્ઞાન"ના વિષયમાં ડી.એસસી. પદવી માટે રજૂ કરેલાં પ્રકાશિત સંશોધન કાર્યો પર ત્રણ પરીક્ષકો તરફથી આવેલા હેવાલ પર વિચારણા કરવા તથા ઑર્ડિ. ૩૩૮ અન્વયે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવા બાબત.

[**નોંધ.**— ઉપરોક્ત ત્રણ પરીક્ષકો પૈકી ઇંગ્લૅન્ડના એક પરીક્ષક ડૉ. ફિલિપ્સને સંશોધન પેપરો ડી.એસસી. પદવી માટે સ્વીકાર્ય નથી તેમ જણાવેલ છે, જ્યારે બાકીના બન્ને પરીક્ષકોએ તે પેપર્સ સ્વીકાર્ય હોવાનું જણાવેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એ. બી. વ્યાસને સદરહુ પ્રકાશિત સંશોધનકાર્યોને આધારે પ્રાણીવિજ્ઞાનના વિષયમાં ડી.એસસી. પદવી માટે પાત્ર ગણી શકાય નહીં એમ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૨. સંલગ્ન વિનયન કૉલેજોમાં પ્રશિષ્ટ ભાષા તરીકે સંસ્કૃતના ત્રણ તાસ જેટલા કાર્યભાર માટે પૂર્ણ સમયના વ્યાખ્યાતાને રાજ્ય સરકાર અનુદાનને પાત્ર ગણતી નથી તો તે બાબત પર પૂરા સમયના શિક્ષકની આવશ્યકતા અંગેના યુનિવર્સિટીના નિયમના સંદર્ભમાં પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમમાં કશો ફેરફાર કરવો નહીં તથા યુનિવર્સિટીનાં ધારાધોરણોને અનુલક્ષીને પ્રત્યેક વિષયમાં ઓછામાં ઓછા એક લેક્ચરરની નિમણૂક, તેના કાર્યભારથી નિરપેક્ષિત રીતે અનુદાનને પાત્ર ગણવા માટે રાજ્ય સરકાર સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૩. શ્રીમતી ટી. એસ. આર. કોમર્સ કોલેજ, પાટણમાં ચોકીદાર તરીકે કામ કરતા શ્રી. કે. જે. ભીલને ગુજરાત યુનિ. ધારાની કલમ ૫૧-એમાં જણાવેલી કાર્યવાહી કર્યા સિવાય છૂટા કર્યા હોઈ તથા તેના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૯-૪-૧૯૭૮ની સભામાં ઠરાવ્યા પ્રમાણે કુલપતિશ્રીએ સદરહુ ચોકીદારને પાછા લેવા પત્ર પાઠવ્યો હોવા છતાં તેમને તેમની જગ્યાએ પાછા ન લેતાં આ બાબત એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૨/૧૮-૧૨-૧૯૭૮ની સભામાં ગુજરાત યુનિ. ધારાની કલમ ૨૦(૧) ૨૧(સી) અન્વયે રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતી ગ્રાન્ટમાં કપાત કરવાના સૂચન સાથે એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવા ઠરાવ્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં આચાર્યશ્રીનો તા. ૮-૧-૧૯૭૯નો પત્રાંક પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કોલેજમાં ચોકીદાર શ્રી. કે. જે. ભીલની સેવાનું સાતત્ય જળવાય તથા તેમને મળવાપાત્ર થતું પાછલું વેતન પૂરેપૂરું ચૂકવાય તે જોવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩૫. કન્વિનર્સ ઓફ એકઝામિનેશન્સ અંગેની સ્થાયી સમિતિની તા. ૫-૧૨-૧૯૭૮ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૫-૧૨-૧૯૭૮ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૫-૧૨-૧૯૭૮ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૩૬. જે. એન્ડ જે. કોલેજ, નડિયાદના અંગ્રેજીના ટયૂટર શ્રી. એ. પી. ઠક્કરની ફરિયાદના સંદર્ભમાં તેમને પૂર્વવત્ નોકરીમાં પાછા લેવામાં આવ્યા નથી તે જોતાં સ્થાયી સમિતિની ભલામણને અનુલક્ષીને એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૨/૧૮-૧૨-૧૯૭૮ની સભામાં રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતી ગ્રાન્ટમાં યોગ્ય કપાત કરવાના સૂચન સાથે આ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવા ઠરાવ્યું હોઈ યુનિવર્સિટી ધારાની કલમ ૨૦(૧)(૨૧)(સી)ના સંદર્ભમાં ગ્રાન્ટ કપાત અંગે રાજ્ય સરકારને ભલામણ

કરવા અંગે વિચારણા કરવા બાબત :

એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૧/૧૮–૧૧–૧૯૭૮ની સભામાં થયેલ ઠરાવનો પાઠ નીચે પ્રમાણે છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સંબંધકર્તા કૉલેજનું વલણ જોતાં તેને રાજ્ય સરકાર તરફથી આપવામાં આવતી ગ્રાન્ટમાં યોગ્ય કપાત કરવાના સૂચન સાથે આ બાબત ઍકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવા અને જૂન ૧૯૭૯થી સદરહુ કૉલેજમાં વિદ્યાર્થીઓનો પ્રવેશ આપી શકાશે નહીં એમ તે કૉલેજને જણાવવું અને વધુમાં તે કૉલેજમાં યુનિવર્સિટીનું પરીક્ષાનું કેન્દ્ર આપવું નહીં."

સદરહુ બાબત અંગે લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે–

(૧) સદરહુ કૉલેજમાં અંગ્રેજીના ટ્યૂટર તરીકે શ્રી. એ. પી. ઠક્કરની નિમણૂકને રાજ્ય સરકારે તેના તા. ૧૫–૬–૧૯૭૪ના પત્રથી બહાર પાડેલ ગાઇડ લાઈન્સના સંદર્ભમાં તેમજ યુનિવર્સિટીનાં ધારાધોરણોના ઉપલક્ષ્યમાં, ઢંગામી તરીકે ગણી શકાય નહીં એમ પુનઃ એક વાર સ્પષ્ટતા કરવી અને તેમને તેમની સેવાઓનું સાતત્ય જાળવીને તેમજ વાર્ષિક ઇજાફાઓનો લાભ આપીને તેમને પૂર્વવત્ ચાલુ રાખવા આવશ્યક છે, તેમજ તે અંગે કૉલેજને અનેકવાર જણાવ્યા છતાં તે ભાઈને આપવા પાત્ર થતા વેતનની પૂરેપૂરી ચુકવણી કૉલેજે હજુ સુધી કરી નથી અને તે રીતે તેણે જોડાણની શરતનો ભંગ કર્યો છે તેમ રાજ્ય સરકારને જણાવીને તે ભાઈને જે રકમ આપવાની થાય તેના જેટલી રકમની આ કૉલેજની ગ્રાન્ટમાંથી કપાત ઉપરાંત ભવિષ્યમાં આવું થવા ન પામે તથા અન્ય કૉલેજોને તેનો દાખલો બેસે તે માટે યોગ્ય શિક્ષાત્મક કપાત કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૨) શ્રી. એ. પી. ઠક્કરની નિમણૂક ઉપર નં. (૧)માં જણાવ્યા પ્રમાણે ઢંગામી ગણી શકાય નહીં એ હકીકત સ્પષ્ટ છે અને તે અંગે અનેકવાર યુનિવર્સિટીએ આચાર્યશ્રીને જણાવેલ છે તેમ છતાં તેઓ એ ભાઈની નિમણૂક ઢંગામી ગણવા–ગણાવવા માટે ભારે હઠપૂર્વક જે આગ્રહ રાખી રહ્યા છે તે યુનિવર્સિટીનાં ધારાધોરણોની તેમની સમજનો અને સમજવાની તૈયારીનો અભાવ દર્શાવે છે. વધુમાં તેમના સદરહુ પત્રમાં તેમણે યુનિવર્સિટીના વલણ અંગે આક્ષેપાત્મક ભાષા વાપરી છે તથા આવતા વર્ષથી કૉલેજને બંધ કરવાની અને સ્ટાફને છૂટા કરવાની જે ગર્ભિત ધમકી આપી છે તે સર્વથા અનુચિત અને અશોભનીય છે, અને ભવિષ્યમાં યુનિવર્સિટી સાથે વધુ વિવેકપૂર્ણ વર્તાવ તેઓ દાખવશે એમ અપેક્ષા રાખવામાં આવે છે એમ આચાર્યશ્રીને જણાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૭. માર્ચ–એપ્રિલ ૧૯૭૯માં લેવાનારી યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂક અંગે જુદી જુદી વિદ્યાશાખાઓની પરીક્ષા સમિતિઓએ પ્રાશ્નિકો-પરીક્ષકોનાં નામોની કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે આ સભાગૃહના સભ્યોને જે કાંઈ સૂચનો કરવાં હોય તે બે દિવસમાં કરવા માટે સૂચવવામાં આવ્યું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ પરીક્ષાસમિતિઓની ભલામણો અને તે અંગે આ સભાગૃહના સભ્યોનાં જે સૂચનો આવે તે ઉપર જરૂરી વિચારણા કરીને માર્ચ/એપ્રિલ ૧૯૭૯માં લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂંકો કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૮. સી. સી. મહિલા આર્ટ્સ કૉલેજ, વીસનગરના વ્યાયામ શિક્ષક શ્રી. રામસીંગ ચૌધરીને સંખ્યાધિક કર્યા પછી તેમના મૂળ સ્થાને સ્થાપિત નહીં કરતાં સ્થાયી સમિતિની જે ભલામણ એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯/૧૦-૧૨-૧૯૭૮ની સભામાં મંજૂર રાખી છે તે અનુસાર રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી સદરહુ રકમ કાપી વ્યાયામ શિક્ષકને ચૂકવવા રાજ્ય સરકારને ભલામણ કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં વ્યાયામ શિક્ષક શ્રી. રામસીંગ ચૌધરીને ચૂકવવા પાત્ર થતા વેતન જેટલી રકમ ઉપરાંત શિક્ષાત્મક પગલારૂપે જરૂરી રકમની કપાત સદરહુ કૉલેજના અનુદાનમાંથી કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૩૯. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૧-૭-૧૯૭૮ની સભામાં વાણિજ્ય વિદ્યાશાખાની પૂર્વસ્નાતક પદવી પરીક્ષામાં ત્રણ વર્ષની પરીક્ષાનાં પરિણામોને મહત્ત્વ (વેઇટેજ) આપવા બાબતમાં ભલામણો રજૂ કરવા નીમેલી સમિતિની તા. ૧૧-૧-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાની પદવી પરીક્ષામાં વર્ગ આપવાની બાબત અંગે વિચારણા કરી આ સભા ભલામણ કરે છે કે પહેલા, બીજા અને ત્રીજા વર્ષના બધા જ પ્રશ્નપત્રોના સમાન ધોરણે ગુણ ગણતરીમાં લઈ પદવી કક્ષાએ વિદ્યાર્થીને વર્ગ આપવો જોઈએ અને તે માટે ધારાધોરણો ઘડવા એકેડેમિક કાઉન્સિલને વિનંતી કરવી. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ વિનયન અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવો અને તેમની ભલામણો આવ્યેથી ત્રણે વિદ્યાશાખાઓની ભલામણો ઉપર વિચારણા કરવાનું રાખવું.

૪૦. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પ્રથમ વર્ષ બી.એસસી. રસાયણવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષા માટેના ગુણની વહેંચણી નીચે પ્રમાણે કરી તેને માર્ચ-એપ્રિલ ૧૯૭૯ની પરીક્ષાથી અમલમાં મૂકવાના :

Chemistry Practicals (First B.Sc.) : The following exercises will be set at the examination :

1	(*a*) Gravimetric Analysis	... 18 marks
	(*b*) Single Titration	... 12 marks.
	OR	
1	(*a*) Preparation of Standard Solution Standardisation of given solution with this Standard Solution	... 18 marks
	(*b*) Find out the Concentration of the third solution	... 12 marks.
2	To analysis inorganic substance qualitatively	... 18 marks
3	Spotting of an Organic compound	... 17 marks
4	Five short objective questions pertaining to questions 2 and 3 to be answered and collected within first ten minutes. practical books will be allowed.	... 5 marks
		70 marks.

(૨) (અ) એફ.વાય. બી.એસસી. બાયોલોજીના પ્રાયોગિક કાર્ય માટે દેહધર્મવિદ્યાના અભ્યાસ-ક્રમમાં વિદ્યાર્થીઓએ સેટ કરવાના પ્રયોગોની યાદી, તથા

(બ) ડેમોન્સ્ટ્રેશન—પ્રયોગોની યાદી ૧૯૭૯ની પરીક્ષા માટે નિયત કર્યાના;

(૩) એફ.વાય.બી.એસસી. બાયોલોજી વિષયના "મેડિસિન પ્લાન્ટ્સ"ની પ્રાયોગિક યાદી ૧૯૭૯ની પરીક્ષા માટે નિયત કર્યાના;

(૪) એફ.વાય.બી.એસસી. બાયોલોજી વિષયની અંત:રચના વિભાગમાં "મેસેરેશન" બાબતની સ્પષ્ટતા કર્યાના;

(૫) એફ.વાય બી.એસસી. બાયોલોજી પ્રેક્ટિકલ્સ માટે નમૂનાનો પ્રશ્નપત્ર પરિપત્રિત કરવાની મંજૂરી આપ્યાના;

(૬) એફ.વાય.બી.એસસી.ના ઝૂલોજી વિષય માટે ઇન્સ્ટ્રક્શન્સ ટૂ ધી પેપરસેટર્સ ફોર પ્રેક્ટિકલ્સની વિગતો નિયત કર્યાના;

(૭) પ્રથમ વર્ષ બી.કોમ. અર્થશાસ્ત્રના પ્રશ્નપત્ર—૧ના અભ્યાસક્રમમાંથી નીચેનો અભ્યાસક્રમ ૧૯૭૯ની પરીક્ષા માટે રદ કર્યાના :

(૪) Full cost pricing, Pricing in Industries, agricultural and retail markets, pricing in markets and Professions.

(૮) પ્રથમ વર્ષ બી.એ. અર્થશાસ્ત્રના અભ્યાસક્રમના પ્રશ્નપત્ર ૨ માટે વિભાગ ૨નો મુદ્દો (૮) Modern approach to development problems and Policies.

The new economic view of development..... The population policiesનો મુદ્દો ૧૯૭૯ની પરીક્ષા માટે રદ કર્યાના તથા અભ્યાસક્રમના બે વિભાગને બદલે ૧૯૭૯ની પરીક્ષા પૂરતો સળંગ પ્રશ્નપત્ર રાખ્યાના;

(૯) પ્રથમ વર્ષ બી.એ.ની ૧૯૭૯ના વર્ષમાં લેવાનારી ગુજરાતી વિષયની પરીક્ષાના વૈકલ્પિક વિષય ૩ પ્રશ્નપત્ર—૭માં નિયત કરેલ (૧) 'લઘુલેખ" માટે વિષયો અભ્યાસક્રમ માટે નિયત કરવામાં આવ્યા છે. (૨) વૃત્તાંત-નિવેદન (રિપોર્ટિંગ) માટે પરિશિષ્ટ મુજબ વિષયો અભ્યાસક્રમ માટે નિયત કરવામાં આવ્યા છે અને (૩) "ગોષ્ઠિ" માટે પરિશિષ્ટ મુજબ નિબંધો અભ્યાસક્રમ માટે નિયત કર્યાના પરિપત્ર ૧૦ (૭૮)

(૧૦) પ્રથમ વર્ષ બી.એ.ની ૧૯૭૯ અને ૧૯૮૦ના વર્ષમાં લેવાનારી સંસ્કૃત વિષયની પરીક્ષાના વૈકલ્પિક વિષય ૩ પ્રશ્નપત્ર ૭ માટે નિયત કરવામાં આવેલા (બ) ભર્તૃહરિ—નીતિશતકના નિર્ણયસાગરની આવૃત્તિના ૧થી ૫૦ શ્લોકો પરિશિષ્ટ મુજબ અભ્યાસક્રમ માટે નિયત કર્યાના (પરિશિષ્ટ—૧૦/૭૮);

(૧૧) પ્રથમ વર્ષ બી.એ. મનોવિજ્ઞાનના પ્રશ્નપત્ર-૨ "Psychology and effective behaviour"ના અભ્યાસક્રમમાંથી નીચેના મુદ્દા રદ કર્યાના :

મુદ્દા નં. ૪—Faulty Patterns of adjustment (pages 237—268)

મુદ્દા નં. ૭—Resources of personal growth and changes (pages 352—374)

(પરિપત્ર/૧૦-૭૮)

(૧૨) બીજા વર્ષ બી.એ.ના સંસ્કૃતની ૧૯૭૯ના વર્ષમાં લેવાનારી પરીક્ષાના પ્રશ્નપત્ર—૪ના અલંકાર ઓળખવાના પ્રશ્નમાં સેકન્ડ બી.એ.ના પ્રશ્નપત્ર ૩ અને ૪ માટે નિયત કરેલ પાઠ્યપુસ્તકોમાંથી જ શ્લોકો પૂછવા તેમ નિયત કર્યાના (પરિપત્ર—૧૧/૭૮ ;

(૧૩) સમાજશાસ્ત્રના ત્રીજા વર્ષ બી.એ.ના પેપર—૬ An introduction to research methods and Statistical analysis in Sociologyના પ્રશ્નપત્રના અભ્યાસક્રમને નીચે પ્રમાણે બે બે વિભાગમાં વહેંચવામાં આવ્યો છે અને તે ચાલુ શૈક્ષણિક વર્ષ એટલે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૯ની પરીક્ષાથી અમલમાં મૂકવાના—

વિભાગ ૧—ટોપિકસ ૧ થી ૪ : ૧૦૦ માંથી ૬૦ ગુણ
૭૦ માંથી ૪૨ ગુણ
વિભાગ ૨—ટોપિકસ ૫ થી ૭ : ૧૦૦ માંથી ૪૦ ગુણ
૭૦ માંથી ૨૮ ગુણ

(પરિપત્ર—૧૧/૭૮)

(૧૪) પ્રથમ વર્ષ બી.એ. તત્ત્વજ્ઞાનના પ્રશ્નપત્ર ૨—'નીતિશાસ્ત્ર : પાશ્ચાત્ય અને ભારતીય' હેઠળ નિર્દિષ્ટ સંદર્ભગ્રંથમાંથી શર્મા આઈ. સી. એથિકલ ફિલોસોફીઝ ઑફ ઇન્ડિયા (I.C. Sharma—'Ethical Philosophies of India') નામક પુસ્તક સુપ્રાપ્ય ન હોઈ શૈક્ષણિક વર્ષ ૧૯૭૮—૭૯ એટલે કે આગામી જૂન ૧૯૭૯ની પરીક્ષા માટે નીચે મુજબ ફેરફાર કર્યાના :

૧. નં. ૭ અને નં. ૧૦ વિષયાંગો (ટોપિકસ) રદ કરવામાં આવે છે.
૨. નં. ૮ વિષયાંગના શીર્ષકમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે :
નં. ૮ હિન્દુ નીતિશાસ્ત્ર અને બૌદ્ધ નીતિશાસ્ત્ર;

(૧૫) બીજા વર્ષ બી.એ.ના ગૃહવિજ્ઞાન વિષયના Child Development and Family Relationshipના પ્રશ્નપત્રની વિગતોમાં ચાઈલ્ડ ડેવલપમેન્ટની વિગતો સરતચૂકથી છાપવી રહી ગયેલી હોવાથી તે નીચે મુજબ ઉમેરીને તે પ્રશ્નપત્રની વિગતો વંચાય તે રીતનો સુધારો જૂન ૧૯૭૮થી એટલે કે માર્ચ—એપ્રિલ ૧૯૭૯ની પરીક્ષાથી અમલમાં મૂકવાના—

(1) Stages of Physical & mental development of a Child—birth to 2½ year Pre-School Child. School going child to Adolescence—Appropriate toys.

(2) Pre-School Child providing materials and creative experience toys, books, picuires, stories, music, dance, drama etc.

(3) Healthy emotional development, confidence, self dependence, discipline, maturation and learning, Heredity and environment. development of healthy relation with family members and peer groups. Readiness for a Nursery School.

(4) Parents, Rejecting, over-protecting, agressive, over ambitions and favouritism etc.

Books recommended

'બાળમનોવિજ્ઞાન' }
'બાળમાનસ' } : ડૉ. લીલાબહેન શાહ

(૧૬) ઇજનેરી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીના સૂચન અનુસાર ટેકસ્ટાઇલ ટેકનોલોજીના અભ્યાસક્રમ માટે નીચે જણાવેલ સભ્યોની બનેલી એડહોક સમિતિની રચના કર્યાના :

૧. અધ્યક્ષ, ઇજનેરી વિદ્યાશાખા

૨. પ્રો. એન. જી. સહસ્રબુદ્ધે
પ્રોફેસર ઑફ ટેકસ્ટાઈલ ટેકનોલોજી,
એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ—૧૫.

૩. ડૉ. પી. પી. રોય,
રિસર્ચ સાયન્ટિસ્ટ,
અરવિંદ મિલ્સ, નરોડા રોડ, અમદાવાદ—૨.

૪. શ્રી. એ. આર. ગદ્રે,
આસિ. ડાયરેકટર, અટિરા, અમદાવાદ—૧૫.

૫. ડૉ. આર. જે. મિસ્ત્રી,
રીડર, ફેકલ્ટી ઑફ ટેકનોલોજી,
એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા;

(૧૭) ગણિતની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીના સૂચન મુજબ એફ.વાય.બી.એસસી.ના મેથેમેટિકસ વિષયના કુલ ૨૦૦ ગુણના પ્રશ્નપત્રો નિયત કરવામાં આવેલા તેને બદલે ૧૯૭૯ના વર્ષથી લેવાનારી પરીક્ષા માટે મેથેમેટિકસના ૩૦૦ ગુણના બે પ્રશ્નપત્રો નિયત કર્યાના તથા ગુણનું વિભાગીકરણ નીચે મુજબ રાખ્યાના ;

Subject	*Papers*	*Marks*		*Duration of Examination*
Mathematics I & II	two	External Evaluation 100 each	Internal Evaluation 100	3 hours each

વધુમાં સ્પષ્ટતા કરવાની કે અભ્યાસક્રમની વિગતોમાં કોઈ ફેર થતો નથી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૪૨. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૮–૯–૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"It has been brought to the notice of the Faculty by some members that some times colleges issue certificates in respect of medium of instruction and examination of the students; such certificates are utilised by students as proofs or indicater of the Proficiency in one or the other medium, hence Faculty feels that such certificates should be carefully issued.

In the interest of maintenance of appropriate standard of such certificates University should prescribe to colleges not to issue certificates in respect of medium of examination (it is only University that knows as to what the medium of Examination was) even if certificate of medium of instruction in respect of students is issued by the colleges, it should be clarified that the certificate should not be deemed to be certificate of medium of Examination.

University may consider proposal of keeping records of medium of examination of students and on the basis of this record certificates of medium of examination may be issued if demanded by students. Necessary fees may be charged for them.

The certificate may contain the following information :

1. Students appeared in.....
2. English
3. Hindi
4. Gujarati

} Medium in all papers

Note.—If students have written some papers in one medium and other papers in other medium, certificates should not be issued to them."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૨. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૮/૯-૧-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" આ સભા ઠરાવે છે કે અન્ય યુનિવર્સિટીમાંથી એમ.કોમ.ની પદવી પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થી આ યુનિવર્સિટીમાં બીજા વૈકલ્પિક વિષય સાથે પરીક્ષા આપવા માગે તો તેના ફરજિયાત વિષયોનો આપણી યુનિવર્સિટી સાથે સમકક્ષ (ઇક્વિવેલેન્ટ) ગણાતા હોય તો તેવા વિદ્યાર્થીઓને તે વિષયોમાં એકઝમ્પશન આપી એમ.કોમ.ની આપણી યુનિવર્સિટીની પરીક્ષામાં બેસવા દેવા તેમ જ તેવા વિદ્યાર્થીને ક્લાસ આપવો નહીં. પણ જો આવો વિદ્યાર્થી બધાં જ પેપરો આપવા માંગતા હોય તો તેને તેવી છૂટ આપવી અને જો તે વર્ગ આપવો. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી નહીં.

૪૩. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૮/૯-૧-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" આ સભા ઠરાવે છે કે આ વર્ષે અમુક વિષયો માટેનાં પુસ્તકો અપ્રાપ્ય હોવાથી આ વર્ષની પરીક્ષા માટે આંતરિક વિકલ્પોને બદલે સામાન્ય વિકલ્પ આપવો. આવતા વર્ષે સમયસર પુસ્તકો પ્રાપ્ય બને તે માટે યુનિવર્સિટી પ્રબંધ કરે અથવા ગ્રંથનિર્માણ બોર્ડને આ બાબતમાં યોગ્ય પ્રબંધ કરવા જણાવે "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી નહીં.

૪૪. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૮/૯-૧-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"જ્યાં ડમી નંબરની પ્રથા અપનાવવામાં આવી છે ત્યાં પરીક્ષા કક્ષાએ એકસ્ટર્નલ એકઝામિનર્સ ૫૦ ટકા હોવા જોઈએ તેવો આગ્રહ જતો કરવા આ વિદ્યાશાખા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૯ના વર્ષમાં લેવાનાર ટી.વાય.બી.કૉમ.ની પરીક્ષા માટે હાલ ઓછામાં ઓછા ૫૦ ટકા જેટલા બહારના પરીક્ષકો લેવા આવશ્યક છે તેને બદલે ઓછામાં ઓછા ૨૫ ટકા જેટલા બહારના પરીક્ષકો નીમવાનું ધોરણ ફક્ત ચાલુ વર્ષ માટે રાખવું.

૪૫. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩-૮-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૧૧/૧૮-૧૧-૧૯૭૮ની સભામાં કરેલ ઠરાવ અન્વયે આ ભલામણ એકેડેમિક કાઉન્સિલ સમક્ષ પુનર્વિચારણા માટે પાછી મોકલી હોઈ તે પર પુનર્વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"માર્ચ-એપ્રિલ ૧૯૮૦ અને તે પછીની ફર્સ્ટ ઇયર આર્ટ્સની પરીક્ષા માટે પ્રશ્નપેંકની પદ્ધતિ પુનઃ ચાલુ કરવા માટે જરૂરી કાર્યવાહી વેળાસર હાથ ધરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિનયન વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૪૬. ગાંધીનગર મુકામે તા. ૧૨-૧૨-૧૯૭૮ના રોજ મળેલ કુલપતિઓની સભામાં થયેલ નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"The following decisions were taken with a view to facilitate the common admissions :

(1) Some seats should be reserved in Medical and Engineering Colleges for students who have passed F.Y.B.Sc.

(2) Seats also should be reserved for students who have passed in the Pre-medical class.

(3) Students who have passed the Higher Secondary Examination in October, 1978 or March 1979 should be held eligible for admission to the various professional colleges.

(4) So far as admission to the medical colleges are concerned the regulation regarding minimum age will continue but so far as the Engineering colleges are concerned, no minimum age will be prescribed.

(5) As regards the standard or marks for the open seats, the minimum would be 55%. For the S C. and S.T. candidates the minimum for admission to the Medical course will be 50% and for Engineering course 45%.

(6) So far as the candidates belonging to the communities listed in the Bakshi Commission Report are concerned, the same concessions that were offered during this year will be offered in future.

(7) The system of giving grace marks for taking part in N.C.C., Sports, Mountaineering, etc. will be discontinued.

(8) The marks obtained in the subject of English will not be considered for the purpose of admission."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૨૦–૧–૧૯૭૯ના રોજ બંધ રાખવામાં આવ્યું અને ઠરાવવામાં આવ્યું કે આ સભા સોમવાર તા. ૨૨–૧–૧૯૭૯ના રોજ બપોરે ૧૨–૦૦ વાગ્યા પર મુલતવી રાખવી.

ઉપરના ઠરાવને અનુલક્ષીને મોકૂફ રાખવામાં આવેલી સદરહુ સભા સોમવાર તા. ૨૨–૧–૧૯૭૯ના રોજ બપોરે ૧૨–૦૦ વાગ્યે ફરી મળતાં સભાનું કામકાજ આગળ હાથ ધરવામાં આવ્યું.

૪૭. ગાંધીનગર મુકામે તા. ૧૨–૧૨–૧૯૭૮ના રોજ મળેલી કુલપતિશ્રીઓની સભામાં થયેલ નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

" After considerable discussion it was decided that the total workload of the teachers should be reduced from 40 to 38.5 hours. This will include preparation at home, class room teaching, tutorial work, demonstration and other duties mentioned in the G. R. under reference. It was further resolved that out of a total period of 38-5 hours during the week, the teachers should be expected to be present in the Institution for 27 hours. As regards the hours of teaching (inclusive of tutorials and demonstration) it was decided that per week a teacher will be expected to take 21 periods of 45 minutes each or 16 hours."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૮. શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતના ભૂતપૂર્વ શિક્ષક ડૉ. પી. બી. પટેલને મળવાપાત્ર પ્રોવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી વ.ની રકમની ચુકવણી કૉલેજે કરી નથી તે જોતાં, શિક્ષક-બિનશિક્ષકની સેવાના પ્રશ્નો અંગેની સ્થાયી સમિતિની નીચેની ભલામણ, જે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭–૫–૧૯૭૮ની સભામાં મંજૂર રાખી છે, તે

અનુસાર કૉલેજને મળતી આર્થિક સહાય કાપી લેવા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦(૧) ૨૧(સી)ના સંદર્ભમાં રાજ્ય સરકારને ભલામણ કરવા બાબત :

સ્થાયી સમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતમાંથી તા. ૩-૧૨-૧૯૭૭ના રોજ રાજીનામું આપી છૂટા થયેલા અધ્યાપક ડૉ. પી. બી. પટેલને પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઇટી તેમ જ બાકી પગાર ઇત્યાદિની ચુકવણી કૉલેજે આજદિન સુધી કરેલ નથી. તે અંગે આચાર્યને કપકો આપવો અને આગામી શૈક્ષણિક વર્ષ ૧૯૭૮-૭૯થી તેમની લેણી રકમ ચૂકવી આપવામાં નહીં આવે તો કૉલેજને મળતી આર્થિક સહાય કાપી લેવા માટે યુનિવર્સિટીનાં ધારાધોરણના સંદર્ભમાં રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવશે તેમ કૉલેજને જણાવવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના ભૂતપૂર્વ શિક્ષક ડૉ. પી. બી. પટેલને ચૂકવવા પાત્ર થતા વેતન જેટલી રકમ ઉપરાંત શિક્ષાત્મક પગલારૂપે જરૂરી રકમની કપાત સદરહુ કૉલેજના પગાર ગ્રાન્ટ સિવાયના અનુદાનમાંથી કરવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૪૯. શ્રી. એસ. બી. વોરાના તા. ૮-૧-૧૯૭૯ના પત્રથી આવેલા તેમના નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"સ્વાયત્ત કૉલેજોની શરતોમાં અત્યારની એક શરત પ્રમાણે હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટ યુનિવર્સિટી ભવનના લેકચરર જેટલું ક્વૉલિફિકેશન ધરાવતા હોવા જોઈએ એટલે કે મારી માહિતી પ્રમાણે એ પીએચ.ડી. હોવા જોઈએ.

આ શરત કૉમર્સ ફેકલ્ટી પૂરતી બાકાત રાખવી જોઈએ. કૉમર્સમાં પીએચ.ડી.ના ગાઈડ હતા જ નહીં અને જે પીએચ.ડી. થયેલા છે તે ઇકોનોમિકસમાં થયા છે. આ શરતને કારણે સીનિયર માણસોને આડકતરી રીતે હેરાન કરવાની સંચાલકોને તક મળે છે. બહારથી કોઈ વ્યક્તિ—જુનિયર—ને લાવીને ચાલુ હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટને સ્થાનભ્રષ્ટ કરી શકાય. માટે છેવટે આ શરત ચાલુ હેડને લાગુ ન પાડવી એટલું તો કરવું જ જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સૂચવાયેલી શરતો પૈકી શરત નં. ૩(ક) શરત નં. ૨૩ની જોગવાઈઓને આધીન રહેશે એમ સ્પષ્ટતા કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૫૦. શ્રી. એસ. બી. વોરાના તા. ૮-૧-૧૯૭૯ના પત્રથી આવેલા તેમના નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"સ્વાયત્ત કૉલેજોની શરતોમાં નીચેની એક શરત ઉમેરવામાં આવે :

શિક્ષકોનો કાર્યભાર વધુમાં વધુ પ્રત્યેક અઠવાડિયે ૪ લેકચર તથા ૨ ટ્યુટોરિયલ હોવો જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ સ્વીકારી શકાય તેમ નથી એમ શ્રી. એસ. બી. વોરાને જણાવવું.

૫૧. શ્રી. એસ. બી. વોરાના તા. ૮-૧-૧૯૭૯ના પત્રથી આવેલા તેમના નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"અત્યારે પ્રિન્સિપાલ થવા માટે પૂર્ણ કક્ષાના પી.-જી. ટીચર હોવું આવશ્યક છે. આ શરતનું પણ કોઈ લૉજિક નથી. પ્રિન્સિપાલ વહીવટી વડો છે. હવે બાકી તો એ First amongst equals છે. વહીવટ તો ગમે તે કરી શકે. માટે આ શરત પણ કાઢી નાખવી જોઈએ."

અને

૬૧. પ્રા. એસ. બી. વોરાના નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"કૉલેજના પ્રિન્સિપાલનો કાર્યબોજ અત્યારે મહત્તમ ૯ લેક્ચરનો છે. લઘુતમ બોજો નક્કી થયો નથી. માટે મારું સૂચન છે કે દરેક પ્રિન્સિપાલને વધુમાં વધુ ૯ લેક્ચર+૩ ટ્યુટોરિયલ્સ તથા ઓછામાં ઓછા ૬ લેક્ચર+૩ ટ્યુટોરિયલનો બોજો આપવો. ગમે તે સંજોગોમાં ૩ ટ્યુટોરિયલ તો લેવા જ પડે."

બાબત નં. ૫૧ અને ૬૧ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી કરાવવામાં આવ્યું કે સદરહુ સૂચનો સ્વીકારી શકાય તેમ નથી એમ શ્રી. એસ. બી. વોરાને જણાવવું.

૫૨. શેઠ સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૭૯થી બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી કરાવવામાં આવે છે કે શેઠ સી. એન. કૉમર્સ કૉલેજ, વીસનગર નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૭૯ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૯થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂંકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા
   (૨) વ્યાયામ શિક્ષક;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા

થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૫૩. શ્રી. એન. એસ. પટેલ લૉ કૉલેજ, મોડાસા તરફથી જૂન ૧૯૭૯થી તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. એસ. પટેલ લૉ કૉલેજ, મોડાસા નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૭૯ સુધીમાં કરે તો તેને બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના હેવાલને આધીન તૃતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧—૬—૧૯૭૯થી કાયમી જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. પૂરા સમયના એક વ્યાખ્યાતા નીમવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જે ગ્રાંટો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે કૉલેજના સ્થાપના વર્ષથી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૫૪. એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯/૧૦-૧૨-૧૯૭૮ની સભાએ અનુસ્નાતક શિક્ષણની વ્યવસ્થા યુનિવર્સિટીનાં ભવનો ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં તેમ જ ગુજરાત યુનિવર્સિટીની માન્ય સંસ્થાઓમાં તાત્કાલિક અમલમાં મૂકવાનો પ્રસ્તાવ સ્વીકારીને તેને અનુલક્ષીને અનુસ્નાતક કક્ષાએ વિકેન્દ્રિત વ્યવસ્થા સૂચવવા માટે નીમેલી સમિતિનો તા. ૨૨-૧-૧૯૭૯ની સભાના હેવાલની બાબતમાં બોર્ડ ઑફ

યુનિવર્સિટી ટીચિંગ એન્ડ રિસર્ચની તા. ૧૭-૧-૧૯૭૯ની સભાની નીચેના ઠરાવને અનુલક્ષીને વિચારણા કરવા બાબત :

"૧. અનુસ્નાતક શિક્ષણની વ્યવસ્થા યુનિવર્સિટીનાં ભવનો ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલી સંલગ્ન કૉલેજોમાં તેમજ ગુજરાત યુનિવર્સિટીની માન્ય સંસ્થાઓમાં તાત્કાલિક અમલમાં મૂકવાનો પ્રસ્તાવ સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલે ઠરાવ કર્યો છે તેનો સાથે બી.યુ.ટી.આર. સહમત નથી અને આ અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે નીમેલી સમિતિનો જે અહેવાલ છે તેને પણ આ બી.યુ.ટી.આર. સ્વીકારવાની તરફેણમાં નથી.

૨. વધુમાં ગુજરાત યુનિવર્સિટીમાં અનુસ્નાતક શિક્ષણનું વિકેન્દ્રીકરણ કરવા માટે જુદા જુદા વિષયો અને વિસ્તારની જરૂરિયાત, ઇત્યાદિ તપાસી એક વિસ્તૃત અને સર્વગ્રાહી અહેવાલ તૈયાર કરવા માટે કુલપતિશ્રી એક સમિતિ નીમે એવી ભલામણ કરે છે."

આ બાબતમાં લંબાણ ચર્ચાવિચારણા કરવામાં આવી.

તે પછી બી. યુ. ટી. એન્ડ આર.ના ઉપરના બન્ને ઠરાવો પર મત લેવામાં આવતાં તે વધુમતે નામંજૂર કરવામાં આવ્યા.

ત્યાર બાદ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯/૧૦-૧૨-૧૯૭૮ની સભામાં સ્વીકારેલો પ્રસ્તાવ તથા તેને અનુલક્ષીને નીમેલી સમિતિની તા. ૧૨-૧-૧૯૭૯ની સભાના અહેવાલ પર મત લેવામાં આવતાં તે વધુમતે સ્વીકારવા તેમજ સંબંધકર્તા ઑર્ડિ. ૬૧-ઓ અને ઑર્ડિ. ૬૧-પી મંજૂર કરવા અને સ્ટે. ૧૨૧-ડી ૨૬ કરવાની કાર્યવાહી કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું.

૫૫. સૈફી જ્યુબિલી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સિદ્ધપુરમાં સંખ્યાધિક થયેલ વ્યાયામ શિક્ષકને "રીકૉલ" નહીં કરવા અંગેની ફરિયાદના સંદર્ભમાં શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની સેવાના પ્રશ્નના સંદર્ભમાં એકિઝકયુટિવ કાઉન્સિલે નિયુક્ત કરેલી સમિતિની નીચેની ભલામણ, જે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૯/૧૦-૧૧-૧૯૭૮ની સભામાં મંજૂર રાખી છે, તે અનુસાર રાજ્ય સરકારની ગ્રાન્ટ કપાત અંગે રાજ્ય સરકારને ભલામણ કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની સંલગ્ન કૉલેજોમાં તેઓના ફાજલ જાહેર કરેલ વ્યાયામ શિક્ષકોને તેમના મૂળ સ્થાન પર નોકરીના સાતત્ય સાથે પુનઃ સ્થાપિત કરવા આદેશ આપવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

તા. ૩૧-૧૨-૧૯૭૮ સુધીમાં સદરહુ કૉલેજો આદેશનો અમલ ન કરે તો—

૧. રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી સદરહુ રકમ કાપી વ્યાયામ શિક્ષકોને ચૂકવવા રાજ્ય સરકારને ભલામણ કરવી;

૨. તે કૉલેજોને પરીક્ષાનું કેન્દ્ર આપવું નહીં;

૩. આગામી વર્ષ માટે વિદ્યાર્થીઓને પ્રવેશ નહીં આપવા કૉલેજોને આદેશ આપવો."

[**નોંધ.** —એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૯/૧૦-૧૨–૧૯૭૮ની સભાના ઠરાવના સંદર્ભમાં કૉલેજને લખવામાં આવતાં કૉલેજ ધાર્મિક લઘુમતી કક્ષામાં હોવાનું જણાવ્યું છે. વરિષ્ઠ અદાલતના ચુકાદાના સંદર્ભમાં લઘુમતી કક્ષાની કૉલેજ યુનિવર્સિટી ધારાની કલમ ૩૩–એ ૪૦, ૪૧, ૫૧–એ (૧)(બી), ૧૧-એ(૨)(બી) અને ૧૨-એ ના પાલનમાંથી મુક્તિ મળે છે તેના સંદર્ભમાં ઠરાવ જે પત્રથી કૉલેજને જણાવ્યો છે તે પત્ર પરત ખેંચી લેવા કૉલેજે તેના તા. ૨૦–૧૨-૧૯૭૮ના પત્રથી જણાવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્થાયી કાનૂનવિષયક સમિતિનો અભિપ્રાય મેળવવો.

૫૬. બોર્ડ ઑફ યુનિ. ટીચિંગ ઍન્ડ રિસર્ચની તા. ૧૭-૧-૧૯૭૯ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

(*i*) Academic Stream : 4 or more elective subjects may be offered from the following :

1. **Language :** Any one or two may be offered from the following :

1. English	2. Hindi	3. Assamese	4. Bengali
5. Gujarati	6. Kannada	7. Marathi	8. Malayalam
9. Manipuri	10. Oriya	11. Punjabi	12. Sindhi
13. Tamil	14. Telugu	15. Urdu	16. Sanskrit
17. Arabic	18. Persian	19. French	20. German
21. Nepali	22. Portuguese	23. Russian	24. Tibetan.

2. Economics
3. Political Science
4. Geography
5. History
6 Sociology
7. Psychology
8. Elements of Philosophy
9. Mathematics

10. Physics
11. Chemistry
12. Biology
13. Engineering Drawing
14. Priaciples & Practices of Commerce
15. Principles & Practices of Advanced Accountancy
16. Physical Education
17. Home Science
18. Music
19. Dance
20. Painting or Sculpture or Graphics or Commercial Art
21. Agriculture.

Note.—(1) Some Universities / Institutes may require passing in two languages compulsory for admission to their higher courses. It will, therefore, he advisable to offer a language, as on elective subject, other than that offered from thn Core Course, if any.

(2) A language from elective group gtven below under item II (*i*) can be offered in lieu of the core language.

Vocational Stream : These courses will include :

(*a*) Supporting courses in Sciences and Social Sciences, to understand the basis and scope of the chosen vocation.

(*b*) Vocational and Practical Work.

Any one of the following :

Agricultural Group :

1. Dairying
2. Poultry
*3. Inland Fisheries
4. Forest Products
*5. Basic Programme in Fruits & Vegetables
*6. Agriculture
7. Small Farm Management
8. Agro Based Industries—Small processing units of paddy, wheat, cats and millets, bread, biscuits and cakes.

9. Agro, Based Industries–Waste utilization—bye products—Paper making, manufacture of straw board out of straw and sugarcane bagasse.
10. Agro Based Industries—Recycling of animal waste.
*11 Farm Machines and Engineering

Commerce and Business Group :

*12 Office Management & Secretarial Practice
*13. Stenography
*14. Accountancy and Auditing
*15. Banking and Insurance
16. Data and Key Punching Processes
*17. Marketing and Salesmanship
*18. Purchasing and store-keeping (Materials Management)

Engineering and Technical Group :

*19. Basic Electrical Technology
*20. Electronic Technology
*21. Air-conditioning & Refrigeration Technology
22. Automobile Servicing & Maintenance
23. Elementary Sanitary Technology
*24. Laboratory Assistant
*25. Furniture Making and Designing
26. Textile Bleaching, Dying and Finishing
27. Leather Goods Technology

Home Science Group :

*28. Food Processing and Preservation
29. Baking and Confectionary
*30. Nutrition and Food Preparation
*31. Canteen Management
32. Dress Making and Designing
33. Textiles and Designs

Health and Para–Medical Sciences Groups :

*34. Multi-purpose Health Workers
35. Junior Medical Social Workers
*36. Pharmacist
*37. Ophthalmic Techniques

Miscellanaous :

38. Library Assistant
*39. Tourism
*40. Photography
41. Graphic Arts
42. Commercial Arts
43. Pre–Primary Teacher Training
44. Primary School
45. Physical Education Teacher (Junior).

Note.—In the first instance, the market *have been available which have been selected in consultation with the Dirocterate of Education, Delhi, Kendriya Vidyalaya Sangathan, New Delhi and other concerned agencies. The remaining courses will be provided in due course.

Gujarat University Press, Ahmedabad–380 009

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૯ના વર્ષની બીજી સભા, બુધવાર, તા. ૨૫-૪-૧૯૭૯ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ ડૉ. પ્રહલાદભાઈ ચૂનીલાલ વૈદ્યે સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫-૪-૧૯૭૯
૧.	ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્ય, કુલપતિ	હાજર
૨.	શ્રી. અંબુભાઈ ટી. દેસાઈ	હાજર
૩.	ડૉ. એમ. એન. દેસાઈ	ગેરહાજર
૪.	પ્રિ. બી. એમ. પીરજાદા	હાજર
૫.	પ્રિ. પી. આર. દેસાઈ	ગેરહાજર
૬.	શ્રી. જી. એમ. ચૌહાણ	હાજર
૭.	પ્રિ. કે. જે. ભટ્ટ	ગેરહાજર
૮.	ડૉ. કશ્યપ ભાર્ગવ	હાજર
૯.	ડૉ. પી. સી. મહેરા	હાજર
૧૦.	ડૉ. વી. સી. શાહ	હાજર
૧૧.	ડૉ. સી. કે. શાહ	ગેરહાજર
૧૨.	ડૉ. પરેશ એમ. મજમુદાર	હાજર
૧૩.	ડૉ. કે. જી. દેસાઈ	હાજર
૧૪.	ડૉ. ઈ. એ. સોલોમન	હાજર
૧૫.	પ્રો. કૃષ્ણચન્દ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૬.	પ્રિ. હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૭.	ડૉ. આર. જે. જોશી	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૧–૪–૧૯૭૯
૧૮.	ડૉ. એ. એસ. નાગર	હાજર
૧૯.	ડૉ. ડી. એચ. સુતરિયા	હાજર
૨૦.	શ્રી. કે. ડી. દેસાઈ	હાજર
૨૧.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર
૨૨.	ડૉ. ઉમાબહેન ડી. પટેલ	હાજર
૨૩.	શ્રી. એચ. એન. રાવળ	ગેરહાજર
૨૪.	શ્રી. એન. વી. પંડ્યા	હાજર
૨૫.	ડૉ. એમ. જે. પટણી	હાજર
૨૬.	શ્રી. એન. એન. ઉદવાડિયા	હાજર
૨૭.	ડૉ. એસ. જી. દેસાઈ	હાજર
૨૮.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર
૨૯.	પ્રિ. એન. એસ. પંડ્યા	હાજર
૩૦.	પ્રિ. એમ. ડી. પંચોલી	ગેરહાજર
૩૧.	ડૉ. બી. એચ. શાહ	હાજર
૩૨.	ડૉ. સી. પી. બોધાણી	ગેરહાજર
૩૩.	ડૉ. એમ. બી. દેવાણી	ગેરહાજર
૩૪.	શ્રી. એસ. જે. દામાણી	ગેરહાજર

૧. તા. ૨૦/૨૨-૧-૧૯૭૯ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૯ના વર્ષની પહેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૦/૨૨-૧-૧૯૭૯ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૯ના વર્ષની પહેલી સભાના કામકાજની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

"બાબત નં. ૩૨ ઉપરના ઠરાવમાં 'લેક્ચરર' શબ્દને બદલે 'પૂર્ણ સમયના લેક્ચરર' એ શબ્દો મૂકવા."

૨. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૬૯ પાછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૭-૧-૧૯૭૮ના પત્રાંક એફ. ૫-૧૮-૭૩ (એચ.આર.)થી સૂચવ્યા પ્રમાણે 'સ્કૂલ ઑફ લાઈબ્રેરી સાયન્સ'નું નામાભિધાન બદલી 'સ્કૂલ ઑફ લાઈબ્રેરી સાયન્સ ઍન્ડ ઈન્ફર્મેશન સાયન્સ' રાખવા તેમ જ અભ્યાસક્રમનું નામ 'બૅચેલર ઑફ લાઈબ્રેરી ઍન્ડ ઇન્ફર્મેશન સાયન્સ' રાખવા બાબતમાં સ્કૂલ ઑફ લાઈબ્રેરી સાયન્સના અધ્યક્ષશ્રીના તા. ૧૯-૪-૧૯૭૮ના પત્રાંક ૭૮ બાબતમાં શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨/૩-૨-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સ્કૂલ ઑફ લાઇબ્રેરી સાયન્સનું નામાભિધાન બદલી 'ડિપાર્ટમેન્ટ ઑફ લાઇબ્રેરી ઍન્ડ ઇન્ફર્મેશન સાયન્સ' તથા અભ્યાસક્રમનું નામ 'બૅચેલર

ઑફ લાઇબ્રેરી ઍન્ડ ઇન્ફર્મેશન સાયન્સ' રાખવા અને યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં તે મુજબ ફેરફાર કરવા ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં જરૂરી ફેરફાર કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૪. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૨/૩–૨–૧૯૭૯ની સભામાં સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૧૨–૧૦–૧૯૭૮ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા તથા તે મુજબ સંબંધકર્તા રેગ્યુ. આર્ટ્સ ૨ અને રેગ્યુ. ૧૨ સુધારવા ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"પ્રથમ વર્ષ બી.એ. સંસ્કૃતના પ્રશ્નપત્ર–૧માં ભગવદ્ગીતા ઓરિજિનલ ટેક્સ્ટ હાલ અભ્યાસક્રમમાં છે તેને બદલે રામાયણ–મહાભારતનો કોઈ ભાગ નિયત કરવા અને ભગવદ્ગીતાને ત્રીજા વર્ષ બી.એ.ના પ્રશ્નપત્ર–૯માં મૂકી સંબંધકર્તા રેગ્યુલેશનો નીચે મુજબ સુધારવા વિનયન વિદ્યાશાખાને ભલામણ કરવી :

R. Arts–2 (F.Y.B.A.) :

Paper I–Selected portions from Ramayan & Mahabharat ... 70 marks

R. Arts–12 (T.Y.B.A.) :

Paper IX–Bhagvad Gita (Original Text) ... 70 marks"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

બાબત નં. ૫ ની સાથે બાબત નં. ૫૫ અને ૧૬ પણ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૫. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨/૩–૨–૧૯૭૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે અંગ્રેજીની અભ્યાસસમિતિની ભલામણોના સંદર્ભમાં વિચારણા કરી નીચે મુજબ ભલામણ કરવામાં આવે છે :

(૧) એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ.માં ફરજિયાત અંગ્રેજીમાં 'એ' અને 'બી' સ્ટ્રીમના અભ્યાસક્રમો હાલ ચાલે છે તે પ્રમાણે હવે પછી પણ ચાલુ રાખવામાં આવે. વધુમાં એફ.વાય.બી.એસસી.માં પણ તે પ્રમાણે ચાલુ કરવાની આ વિદ્યાશાખા ભલામણ કરે છે.

(૨) વધુમાં એસ વાય.બી એ., એસ.વાય.બી.કૉમ. અને એસ.વાય.બી.એસસી.માં પણ 'એ' સ્ટ્રીમ અને 'બી' સ્ટ્રીમ ચાલુ કરવાની જરૂરને આ સભા સ્વીકારે છે અને તેમ કરવા ભલામણ કરવામાં આવે છે.

(૩) 'બી' સ્ટ્રીમ પૂરતા આ વિષયના શિક્ષણ માટે ટ્યુટોરિયલ ઉપરાંત ૩ તાસને બદલે ૪ તાસની જોગવાઈ કરવાની જરૂરિયાતને આ સભા સ્વીકારે છે અને તેમ કરવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. ૧ અને ૨ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી તથા ભલામણ નં. ૩ માં "ટ્યુટોરિયલ ઉપરાંત ૩ તાસને બદલે

૪ તાસની જોગવાઈ" એ શબ્દોને બદલે "ટયુટોરિયલ ઉપરાંત ૩ વ્યાખ્યાનોને બદલે ૪ વ્યાખ્યાનોની જોગવાઈ" એ શબ્દો મૂકીને સદરહુ ભલામણ મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઉપર નં. ૧, ૨ અને ૩માં જણાવેલી વ્યવસ્થાનો અમલ કરવા માટે રાજ્ય સરકારને પોતાની અનુમતિ આપવા વિનંતી કરવી.

૫૫. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૬/૭–૪–૧૯૭૯ અને તા. ૧૬/૧૭–૪–૧૯૭૯ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"(૧) આ સભા ભલામણ કરે છે કે દ્વિતીય વર્ષ બી.કોમ.ના કોમર્શિયલ કોમ્યુનિકેશન (કમ્પલ્સરી) પેપર ૨ માટે સ્કીમ 'એ' અને 'બી'ની જોગવાઈ કરવી.

(૨) દ્વિતીય વર્ષ બી.કોમ ના કોમર્શિયલ કોમ્યુનિકેશન પ્રશ્નપત્ર માટે ત્રણ પીરિયડોને બદલે ચાર પીરિયડો રાખવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ વ્યવસ્થાનો અમલ કરવા માટે રાજ્ય સરકારને પોતાની અનુમતિ આપવા વિનંતી કરવી.

૫૬. વાણિજ્યની અભ્યાસસમિતિનો તા. ૨૧–૩–૧૯૭૯ની સભાની નીચેની ભલામણ વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૬/૭–૪–૧૯૭૯ અને તા. ૧૬/૧૭–૪–૧૯૭૯ની સભાએ સ્વીકારી હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે બીજા વર્ષ બી.કોમ.ના કોમર્શિયલ કોમ્યુનિકેશન ભાગ ૨ અને બિઝનેસ કોમ્યુનિકેશન ઇન ઇંગ્લિશ પેપર ૨ એમ બંને વિષયો માટે પ્રત્યેકનો એક ટયુટોરિયલ રાખવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ભલામણમાં 'ભાગ ૨' એ શબ્દોને બદલે 'પેપર ૨' શબ્દો મૂકીને તે મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૬. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૨/૩-૨-૧૯૭૯ની સભામાં શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૪-૧૨-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા ઠરાવેલ હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બી.એડ.ના અભ્યાસક્રમના એજ્યુ. રેગ્યુ. પની પેટાકલમ (૩) નીચે મુજબ સુધારી તાત્કાલિક અમલમાં મૂકવી :

(3) One field work paper from the suggested topics mentioned in the Syllabus or the like from the Paper I, II & III ... 60 marks"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨/૩-૨-૧૯૭૯ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે—

(૧) પ્રાકૃત ભાષાના ડિપ્લોમા અને સર્ટિફિકેટ અભ્યાસક્રમો અન્ય યુનિવર્સિટીઓએ પણ શરૂ કર્યા છે તે જોતાં આ યુનિવર્સિટીમાં પણ આવા અભ્યાસક્રમો શરૂ કરવા આ વિદ્યાશાખા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ.ની પરીક્ષામાં ભાષાના જૂથમાં ગૌણ વિષય તરીકે જે ભાષા રાખી હોય તે ભાષાને મુખ્ય વિષય બનાવી પરીક્ષા આપવાની જોગવાઈ કરવી. આવા વિદ્યાર્થીઓ માટે ગૌણ વિષયની ભાષાના પ્રશ્નપત્રોના ગુણ કેરી ફોરવર્ડ કરવા તથા બાકીના ચાર પ્રશ્નપત્રો આપવાના રહે તેવી જોગવાઈ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

(૩) '(૯) પ્રાકૃત–પાલિ' અભ્યાસસમિતિનું હાલનું નામાભિધાન બદલી '(૯) પાલિ–પ્રાકૃત' એ પ્રમાણે રાખી સ્ટે. ૧૦૮ના સંબંધકર્તા ભાગમાં ફેરફાર કરવા યુનિવર્સિટીનાં અધિકૃત સત્તામંડળોને ભલામણ કરવામાં આવે છે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણમાં રહેલા ખ્યાલ સાથે આ સભાગૃહ સંમત છે એમ જણાવીને શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાને તે બાબતમાં ચોક્કસ અને વિગતવાર પ્રસ્તાવ રજૂ કરવા માટે જણાવવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી અને સ્પષ્ટતા કરવી કે તેમાં જણાવ્યા પ્રમાણે જે વિદ્યાર્થીઓના ગૌણ વિષયની ભાષાના પ્રશ્નપત્રોના ગુણ carry forward કરવામાં આવે તે વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની પરીક્ષામાં વર્ગ, ઈનામ, ચન્દ્રક કે કોઈ પણ પ્રકારના પ્રદાનને માટે પાત્ર ગણાશે નહીં.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ સ્વીકારીને સ્ટે. ૧૦૮માં જરૂરી સુધારો કરવા માટેની કાર્યવાહી હાથ ધરવી.

૮. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨/૩-૨-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે મૂલ્યાંકન કાર્ય વધારે ચોકસાઈથી થઈ શકે તથા તેમાં એકસૂત્રતા જળવાય અને સરખા ધોરણે મૂલ્યાંકન થાય તે માટે—

(૧) પ્રત્યેક પરીક્ષામાં એક હજાર વિદ્યાર્થીઓ હોય ત્યાં દર ચાર પરીક્ષકે એક મોડરેટર નીમવાની પ્રથા દાખલ કરવી. જ્યાં એક હજારથી ઓછી સંખ્યા હોય ત્યાં દરેક પ્રશ્નપત્રમાં કન્વીનર/ચેરમેનને મોડરેટરની ફરજ બજાવવાની વધારાની જોગવાઈ કરવી.

(૨) અનુસ્નાતક પરીક્ષાઓમાં અગાઉ ડબલ એસેસમેન્ટની જે પ્રથા હતી તે પુનઃ દાખલ કરવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં યુનિવર્સિટીની પરીક્ષાઓની સમગ્ર કામગીરી (મોડરેશન, ડબલ એસેસમેન્ટ, ૮મી પદ્ધતિ, કૉલેજોને પરીક્ષાઓ સોંપવાનો પ્રશ્ન, આંતરિક ગુણાંકન, પરીક્ષાઓ, ઇત્યાદિ) જોઈતપાસીને તેમાં કયા અને કેટલા ફેરફારો કરવાનું જરૂરી અને શક્ય છે તે જોઈતપાસીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૩. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૪. ડૉ. વી. સી. શાહ
૫. ડૉ. અંબાશંકર નાગર
૬. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી
૭. શ્રી. એચ. કે. ત્રિવેદી
૮. શ્રી. એસ. બી. વોરા
૯. શ્રી. એન. વી. પંડ્યા.

વધુમાં તબીબી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીને આ સમિતિમાં નિમંત્રિત વ્યક્તિ તરીકે હાજર રહેવા માટે વિનંતી કરવી.

૯. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨/૩-૨-૧૯૭૯ની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ.ની પરીક્ષામાં ભાષા–જૂથ લેનાર વિદ્યાર્થીએ મુખ્ય વિષયના ૬ પ્રશ્નપત્રો તથા ગૌણ વિષયના ૨ પ્રશ્નપત્રો લેવાની જોગવાઈ છે તેના વિકલ્પે પ્રત્યેક ભાષામાં ૮ પ્રશ્નપત્રો એટલે કે જે તે ભાષાના ઍન્ટાયર વિષયના આઠ પ્રશ્નપત્રો સાથે અભ્યાસ કરવાની જોગવાઈ કરવા ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨/૩–૨–૧૯૭૯ની સભાની નીચેનો ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે પ્રથમ વર્ષ બી.એ.માં દાખલ કરાયેલ પ્રશ્ન-બૅંક હાલના સ્વરૂપમાં ચાલુ રાખવા આ વિદ્યાશાખા અસંમત છે.

વધુમાં પ્રશ્નોના ફ્રેમિંગ માટે જરૂરી ટ્રેનિંગ (તાલીમ) માટે જુદા જુદા વિષયોમાં વર્કશોપ યોજવા તથા એ રીતે પ્રશ્નોની યાદી જે તે અભ્યાસસમિતિઓ તૈયાર કરી આપે તો તે માર્ગદર્શન માટે કૉલેજોને પરિપત્રિત કરવા આ વિદ્યાશાખા યુનિવર્સિટીને ભલામણ કરે છે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણને અનુલક્ષીને પ્રશ્નબૅંકની પદ્ધતિ જે પ્રયોગાત્મક ધોરણે દાખલ કરવામાં આવી હતી તે હવે બંધ કરવી.

(૨) સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨/૩-૨-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

' આથી ઠરાવવામાં આવે છે કે લાઇબ્રેરી સાયન્સની ઍડહૉક સમિતિની તા. ૭-૧૦-૧૯૭૮ની સભાની ભલામણ અનુસાર લાઇબ્રેરી સાયન્સના અભ્યાસક્રમના પ્રશ્નપત્ર–૪, પાર્ટ ૧ અને ૨ની વિગતો મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.
(મંજૂર કરવામાં આવેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૨. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની તા. ૨/૩-૨-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. ઇતિહાસ વિષયમાં માસ્ટર્સ એસે ને બદલે ડિઝર્ટેશન રાખવાના ફેરફાર સાથે પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.એ.ના તથા એમ.એ. ભાગ ૧ અને ભાગ ૨ના ઇતિહાસના અભ્યાસક્રમો અંગેની અભ્યાસસમિતિની ભલામણો મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.
(મંજૂર કરવામાં આવેલી ભલામણો તથા અભ્યાસક્રમોની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૩. રસાયણશાસ્ત્રની અભ્યાસસમિતિના સભ્યો તરફથી આવેલી નીચેની ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૭-૩-૧૯૭૯નો સભામાં સ્વીકારવા ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

" યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ભલામણ અન્વયે એમ.એસસી. પાર્ટ ૨માં ઇન્ડસ્ટ્રિયલ એનેલિટિકલ કેમિસ્ટ્રીના અભ્યાસક્રમ માટે એમ.એસસી. પાર્ટ ૧માં ઇનઑર્ગેનિક, ઑર્ગેનિક અને ફિઝિકલનાં હાલ જે ત્રણ પેપર્સ છે તે ત્રણને બદલે ચાર પેપર્સ કરી એનેલિટિકલ કેમિસ્ટ્રીનું એક પેપર ઉમેરવું. નવાં અનુસ્નાતક કેન્દ્રો શરૂ થાય છે અને તેમને આ કારણે કાંઈ મુશ્કેલી ઊભી ન થાય તે માટે એમ.એસસી., પાર્ટ ૧માં એનેલિટિકલ કેમિસ્ટ્રીનું પેપર ફરજિયાત રાખવું નહીં અને એમ.એસસી. પાર્ટ ૧માં ઉત્તીર્ણ થવા માટે હાલની જેમ ફક્ત ઇનઑર્ગેનિક, ઑર્ગેનિક અને ફિઝિકલ કેમિસ્ટ્રીનાં ત્રણ પેપર્સનાં પરિણામ જ લક્ષમાં લેવાં. એનેલિટિકલ કેમિસ્ટ્રીનો કોર્સ હાલ ફક્ત યુનિવર્સિટીના રસાયણ વિભાગમાં જ ચાલે છે તે ધ્યાનમાં રાખી ઉપર મુજબની ભલામણ પસાર કરવાની રસાયણશાસ્ત્રની અભ્યાસસમિતિના સભ્યોએ કરી છે. આ સાથે જણાવ્યા મુજબનો કોર્સ એમ.એસસી. ૧ના અભ્યાસક્રમમાં ઐચ્છિક વધારાના વિષય માટે મંજૂર કરવો."

વિજ્ઞાન વિદ્યાશાખાની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની ભલામણ સ્વીકારવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે વિદ્યાશાખાના ડીન અભ્યાસક્રમ મોકલે તે યુનિવર્સિટીનાં સત્તામંડળો સમક્ષ બારોબાર રજૂ કરવાની સત્તા આપવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.
(મંજૂર કરવામાં આવેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૧૪. બોટેની-ઝૂલોજી બોર્ડની સંયુક્ત સભાની તા. ૧૯-૧-૧૯૭૯ની સભાની નીચેની ભલામણો વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૭-૩-૧૯૭૯ની સભામાં સ્વીકારવા ભલામણ કરી હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત :

"(૧) આ સભા ઠરાવે છે કે પ્રથમ વર્ષ બી.એસસી. બોટેનીના પ્રશ્નપત્ર ૧ના મુદ્દા નં. ૮ જિનેટિક્સનો અભ્યાસક્રમ નીચે પ્રમાણે સુધારવામાં આવેલ છે અને સુધારેલ અભ્યાસક્રમને જૂન ૧૯૭૯ થી અમલમાં લાવવા ભલામણ છે :

V. Plant Physiology :

Mineral Nutrition (role of Ca, Mg P & Cu) Transpitation Active & Passive absorption of water and minerals, Photosynthesis (Cyclic and non-cyclic electron transfer and CO_2 fixation, Benson-Calvin-Cycle) Respiration (Glycolysis, Krebs, Cycle and Oxidative Phosporylation) Growth & differentiation, Growth and Plant hormones, General aspects of germination.

VIII. Genetics :

Multiple alles (Blood group) concept of gene, Mutations (Chromosomal--and gene—) Interaction of genes (complete and incomplete dominance, Lethal genes, Epistasis 9 : 7 and 9 : 3 : 4 ratios, Elements of human genetics (colour blindness and sickle cell anaemia)

(૨) પ્રથમ વર્ષ બી.એસસી. બાયોલોજી પ્રેક્ટિકલ્સના મોડેલ પ્રશ્નપત્રમાં આપેલ પ્રાયોગિક યાદી આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ સુધારવામાં આવી છે અને સુધારેલ યાદી જૂન ૧૯૭૯ના વર્ષથી અમલમાં લાવવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે--

(૧) સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. (૧) મંજૂર કરવી અને તે મુજબ પ્રથમ વર્ષ વિજ્ઞાનના અભ્યાસક્રમમાં વનસ્પતિવિજ્ઞાનના પ્રશ્નપત્ર નં. ૧ ના મુદ્દા નં. ૮ નો અભ્યાસક્રમ સુધારવો અને તેને તા. ૧૫ જૂન ૧૯૭૯થી અમલમાં મૂકવો.

(૨) સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ નં. ૨ મંજૂર કરવી અને તે મુજબ પ્રાયોગિક કામોની સુધારેલી યાદી મંજૂર કરવી અને તેને તા. ૧૫ જૂન, ૧૯૭૯થી અમલમાં મૂકવી.

(પ્રાયોગિક કામોની સુધારેલી યાદીની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૧૫. પ્રથમ વર્ષ બી.એસસી. ભૌતિકશાસ્ત્રના અભ્યાસક્રમમાં નીચેના ફેરફારો કરવાની અભ્યાસસમિતિની ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૭—૩—૧૯૭૯ની સભામાં સ્વીકારી તેને જૂન ૧૯૭૯થી અમલમાં મૂકવા માટે ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"***Paper I :***

Following portion is deleted.

(1) Moving frames of reference (whole chapter)

(2) Torsional Pendulum, couple per unit twist.

(3) Explanation of laws of Reflection and Refraction by Huyghens principle.

(4) Velocity of light by facults method

(5) Babinates compensator.

Paper II :

In the chapter on Thermoelectricity only the following portion is retained.

Thermoelectricity (28.8) Application of the fundamental Thermocouple equations (28.9).

Ref. University Physics by Sears and Eeemansky, page 540–45,

Chapter 28. Chapter on accelerators is deleted."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ પ્રથમ વર્ષ બી.એસસી.ના ભૌતિકવિજ્ઞાનનો અભ્યાસક્રમ સુધારવો અને તેને ૧૫ જૂન ૧૯૭૯થી અમલમાં મૂકવો.

૧૬. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૭–૩–૧૯૭૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની એક વાર ફર્સ્ટ બી.એસસી.ની પરીક્ષા બાયોલોજી વિષય સાથે પાસ કરી આ યુનિવર્સિટીના સેકન્ડ બી.એસસી.ના વર્ગમાં જોડાનાર વિદ્યાર્થી એસ.વાય.બી.એસસી.ના અભ્યાસ સાથે ફર્સ્ટ બી.એસસી.ના ફક્ત મૅથેમેટિક્સ વિષયની પરીક્ષા સત્રો રાખી આપવા માંગે તો તેમ કરવા દેવાની પરવાનગી આપવી અને તે અંગે નિયમોમાં ઘટતી જોગવાઈ કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ યુનિવર્સિટીનાં ધારાધોરણોમાં જરૂરી સુધારો કરવા માટેની કાર્યવાહી હાથ ધરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે જે વિદ્યાર્થીઓ ગણિત સાથે ફર્સ્ટ બી.એસસી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તેમને જે પરીક્ષામાં બાયોલોજીના વિષય સાથે ફરીથી બેસવું હોય તો તે બાબતમાં શું થઈ શકે તે વિચારવા માટે વિજ્ઞાન વિદ્યાશાખાને સૂચવવું.

૧૭. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૦–૯–૧૯૭૯ની સભાએ ત્રીજા વર્ષ બી.એસસી.માં વર્ગ આપતી વખતે અંગ્રેજીના ગુણ જે ગણતરીમાં લેવામાં આવે છે તે ૭૦ ગુણનું પ્રશ્નપત્ર છે તેને માટે ૫૦ ગુણ ગણી પ્રોરેટા માર્ક્સ વર્ગ આપવાની ગણતરી માટે ગણવા ઠરાવેલ છે. આના સંદર્ભમાં વર્ગ આપવા માટે ક્રેડિટ ગુણ ગણતરીમાં લેવામાં આવે છે તે રાખવા કે કેમ તે બાબતમાં વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૭–૩–૧૯૭૯ની સભામાં કરેલી નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે ત્રીજા વર્ષ બી.એસસી.માં વર્ગ આપતી વખતે અંગ્રેજીનું પ્રશ્નપત્ર ૭૦ ગુણનું હોઈ તે ગુણ ગણતરીમાં લેવામાં આવે છે તેને બદલે વર્ગ આપતી વખતે ત્રીજા વર્ષ બી.એસસી. અંગ્રેજીના પ્રશ્નપત્ર માટે ૫૦ ગુણના પ્રોરેટા ગુણ ગણી વર્ગ આપવાનું

રાખવું અને તે માટે રેગ્યુ. સાયન્સ ૧૫ સુધારવા ભલામણ છે. ક્રેડિટ ગુણની ગણતરી માટેના નિયમોમાં સુધારો કરવાની જરૂરિયાત જણાતી નથી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે પાછી મોકલવી.

૧૮. કાયદાની વિદ્યાશાખાની તા. ૧૪–૨–૧૯૭૯ની સભાનો નીચેનો ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે એલએલ.એમ. ભાગ ૧ અને ભાગ ૨નો સુધારવામાં આવેલ અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવો અને તેને લગતો રેગ્યુલેશન લો આર. ૧૨ (ન્યૂ) સુધારી તેને જૂન ૧૯૭૯થી અમલમાં લાવવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ એલએલ.એમ. ભાગ ૧ અને ૨ માટેનો અભ્યાસક્રમ સુધારીને અને તે મુજબ રેગ્યુ લૉ આર. ૧૨ (ન્યૂ) મંજૂર કરીને તેને તા. ૧લા, જૂન ૧૯૭૯થી અમલમાં મૂકવો.

(સુધારવામાં આવેલ અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૧૯. એસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝના નીચેના ઠરાવ ઉપર યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને યુનિવર્સિટીનું મંતવ્ય માંગેલું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"In order to encourage mass participation and thereby, improve the general standards of Physical fitness of the University students, the Committee resolved to recommend to the Universities that Physical Education may be introduced as an examination subject. It was also recommended that the Ministry of Education and Social Welfare, and the University Grants Commission may be approached to provide necessary financial assistance to the Universities. Additional expenses for creating new facilities required in consequence of implementing this programme as an examination subject are only to be expected."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં શારીરિક શિક્ષણ (ફિઝિકલ એજ્યુકેશન)નો વિષય અભ્યાસક્રમમાં દાખલ કરવા માટે આ સભા સૈદ્ધાંતિક રીતે સંમત છે અને તે માટે જરૂરી વિગતો તૈયાર કરવા માટે એક સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં સ્પેઇસ એપ્લિકેશન સેન્ટરમાં રીડર ઇન સ્પેઇસ સાયન્સીઝ એન્ડ ધેર એપ્લિકેશન્સની એક જગ્યા માટે તા. ૧૩–૩–૧૯૭૯ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવી અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનના સ્પેસ એપ્લિકેશન સેન્ટરમાં રીડર ઈન સ્પેસ સાયન્સીસ એન્ડ ધેર એપ્લિકેશન્સની એક જગ્યા પર ડૉ. કે. જી. જાનીની નિમણૂક કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૩–૩–૧૯૭૯ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૨૧. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન માઇક્રોબાયોલોજીની બે જગ્યાઓ માટે તા. ૧૭–૩–૧૯૭૯ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ સ્વીકારવી અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં માઇક્રોબાયોલોજી વિભાગમાં લેક્ચરર ઇન માઇક્રોબાયોલોજીની બે જગ્યા પર ડૉ. એન. કે. યાદવ અને ડૉ. કે. એસ. પટેલની નિમણૂક કરવા એકિઝકયુટિવ કાઉન્સિલ ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૭–૩–૧૯૭૯ની સભાની ભલામણની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૨૨. ઑ. ૧૬૬(૨) (બી)(૨) મુજબ કૉલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલ પર એકેડેમિક કાઉન્સિલના બે સભ્યોની નિયુક્તિ કરવા બાબત :

[નોંધ.—ઑ. ૧૬૬ (૨) (બી) (૨)નો પાઠ નીચે ટાંકયો છે :

Two members nominated by the Academic Council from amongst its members.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાઉન્સિલ પર આ સભાગૃહના પ્રતિનિધિઓ તરીકે ડૉ. ઉમાબહેન પટેલ અને ડૉ. રમણભાઈ જોશીની નિમણૂક કરવી.

૨૩. ડેન્ટલ સર્જરીનો અભ્યાસસમિતિની તા. ૧૦–૧૧–૧૯૭૮નો સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બી. ડી. એસ. અને એમ. ડી. એસ.ની પરીક્ષા માટે પરીક્ષકોની લાયકાત અંગેનાં સુધારવામાં આવેલાં ધોરણો આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ડેન્ટલ સર્જરીની અભ્યાસસમિતિએ સૂચવેલ નિયમો, નિયમ નં. ૩માં 'should'ને બદલે 'may' શબ્દ મૂકીને મંજૂર કરવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સુધારવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૨૪. ગુજરાત રાજ્ય તરફથી પ્રસિદ્ધ થયેલ તા. ૨૯–૯–૧૯૭૮ના ગુજરાત એક્ટ નંબર ૩૨થી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૨માં સુધારો કરવામાં આવ્યો તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૫. તબીબી વિદ્યાશાખાની તા. ૨–૨–૧૯૭૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ત્રીજી એમ.બી.,બી.એસ.ની મેડિસિન વિષયની પ્રાયોગિક પરીક્ષામાં ગુણનું વિભાગીકરણ નીચે મુજબ સુધારવું અને પરીક્ષકોને આપવાની સૂચનામાં તે મુજબ સુધારવું :

Practical Examination in Medicine Third M,B.,B,S. Practical Examination as detailed below :

In the Practical Examination in Medicine, the distribution of marks shall be as follows :

Clinical–long Cases : 60 marks (Due consideration should be given for elicitation of Physical finding, their interpretation and discussion of the case)

Short Cases :

Short case I	35 marks
Short case II	35 marks
Viva-Voce Table-I	40 marks
,, Table-II	40 marks

The time to be devoted to the various Practical Examinations in Medicine at the Third M.B.B.S. Examination shall be as follows :

There will be three pairs of Examiners and they will be numbered as Pair-I, Pair-II and Pair-III.

Not more than 18 candidates will be examined at a time and they will be divided into three groups called A, B and C.

(The other details remain the same.) "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે પાછી મોકલવી.

૨૬. તબીબી વિદ્યાશાખાની તા. ૨–૨–૧૯૭૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"મેડિકલ કાઉન્સિલની એક્ઝિકયુટિવ કમિટીની તા. ૬–૯–૧૯૭૮ના પત્રથી આવેલી નીચેની ભલામણ મંજૂર કરવા ભલામણ કરવી :

As adequate number of duly qualified and experienced teachers in Forensic Medicine may not be available Therefore, in order to meet with the immediate requirements of the medical institutions to embark upon the programme to start post-graduate courses in Forensic Medicine, the Executive Committee resolved that where persons possessing M.D. (Forensic Medicine) are not available, teachers having post-graduate qualification in subjects e.g. Medicine, Pathology, Anatomy, Surgery, etc. and having 5 to 10 years' experience in Forensic Medicine may also be recognised as Post-graduate teachers in Forensic Medicine for the present even though they may not have any post-graduate qualification in Forensic Medicine."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે પાછી મોકલવી.

૨૭. તબીબી વિદ્યાશાખાની તા. ૨–૨–૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"પ્રી-ક્લિનિકલ વિષયની અભ્યાસસમિતિની ભલામણ પર વિચારણા કરી આ વિદ્યાશાખા ઠરાવે છે કે એમ.એસસી. મેડિકલની પરીક્ષામાં દરેક પ્રશ્નપત્રમાં ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ મેળવે તેવી જોગવાઇ ઉમેરીને એમ.એસસી. મેડિકલ રેગ્યુલેશન ૪ નીચે મુજબ સુધારવા એકેડેમિક કાઉન્સિલને

ભલામણ કરવી :

R. M.Sc. (Med.) 4 :

To pass M.Sc. (Medical) Part II Examination a candidate will be required to obtain at least 40% of marks in each paper separately and 50% of the total marks in the aggregate of theory papers and 50% of the total marks in Practicals and Oral test taken together."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સુધારેલો રેગ્યુ. એમ.એસસી. મેડિકલ ૪ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૨૮. નીચે જણાવેલ કૉલેજો / સંસ્થાઓ તરફથી જૂન ૧૯૮૦થી નવી વિદ્યાશાખા ઉમેરવા નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજીઓ બાબતમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અનુસાર જરૂરિયાત નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	અરજી કરનાર કૉલેજ/સંસ્થાનું નામ	વિગત
(૧)	લુણાવાડા વિભાગ વિદ્યોત્તેજક મંડળ, લુણાવાડા	વાણિજ્યની વિદ્યાશાખા ઉમેરવા માટે
(૨)	સોશિયલ સર્વિસ સર્કલ ટ્રસ્ટ, ગાંધીધામ	હિન્દી માધ્યમની શિક્ષણની નવી કૉલેજ, શરૂ કરવા માટે
(૩)	ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ	ભીલોડા (જિ. સાબરકાંઠા) વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટે
(૪)	ઉત્તર-પૂર્વ ગુજરાત કેળવણી મંડળ, પિલવાઈ	ફાર્મસીની નવી કૉલેજ શરૂ કરવા માટે
(૫)	આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ,	,,
(૬)	શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ	,,
(૭)	એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા	ફાર્મસીની નવી વિદ્યાશાખા ઉમેરવા માટે
(૮)	સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	,,
(૯)	ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ દાહોદ	સંતરામપુર (જિ. પંચમહાલ)માં વિનયન અને વાણિજ્યની નવી કૉલેજ શરૂ કરવા માટે

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજીઓની બાબતમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૨) અનુસાર સંબંધકર્તા કૉલેજો/વિદ્યાશાખાની જરૂરિયાત જોઈ-તપાસીને પોતાની ભલામણો રજૂ કરવા માટે નીચે મુજબ બે સમિતિઓની રચના કરવી :

સૂચિત કૉલેજો/વિદ્યાશાખા નં. ૧, ૨, ૩ અને ૯ માટે :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૨. આચાર્ય કે. એન. શાહ
૩. આચાર્ય બી. એમ. પીરજાદા
૪. ડૉ. કે. જી. દેસાઈ.

ફાર્મસીની સૂચિત કૉલેજો / વિદ્યાશાખા નં. ૪, ૫, ૬, ૭ અને ૮ માટે :

૧. ફાર્મસી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી

૨. ડૉ. વી. સી. શાહ

૩. આચાર્યા ભાનુબહેન ત્રિવેદી

૪. શ્રી. એન. વી. પંડ્યા

૫. ડૉ. એન. એન. ઉદવાડિયા

૬. ડૉ. અવિનાશ મુનશી

૭. શ્રી. નગીનદાસ શાહ.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિઓની ભલામણો આવ્યેથી આ સભાગૃહ વતી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૯. કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી તરફથી જૂન ૧૯૭૯થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ મેળવવા માટેની અરજી એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮–૧–૧૯૭૯ની સભામાં એકૅડેમિક કાઉન્સિલને પુનર્વિચારણા માટે મોકલી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૯ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૯થી તા. ૧૪–૬–૧૯૮૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે તેમ જ પ્રયોગશાળા માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની તેમ જ પ્રયોગશાળાનાં સાધનોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછો રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૩૦. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૯થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, તત્ત્વજ્ઞાન અને રાજ્યનીતિશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં હિન્દી, અંગ્રેજી અને મનોવિજ્ઞાનના વિષયો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૭/૨૮–૧–૧૯૭૯ની સભામાં એકૅડેમિક કાઉન્સિલને પુનર્વિચારણા માટે મોકલી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

બેઉ સમિતિઓના રિપોર્ટ પર વિચારણા કરવામાં આવી અને તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૯ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, તત્ત્વજ્ઞાન અને રાજ્યનીતિશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં હિન્દી, અંગ્રેજી અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૯થી તા. ૧૪–૬–૧૯૮૨ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા;

(૨) સંસ્કૃતના વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછો રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે, તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી "ગ્રચ્યુઇટી ફંડ" ઊભું કરવામાં આવે.

૩૨. બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર તરફથી જૂન ૧૯૭૯થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર; બી.એ. (સબો.)માં હિન્દી, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન માટે ચાલુ જોડાણ માટે તથા બી.એસસી. (સ્પે.)માં ભૌતિકશાસ્ત્રના વિષય માટે વધારાના જોડાણ માટે તથા વાણિજ્યની નવી વિદ્યાશાખા ઉમેરવા માટેની અરજી એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૭/૨૮–૨–૧૯૭૯ની સભાએ એકેડેમિક કાઉન્સિલને પુનર્વિચારણા માટે મોકલી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

અને

૩૩. બનાસકાંઠા જિલ્લા કેળવણી મંડળ, પાલનપુર સંચાલિત બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુરમાં જૂન ૧૯૭૯થી વાણિજ્યની વિદ્યાશાખા શરૂ કરવા અંગેની મંડળની રજૂઆત રાજ્ય સરકારે તેના તા. ૨૭–૨–૧૯૭૯ના પત્રથી માન્ય કરેલ હોઈ તેને અનુલક્ષીને જરૂરી કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ, પાલનપુરના પ્રમુખશ્રીના તા. ૨૭–૪–૧૯૭૯ના પત્રની નોંધ લેવામાં આવી.

તે પછી કરાવવામાં આવ્યું કે બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૫–૧૯૭૯ સુધીમાં કરે તો તેને (૧) બી.એ (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં હિન્દી, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને રાજ્યશાસ્ત્ર તેમ જ (૨) બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૯થી તા. ૧૪–૬–૧૯૮૪ સુધીનું ચાલુ જોડાણ, (૩) બી.એસસી.(સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન તથા (૪) બી.એસસી.(જન.)માં ગણિતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૯થી તા. ૧૪–૬–૧૯૮૧ સુધીનું વધારાનું જોડાણ અને (૫) બી-કૉમ.(પ્રિન્સિ.)માં એડવાન્સ્ડ એકાઉન્ટન્સી એન્ડ ઑડિટિંગ તથા બી.કૉમ.(સબો.)માં સેક્રેટરિયલ પ્રેક્ટિસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૯થી તા. ૧૪–૬–૧૯૮૦ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે શિક્ષકગણ નીમવામાં આવે :

૧. અંગ્રેજીના એક પૂર્ણ સમયના અને બે ખંડ સમયના વ્યાખ્યાતા
૨. રસાયણવિજ્ઞાનના બે ખંડ સમયના વ્યાખ્યાતા
૩. ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા
૪. ગણિતના એક વ્યાખ્યાતા
૫. અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
૬. એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
૭. વાણિજ્યના એક વ્યાખ્યાતા;

[**નોંધ.**—(૧) ઑર્ડિ. ૧૨૦–એના સંદર્ભમાં કાર્યભારને અનુલક્ષીને જરૂરી વધારાના વ્યાખ્યાતાઓ નીમવામાં આવે.

(૨) વધારાના વિષયના જોડાણ માટે નવા શિક્ષકોની નિમણૂકો કરવાની જરૂર ઊભી થાય તો તે માટે રાજ્ય સરકારની પૂર્વસંમતિ મેળવીને તે મળ્યાની યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવામાં આવે.]

(૨) નવી વિદ્યાશાખાને કારણે વિદ્યાર્થી-સંખ્યા વધતાં કૉલેજના નવા મકાન માટેની કાર્યવાહી આગામી બે વર્ષમાં પૂરી કરવાની બાંયધરી આપવામાં આવે;

(૩) ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૨૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૫) ગ્રંથાલયમાં નીચે જણાવ્યા પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

૧.	ભૌતિકવિજ્ઞાન માટે	રૂ. ૨,૦૦૦
૨.	ગણિતના વિષય માટે	રૂ. ૧,૦૦૦
૩.	વાણિજ્ય વિદ્યાશાખાનાં પુસ્તકો માટે	રૂ. ૫,૦૦૦
૪.	સામયિકો માટે	રૂ. ૧,૦૦૦
૫.	સંદર્ભગ્રંથો માટે	રૂ. ૧૦૦૦;

(૬) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૭) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમના બાકી લેણાની રકમ સંચાલક મંડળે આપેલ બાંયધરીઓ પ્રમાણે ચૂકવી આપવામાં આવે;

(૮) છૂટા થયેલા અધ્યાપકોને એમની પગાર, પી.એફ.ની લેણી રકમો ઉપરાંત ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવી દેવામાં આવે; અને

(૯) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી કે કૉલેજના સ્થાપના વર્ષથી (આ જૂન ૧૯૭૨ પછી સ્થપાયેલી કૉલેજોને લાગુ પડે છે) ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે.

૩૨. શ્રી. વીરેન્દ્ર એજ્યુકેશન સોસાયટી સંચાલિત નટવરસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરમાં જૂન ૧૯૭૯થી વાણિજ્ય વિદ્યાશાખા શરૂ કરવા અંગેની સંચાલક મંડળની અપીલ રાજ્ય સરકારે માન્ય કરી હોઈ તેને અનુલક્ષીને જરૂરી કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ઇટાડિદેપુર નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૧૧-૧૯૭૯ સુધીમાં કરે તો તેને બી. કૉમ. (પ્રિન્સિ.)માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના તથા બી.કૉમ. (સબો.)માં (૧) સેક્રેટરિયલ પ્રૅક્ટિસ, (૨) મૅથેમેટિકસ (ફૉર સ્ટેટિસ્ટિકસ ઍ૨ ઍકચ્યુરિયલ સાયન્સ), (૩) બૅન્કિંગ ઍન્ડ ફાઇનાન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧-૬-૧૯૭૯થી તા. ૧૪–૬–૧૯૮૦ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણેની નિમણૂંકો કરવામાં આવે :

૧. આચાર્ય
૨. અંગ્રેજીના બે વ્યાખ્યાતા
૩. અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
૪. એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
૫. વાણિજ્યના એક વ્યાખ્યાતા
૬. ભૌતિકવિજ્ઞાનના બે સમયના વ્યાખ્યાતા
૭. રસાયણવિજ્ઞાનના બે સમયના વ્યાખ્યાતા

(નોંધ.—ઑર્ડિ. ૧૨૦–એના સંદર્ભમાં કાર્યભારને અનુલક્ષીને જરૂરી વધારાના વ્યાખ્યાતાઓ નીમવામાં આવે.)

(૨) ગ્રંથાલયમાં નીચે જણાવ્યા પ્રમાણે અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

૧. વાણિજ્ય વિદ્યાશાખાનાં પુસ્તકો માટે	રૂ. ૫,૦૦૦
૨. સામયિકો માટે	રૂ. ૧,૦૦૦
૩. સંદર્ભગ્રંથો માટે	રૂ. ૧,૦૦૦;

(૩) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકુપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૬) પ્રૉવિડન્ટ ફન્ડનાં નાણાં પૂરેપૂરાં જમા કરાવી દેવાં; અને

(૭) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧-૪-૧૯૭૨થી ગ્રેચ્યુઇટી ફંડ' જાળવવું કરવામાં આવે.

૩૩. સદરહુ બાબતની વિચારણાનો આગળ બાબત નં. ૩૧માં સમાવેશ થઈ ગયેલ હોઈ તે અંગે કશું કરવાપણું રહ્યું નહીં.

૩૪. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

૧ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૨–૩–૧૯૭૯ની સભામાં ડૉ. એમ. એન. દેસાઈને તા. ૧૫ જૂન, ૧૯૭૯ થી પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રીની જગ્યા પરથી પ્રોફેસર ઑફ એનાલિટિકલ ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રીની જગ્યા પર મૂકવાનું ઠરાવ્યાના;

૨. વિનયન વિદ્યાશાખામાં ૧૦ + ૨ + ૩ વર્ષના અભ્યાસક્રમની નવી તરાહ અમલમાં આવતાં ફર્સ્ટ બી.એ. એકસ્ટર્નલ પરીક્ષાના ઑર્ડિનન્સ આર્ટ્સ ૧, ઑર્ડિનાન્સ આર્ટ્સ ૨ અને રેગ્યુલેશન એકસ્ટર્નલ આર્ટ્સ ૧ (એફ.વાય.બી.એ.) નિયમિત વિદ્યાર્થીઓના મંજૂર થયેલ અભ્યાસક્રમના આધારે શાબ્દિક ફેરફાર કરીને કાર્યાલય તરફથી તૈયાર કરવામાં આવેલ તે મંજૂર કર્યાના;

૩ ઑક્ટોબર ૧૯૭૮માં લેવાયેલ એમ.એસસી. (મેડિકલ) પાર્ટ ૨નાં વિદ્યાર્થિની નં. ૫ કુ. રશ્મિતા ડી. મોદીને પેપર ૧, પેપર–૩ અને પ્રાયોગિક પરીક્ષામાં ૫૦ ટકા ગુણ મેળવ્યા હોઈ તેમાં ઉત્તીર્ણતાના નિયમમાં થતા ફેરફારના ઉપલક્ષ્યમાં ખાસ કેસ તરીકે મુક્તિ રાખવા દેવા પરવાનગી આપ્યાના;

૪. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮–બી અન્વયે એમ.જી. સાયન્સ ઇન્સ્ટિટયૂટ, અમદાવાદની સ્વાયત્તતા મેળવવા માટેની અરજી પર એકેડેમિક કાઉન્સિલની ભલામણમાં "તા. ૧૫મી જૂન ૧૯૭૮થી તા. ૧૪મી જૂન ૧૯૮૧"ની મુદત દર્શાવી છે તેને બદલે તા. ૧૫–૬–૧૯૭૯ થી તા. ૧૪–૬–૧૯૮૨ " સુધીની એ પ્રમાણે સુધારો કર્યાના;

૫. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮બી અન્વયે એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદની સ્વાયત્તતા મેળવવા માટેની અરજી એકેડેમિક કાઉન્સિલની ભલામણમાં "તા. ૧૫મી જૂન ૧૯૭૮થી તા. ૧૪મી જૂન ૧૯૮૧ "ની મુદત દર્શાવી છે તેને બદલે "તા. ૧૫—૬—૧૯૭૯થી તા. ૧૪–૬—૧૯૮૨ " સુધીની એ પ્રમાણે સુધારો કર્યાના;

૬. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૨૮–૨—૧૯૭૮ની સભાની ભલામણ અનુસાર એમ.એ. ભાગ—૨ ગુજરાતીના પ્રશ્નપત્ર—૪માં હાલ એક મધ્યકાલીન અને અર્વાચીન એમ બે ગ્રંથકારોનો તલસ્પર્શી અભ્યાસ અભ્યાસક્રમમાં છે તેને બદલે એક ગ્રંથકાર મધ્યકાલીન ગ્રંથકાર અથવા અર્વાચીનકાલીન ગ્રંથકારને અભ્યાસક્રમમાં રાખી સંબંધકર્તા રેગ્યુ. એમ.એ. ૭માં સુધારો કરી તેને જૂન, ૧૯૭૮થી અમલમાં મૂકવાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૩૫. કાયદાની વિદ્યાશાખાની તા. ૧૭–૩–૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" આથી ઠરાવવામાં આવે છે કે કાયદાની કૉલેજોમાં શિક્ષકોની નિમણૂક અંગેનાં લાયકાતનાં ધોરણો સુધારવામાં આવેલ છે જે આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવી તથા તે મુજબ કાયદાની વિદ્યાશાખાની કૉલેજોના શિક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધોરણો સ્વીકારવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સુધારવામાં આવેલાં લાયકાતનાં ધોરણોની નકલ **પરિશિષ્ટ** " ટ " તરીકે સામેલ છે.)

૩૬. કાયદાની વિદ્યાશાખાની તા. ૧૭-૩-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

" આથી ઠરાવવામાં આવે છે કે એલએલ.એમ.માં પ્રવેશ આપવા બાબતમાં પ્રવેશ ગુણાંકને માટે જ્યાં બંને સંબંધિત પરીક્ષામાં વિદ્યાર્થી પસાર થયેલ હોય તેવા કિસ્સામાં જે પરીક્ષામાં તેણે વધુ ટકા ગુણ મેળવ્યા હોય તે લક્ષમાં લેવા "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૭. કાયદાની વિદ્યાશાખાની તા. ૧૭-૩-૧૯૭૯ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"(1) In order to reach the objective of restricting the total number of part-time teachers as required by the Bar Council of India and the University Grants Commission, it is resolved to take prompt steps to increase progressively the number of full-time teacher for teaching law and as the first step, taking into account the fact of the paucity of full-time teachers for teaching Law, it is resolved that every law college affiliated to this University shall have besides the Principal, not less than two full-time teachers for teaching law with effect from the next academic year and further resolved that if for any reason whatsoever the Prineipal of a composite college preparing students inter alia for the degree of LL.B.fo this University does not belong to the Faculty of Law, such a college shall have not less than three full-time teachers for teaching law.

(2) This faculty accepts the proposal of the Bar Council of India that ' it is desirable to distribute synopsis before the lecturers or the holding of the moot courts'."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણો સ્વીકારવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૮. માઇક્રોબાયોલોજીની અભ્યાસસમિતિની તા. ૧૬/૧૭-૨-૧૯૭૯ની સભાની ભલામણ અનુસાર એમ.એસસી. ભાગ-૨નો માઇક્રોબાયોલોજીના અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ મંજૂર કરી તેને જૂન ૧૯૭૯થી અમલમાં મૂકવાની વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૭-૩-૧૯૭૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ એમ.એસસી. ભાગ ૨નો માઈક્રોબાયોલોજીનો અભ્યાસક્રમ સુધારવો અ ને તેને ૧૫ જૂન ૧૯૭૯થી અમલમાં મૂકવો

(મંજૂર કરવામાં આવેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૩૯. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૪-૧૦-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવ્યું કે ગુજરાતી એમ.એ.—ભાગ ૨માં પ્રશ્નપત્ર—૬ના વિકલ્પમાં ડિઝર્ટેશનનું પ્રશ્નપત્ર આપવું અને આ પ્રશ્નપત્ર નિયમિત (રેગ્યુલર) વિદ્યાર્થીઓ કે જેઓએ ગુજરાતી એમ.એ.—ભાગ ૧ની પરીક્ષામાં ૫૦ ટકા ગુણ મેળવ્યા હોય કે એથી વધુ તેઓ જ ડિઝર્ટેશન ૪ પ્રશ્નપત્ર રાખી શકશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી અને તેની ભલામણ ઉપરથી આ સભા ગૃહ ઘની જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૦. માઇક્રોબાયોલોજીની અભ્યાસસમિતિની તા. ૧૬/૧૭-૨-૧૯૭૯ની સભાની ભલામણ અનુસાર બીજા વર્ષ બી.એસસી. માઇક્રોબાયોલોજીનો અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ મંજૂર કરી તેને જૂન, ૧૯૭૯થી અમલમાં મૂકવા અંગેની ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૩-૭-૧૯૭૯ની સભાએ સ્વીકારેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ બીજા વર્ષ બી.એસસી.માં માઇક્રોબાયોલોજીનો અભ્યાસક્રમ સુધારવો અને તેને ૧૫ જૂન ૧૯૭૯થી અમલમાં મૂકવો.

[મંજૂર કરવામાં આવેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "ડ"** તરીકે સામેલ છે.]

૪૧. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૭-૩-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજીની અભ્યાસસમિતિએ સૂચવેલ બીજા વર્ષ બી.એસસી.નો અભ્યાસક્રમ મંજૂર કરી તેને જૂન ૧૯૭૯ થી અમલમાં મૂકવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરનો ભલામણ સ્વીકારવી અને તે મુજબ બીજા વર્ષ બી.એસસી.માં ઝૂલોજીનો અભ્યાસક્રમ સુધારવો અને તેને ૧૫ જૂન ૧૯૭૯થી અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "ણ"** તરીકે સામેલ છે.)

૪૨. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૭-૩-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિએ બીજા વર્ષ બી.એસસી.ના રસાયણવિજ્ઞાનનો તૈયાર કરેલ અભ્યાસક્રમ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવી અને તે મુજબ બીજા વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાનનો અભ્યાસક્રમ સુધારવો અને તેને ૧૫ જૂન ૧૯૭૯થી અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૪૩. વનસ્પતિવિભાગની અભ્યાસસમિતિની તા. ૨૩–૧૨–૧૯૭૮ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવાની વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૭–૩–૧૯૭૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"સેકન્ડ બી.એસસી. બોટેનીના પ્રશ્નપત્ર–૩ અને ૪ (જનરલ) અને પ્રશ્નપત્ર ૫ (સ્પે.)નો થિયરી અને પ્રેક્ટિકલ્સનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખી તેને જૂન ૧૯૭૯ થી અમલમાં મૂકવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવી અને તે મુજબ સેકન્ડ બી.એસસી.માં બોટેનીના પ્રશ્નપત્ર ૩ અને ૪ (જનરલ) અને પ્રશ્નપત્ર ૫ (સ્પેશિયલ)નો થિયરી અને પ્રેક્ટિકલનો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરવો અને તેને ૧૫ જૂન ૧૯૭૯થી અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૪૪. બીજા વર્ષ બી.એસસી. ભૌતિકવિજ્ઞાનનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવાની ભલામણ વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૭–૩–૧૯૭૯ની સભામાં સ્વીકારેલી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવી અને તે મુજબ બીજા વર્ષ બી.એસસી.માં ભૌતિકવિજ્ઞાનનો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરવો અને તેને ૧૫ જૂન ૧૯૭૯થી અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "દ"** તરીકે સામેલ છે.)

૪૫. ભૌતિકશાસ્ત્રની અભ્યાસસમિતિની નીચેની ભલામણ સ્વીકારવા વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૭-૩-૧૯૭૯ની સભામાં ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"આ સભા ભલામણ કરે છે કે એફ.વાય. બી.એસસી. અને એસ.વાય. બી.એસસી. ભૌતિકવિજ્ઞાનના વિદ્યાર્થીઓ પાસે વર્ષ દરમ્યાન ઓછામાં ઓછા પચાસ (૫૦) દાખલાઓ ગણાવવા અને તેની જુદી જુદી ટયુટોરિયલ નોટબુક બનાવડાવવી અને તે નોટબુક પ્રાયોગિક પરીક્ષા વખતે વિદ્યાર્થીએ રજૂ કરવાની રહેશે. આનો અમલ જૂન ૧૯૭૯ના વર્ષથી કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે બાબતનો ઘટતો ઉલ્લેખ અભ્યાસક્રમ અંગેની નોંધમાં કરવો.

૪૬. યુનિવર્સિટી કોર્ટની તા. ૨૯-૩૦ માર્ચ અને ૨ એપ્રિલ ૧૯૭૯ની સભામાં સ્ટે. ૨૦૨ રિફર બેક થયો હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત પર કેટલીક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સ્ટે. ૨૦૨ સુધારવા અંગેનો પ્રસ્તાવ એકિઝકયુટિવ કાઉન્સિલની પુનર્વિચારણા માટે રજૂ કરવામાં આવે ત્યારે તે બાબત જોઈતપાસીને

પોતાનો હેવાલ રજૂ કરવા માટે એક સમિતિ નીમવા અને તે સમિતિ ઉપર આ સભાગૃહના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોનો સમાવેશ કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શ્રી. કે. ડી. દેસાઈ
૨. શ્રી, અંબુભાઈ દેસાઈ
૩. ડૉ. રમણભાઈ જોશી
૪. આચાર્ય એન. એસ. પંડ્યા.

૪૭. શિક્ષણ સહિતનો વિનયન વિદ્યાશાખાનો તા. ૨/૩-૨-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"વધુમાં સોશિયલ સાયન્સીસમાં હાલ અનુસ્નાતક કક્ષાએ કેટલાક વિષયોમાં ચાર-ચાર પ્રશ્નપત્રોના જૂથ સાથે પ્રવેશ આપવાની જોગવાઈ છે તેવી જોગવાઈ વિનયન વિદ્યાશાખાના બાકી રહેલા વિષયોમાં પણ કરવા આ સભા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે તેમજ ચાર પ્રશ્નપત્રોનું જૂથ જે તે અભ્યાસસમિતિઓને સૂચવવા આ સભા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવી અને તેને અનુલક્ષીને જરૂરી વિગતો તૈયાર કરવા માટે જે તે અભ્યાસસમિતિઓને વિચારણા કરવા જણાવવું.

૪૮. સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન પોલિટિકલ સાયન્સનાં જગ્યા માટે તા. ૨૨-૪-૧૯૭૯ના રોજ મળનાર વરણીસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ જગ્યા માટેની વરણીસમિતિ તા. ૨૨—૪—૧૯૭૯ના રોજ મળી શકી નહીં તેથી તે અંગે કશું કરવાપણું રહ્યું નહીં.

૪૯. વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન બોટેનીની જગ્યા માટે તા. ૧૪-૪-૧૯૭૯ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વરણીસમિતિની ભલામણ સ્વીકારવી અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઈન બોટેનીની જગ્યા પર ડૉ. એ. બી. વોરાની નિમણૂક કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૪—૪—૧૯૭૯ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે.)

૫૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન મેથેમેટિક્સની જગ્યા માટે તા. ૧૩-૪-૧૯૭૯ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાશાખાના અભ્યાસક્રમમાં સુધારેલા માળખા પ્રમાણે વધારાના બીજા ગૌણ વિષય તરીકે કૉલેજને કયા વિષય શીખવી શકે તે બાબતમાં ભલામણ કરવી, કે પહેલા અને બીજા વર્ષના હાલના અભ્યાસક્રમો મુખ્ય અથવા ગૌણ વિષય તરીકે જે વિષયોનું જોડાણ હોય તે વધારાના બીજા ગૌણ વિષય તરીકે શીખવી શકાય તેવી સ્પષ્ટતા કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. ક. ત્રિવેદી
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૬૦

First B.A, Second Subsidiary Subject : Paper VII Philosophy Logic *or* World Religion

Logic I :

Syllabus

I. Introductton :

(1) What is Logic ?
(2) Premises and Conclusions
(3) Recognizing Arguments
(4) Deduction and Induction
(5) Truth and Validity.

II. Categorical propositions :

(1) Categorical Propositions and Classes
(2) Quality, Quantity and Distribution
(3) Translating Categorical Propositions into Standard Form
(4) Symbolism and Diagrams for Categorical Propositions
(5) Existential Import
(6) The Traditional Square of Opposition
(7) Further Immediate Inferences.

III. Categorical Syllogisms :

(1) Standard Form Categorical Syllogisms
(2) The Formal Nature of Syllogistic Arguments
(3) Venn Diagram Technique for Testing Syllogisms
(4) Rules and Fallacies
(5) Reducing the Number of Terms in a Syllogistic Argument
(6) Uniform Translation.

IV. Arguments in Ordinary Language :

(1) Enthymemes
(2) Sorites
(3) Disjunctive and Hypothetical Syllogisms
(4) The Dilemma.

V. Symbolic Logic

(1) The Value of Special Symbols
(2) The Symbols for Conjunction, Negation and Disjunction
(3) Conditional Statements and Material Implication
(4) Argument Forms and Arguments
(5) Statement Forms and Statements
(6) The Paradoxes of Material Implication
(7) The Three " Laws of Thought ".

VI. The Method of Deduction :

(1) Formal Proof of Validity
(2) The Rule of Replacement
(3) Proof of Invalidity
(4) Inconsistency.

Recommended Book

Copi, I. M., Introduction to Logic (Fourth Edition)

The Macmillan Company, New York.

OR

World Religions :

Syllabus :

I, Introduction :

(1) What is religion ?
(2) Religion and Human life
(3) Utility of the Study of Religion
(4) Comparative Study of Religions
(5) Classification of the Living Religions of the World.

II. Hinduism :

(1) What is Hinduism ?
(2) The Spirit of Hinduism
(3) The Scriptures of Hinduism—The Vedas, Smrtis, The Itihasas & The Puranas
(4) Hindu Ethics—Theory of Karma, Doctrine of Rebirth The Varnasrama Dharma
(5) The Spiritual Disciplines—Karmayoga, Bhaktiyoga & Jnanayoga
(6) The Cults of Hinduism.
Vaisnava, Saiva and Sakta Cults.

III. Jainism :

(1) The Life and Veneration of Mahavira
(2) The Concept of Supreme Being
(3) Dualism of Jiva and Ajiva
(4) Jain Ethics
(5) Theory of Karma, Rebirth & Salvation
(6) Sects of Jainism.

IV. Buddhism :

(1) The Life and Veneration of Buddha
(2) Dental of Self
(3) Theory of Karma, Transmigration & Nirvana
(4) Buddhist Ethics
(5) Buddhist Congregation
(6) Sects of Buddhism.

V. Sikhism

1. The Life and Veneration of Guru Nanak
2. The Scriptures of Sikhism
3. The Concept of Supreme Being
4. The Method of Salvation
5. Worship & Organisation.

VI. Islam

1. The Life and Veneration of Mohmed
2. The Koran
3. The Concept of God (Allah)
4. Iman and Din
5. Secatarian Divisions of Islam.

VII. Zoroastrianism

1. The Life and Veneration of Zoroaster
2. The Scriptures of Zoroastrianism
3. The Concepts of Ahura Mazad and Angra Mainya
4. Ethics of Zoroastrianism.

VIII. Judaism

1. The Scriptures of Judaism
2. Moses—the Oranism of Jehovah—Worship
3. The Concept of the Supreme Being

4. The Messianic Idea
5. Jujaism as devotion to the Law of God.

IX. Christianity

1. The Life and Veneration of Jesus Christ
2. The History of Christianity
3. The Conception of God
4. The Problem of Evil & Salvation.

X. Confucianism

1. The Life & Veneration of Confucius
2. The Concept of Deity
3. Ethics of Confucianism.

XI. Taoism

1. The Life & Venerations of Lao
2. The Concept of Deity
3. Ethics of Taoism.

XII. Shinto

1. The Concept of Deity
2. Mikad-Worship
3. Purity of Shinto
4. Ethics of Shinto

Recommended Books

1, Hume, R. E. 'The World's Living Religions' (Revised Edition) (Charles Scribner's Sons, New York)

2. Jurji E. J. 'The Great Religions of the Modern World'. (Princeton University Press, 1946, New Jersey)

3. Mahadevan T. M. P. 'Outlines of Hinduism' (Chetna Ltd., Bombay).

4. ડૉ. દેસાઈ બી. જી., 'ધર્મોનું તુલનાત્મક અધ્યયન' ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ,

5. 'જગતના મુખ્ય ધર્મો'—ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ,

પરિશિષ્ટ "ય"
કામકાજ ક્રમાંક ૬૬

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the two posts of Lecturer in Zoology was held on Saturday the 3rd September, 1977 at 12-30 p.m. at University Office, Gujarat University, Ahmedabad-9.

Shri Ishwarbhai J. Patel, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Shri Ishwarbhai J. Patel. Vice-Chancellor	Present
2	Shri R. V. Shah	Present
3.	Shri Kiran Desai	Present
4.	Dr. V. C. Shah, Invitee	Present

The following candidates were called for interview :

1.	Dr. S. G. Ananda Rao	Absent
2.	Shri B. Omprakash	Present
3.	Smt. Kuldip Brar	Absent
4.	Dr. A. K. Das	Absent
5.	Shri M. V. Jadhav	Present
6.	Dr. M. V. Mojamdar	Present
7.	Dr. R. G. Panicker	Absent
8.	Dr. (Miss) K. S. Sharma	Present
9.	Shri V. C. Soni	Present
10.	Shri Srinivasan R.	Present
11	Dr. H. S. Trivedi	Present.

After interviewing the candidates present and considering their respective merits, the Committee recommends that Shri V. C. Soni be appointed as Lecturer in Zoology in the Zoology Department.

I. J. Patel
R. V. Shah
Kiran Desai
V. C. Shah

પરિશિષ્ટ "૨"
કામકાજ ક્રમાંક ૬૯

RECOMMENDATIONS

For the purpose of ensuring uniform standard of assessment among examiners and to assist the Chairman and work under his instructions for this purpose, not more than three co-ordinators in each paper be appointed. The Chairman will also be the Chief Co-ordinator and the Chief Co-ordinator and each of the Co-ordinators will be paid Rs. 100/– each in addition to the average remuneration paid to each examiner in each paper.

The Co-ordinator subject to the instructions of the Chairman will discharge his duties in accordance with the outline given below :

(*a*) He will receive in the first instance the batch of forty assessed answer-books and their relevant marksheets from the individual examiners and subsequently marksheets only in the lot of one hundred candidates consecutively.

(*b*) He will assess in the manner of moderation not less than fifty per cent of the lot of first forty answer-books and then not less than ten per cent of the subsequent lots of one hundred each or less in the case of the last lot.

(*c*) Excluding the lot of the first forty assessed answerbooks the co-ordinator on receiving the marksheets of each lot of one hundred candidates will instruct by telegram the Examiner to send by Registered Post Parcel A.D., the answer-books of the candidates specifically called for by the Co-ordinator.

(*d*) The Chairman in consultation with the Co-ordinator concerned will have the discretion to modify the assessment of part or the whole of all or any of the answers to the questions with respect to all or any of the

candidates in the particular lot of answer-books. The Chairman will exercise this discretion on the basis of the report received from the Co-ordinator concerned in respect of each lot and for the purpose of ensuring uniformity in the work of assessment and also the adherence to the scheme of assessment.

Sd/-

B. M. Peerzada
R. D. Vasavada
K. D. Shah
J. P. Langalia
J. M. Shah.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૭૯ના વર્ષની ત્રીજી સભા સોમવાર, તા. ૩૦–૭–૧૯૭૯ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્યે સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦–૭–૧૯૭૯
૧.	ડૉ. પ્રહ્લાદભાઈ ચૂનીલાલ વૈદ્ય, કુલપતિ	હાજર
૨.	શ્રી. અંબુભાઈ ટી. દેસાઈ	હાજર
૩.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૪.	પ્રિ. બી. એમ. પીરજાદા	હાજર
૫.	પ્રિ. એન. એસ. પંડ્યા	હાજર
૬.	શ્રી. જી. એમ. ચૌહાણ	હાજર
૭.	પ્રિ. કે. બી. ભટ્ટ	હાજર
૮.	ડૉ. કશ્યપ ભાર્ગવ	હાજર
૯.	ડૉ. પી. સી. મહેરા	ગેરહાજર
૧૦.	ડૉ. વી. સી. શાહ	હાજર
૧૧.	ડૉ. સી. કે. શાહ	ગેરહાજર
૧૨.	ડૉ. પરેશ એમ. મજમુદાર	હાજર
૧૩.	ડૉ. કે. જી. દેસાઈ	હાજર
૧૪.	ડૉ. ઈ. એ. સોલોમન	હાજર
૧૫.	પ્રો. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૬.	પ્રિ. હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૭.	ડૉ. આર. બી. જોશી	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦--૭-૧૯૭૯
૧૮.	ડૉ. એ. એસ. નાગર	હાજર
૧૯.	ડૉ. ડી. એચ. સુતરિયા	હાજર
૨૦.	શ્રી. કે. ડી. દેસાઈ	હાજર
૨૧.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર
૨૨.	ડૉ. ઉમાબહેન ડી. પટેલ	હાજર
૨૩.	શ્રી. એચ. એન. રાવળ	ગેરહાજર
૨૪.	શ્રી. એન. વી. પંડ્યા	હાજર
૨૫.	ડૉ. એમ. જે. પટણી	હાજર
૨૬.	શ્રી. એન. એન. ઉદવાડિયા	ગેરહાજર
૨૭.	ડૉ. એસ. જી. દેસાઈ	હાજર
૨૮.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર
૨૯.	પ્રિ. એમ. ડી. પંચોલી	હાજર
૩૦.	ડૉ. બી. એચ. શાહ	હાજર
૩૧.	ડૉ. સી. પી. બોઘાણી	હાજર
૩૨.	ડૉ. એમ. બી. દેવાણી	હાજર

૧. તા. ૨૫-૪-૧૯૭૯ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૯ના વર્ષની બીજી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૨૫—૪—૧૯૭૯ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૭૯ના વર્ષની બીજી સભાના કામકાજની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

"બાબત નં. ૫૮ ઉપરના ઠરાવ અંગેના **પારિશિષ્ટ 'ભ'**માં દ્વિતીય વર્ષ બી.એસસી.ના અભ્યાસક્રમનું માળખું દર્શાવ્યું છે તે નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને વાંચવું :

દ્વિતીય વર્ષ બી.એસસી ના અભ્યાસક્રમનું માળખું નીચે મુજબ રહે છે :

	વિષય	પ્રશ્નપત્ર	ગુણ	યુનિવર્સિટી પરીક્ષા	આંતરિક પરીક્ષા
૧.	અંગ્રેજી	૧	૭૦		૩૦
૨.	વિજ્ઞાનનો (મુખ્ય વિષય)	૩ પ્રશ્નપત્ર	૭૦	દરેક પ્રશ્નપત્રના	૯૦
		પ્રેક્ટિકલ્સ	૧૦૦		૫૦
૩.	વિજ્ઞાનનો (ગૌણ વિષય)	૨ પ્રશ્નપત્ર	૭૦	દરેક પ્રશ્નપત્રના	૬૦
		પ્રેક્ટિકલ્સ	૭૦		૩૦
૪.	વિજ્ઞાનનો (વધારાનો બીજો ગૌણ વિષય)	૧ પ્રશ્નપત્ર	૭૦		૩૦
		પ્રેક્ટિકલ્સ	૩૫		૧૫

૨. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન સાયકોલોજીની જગ્યા માટે તા. ૧૮-૫-૧૯૭૯ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૧૮—૫—૧૯૭૯ની સભાની ભલામણ સ્વીકારવા માટે એકેડેમિકએક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૮—૫—૧૯૭૯ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન મેથેમેટિકસની બે જગ્યાઓ માટે તા. ૨૧-૬-૧૯૭૯ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨૧—૬—૧૯૭૯ની સભાની ભલામણ સ્વીકારવી અને તે મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન મેથેમેટિકસની બે જગ્યા પર ક્રમાનુવર્તી ડૉ. એન. આર. લાધાવાલા, ડૉ. એન. સી. શાહ અને શ્રી. એસ. જે. ભટ્ટની નિમણૂક કરવા માટે એકેડેમિકએક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૧—૬—૧૯૭૯ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૪. યુનિવર્સિટી કાર્યાલયમાં ચીફ એકાઉન્ટસ ઑફિસરની એક જગ્યા માટે તા. ૨૨-૬-૧૯૭૯ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨૨—૬—૧૯૭૯ની સભાની ભલામણ સ્વીકારવી અને તે મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં ચીફ એકાઉન્ટસ ઑફિસરની જગ્યા પર ક્રમાનુવર્તી શ્રી. કે. એમ. પરમાર અને શ્રી. કે. આર. મજમુદારની નિમણૂક કરવા માટે એકેડેમિકએક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૨—૬—૧૯૭૯ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૫. યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગમાં કોચની એક કાયમી જગ્યા માટે તા. ૨૫-૬-૧૯૭૯ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨૫—૬—૧૯૭૯ની સભાની ભલામણ સ્વીકારવી અને તે મુજબ યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગમાં કોચની જગ્યા પર ક્રમાનુવર્તી શ્રી. એમ. પી. સુબૈયાહ અને શ્રી. વીરેન્દ્રકુમાર દેબાસની નિમણૂક કરવા માટે એકેડેમિકએક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૫—૬—૧૯૭૯ની સભાની ભલામણની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૬. યુનિવર્સિટી કૉર્ટની તા. ૨૯/૩૦ માર્ચ અને તા. ૨ એપ્રિલ ૧૯૭૯ની સભાએ પુનર્વિચારણા માટે મોકલેલ સ્ટે. ૨૦૨ અંગે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮–૪–૧૯૭૯ની સભાએ નીમેલી સમિતિના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સદરહુ સમિતિની પુનર્વિચારણા માટે મોકલવી.

૭. શ્રી. એસ.બી. વોરાએ તેમના તા. ૨૫–૬–૧૯૭૯ના પત્રથી મોકલેલાં નીચેનાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત :

"૧. સંલગ્ન કૉલેજોમાં હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટ નીમવા માટેની સંપૂર્ણ સત્તા હાલ પ્રિન્સિપાલને હસ્તક છે. આને પરિણામે જુનિયર વ્યક્તિને હેડ બનાવવામાં આવે એવી સંભાવના ઊભી થાય છે માટે સીનિયર વ્યક્તિને ઉવેખીને જુનિયર વ્યક્તિને હેડ બનાવવામાં ન આવે તેવી જોગવાઈ કરવી જોઈએ.

આમાં પણ કૉમર્સ કૉલેજોમાં સીનિયોરિટી ગણતી વખતે કૉમર્સ, મૅનેજમેન્ટ, એકાઉન્ટન્સીના વિષયોનું ગ્રુપિંગ કરીને જ સીનિયોરિટી ગણવી જોઈએ. કૉમર્સ ફૅકલ્ટીએ આ બાબતમાં પહેલેથી જ માર્ગદર્શન આપેલું જ છે.

આ દિશામાં ઝડપથી પગલાં લેવાની જરૂર છે, કારણ કે સરપ્લસ સ્ટાફની ગણતરી કરતી વખતે પૂર્વગ્રહવાળા પ્રિન્સિપાલો જુનિયર વ્યક્તિને હેડ બનાવી સીનિયર વ્યક્તિને સરપ્લસ ગણવા માટે પ્રયત્ન કરે છે.

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે અત્યારે સંલગ્ન કૉલેજો માટે વિદ્યાર્થીઓની મહત્તમ સંખ્યા નક્કી કરી શકાય છે. લઘુતમ વિદ્યાર્થીઓની સંખ્યા માટે જોગવાઈ નથી. કૉલેજો ખાસ કરીને અમદાવાદ, નડિયાદ જેવાં મોટાં કેન્દ્રની ભૂતકાળની સંખ્યા જોઈ લઘુતમ સંખ્યા જે તે કૉલેજ માટે નક્કી કરી શકાય કે કેમ તે ચકાસવું જોઈએ. આ માટે કાયદાના નિષ્ણાતોની સલાહ લઈ ઘટતું કરવું."

સદરહુ સૂચનો અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) ઉપરના સૂચન નં. (૧)ની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ગુજરાત યુનિવર્સિટી ધારાના શિડ્યુલ ૨ના સ્ટેચ્યૂટ ૪(૧)(*ii*) અન્વયે, યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના વિભાગોના વડાઓ (Heads of Departments)ને જે વિષયની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવામાં આવેલું છે તેના સંદર્ભમાં જે તે વિષયમાં સમાવિષ્ટ થતા પેટાવિષયો અંગે પણ યોગ્ય વિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૨. વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૩. વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી
૪. ધારાશાસ્ત્ર વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી

(૨) સદરહુ સૂચન નં. (૨)ની નોંધ લેવી.

૮. તબીબી પરીક્ષાઓના પરીક્ષકોની નિમણૂક અંગેના નિયમો સુધારવાની તબીબી વિદ્યાશાખાની તા. ૨-૨-૧૯૭૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત આ સભાગૃહે તેની તા. ૨૫—૪—૧૯૭૯ની સભામાં બાબત નં. ૮ ઉપરના ઠરાવથી નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૯. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીની એક્ઝિકયુટિવ કમિટીનો નીચેનો ઠરાવ જે તેઓના તા. ૧૧-૪-૧૯૭૮ના પત્ર ક્રમાંક એમ.સી.આઈ. ૧૨-૨-૧૯૭૬-મેડ-૧૧૦૬ થી આવેલ છે તે સ્વીકારવાની તબીબી વિદ્યાશાખાની તા. ૯-૪-૧૯૭૯ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"The Executive Committee decided that the total experience of 7 years required for a person to be recognised as a Post-graduate teacher may be fully as a teacher participating in either under-graduate or post-graduate teaching and training or both in view of the fact that there are institutions and courses related mainly to Post-graduate medical education where persons may not be able to get under-graduate teaching experience."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૦. તબીબી વિદ્યાશાખાની તા. ૯-૪-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

" The degree of M.Sc. (Med.) for Medical graduates awarded before 1970, i.e. when there was no M.S. or M.D. degree available in the Pre-Clinical subjects, should be distinguished from the degree of M.Sc. (Med.) for Non-Medical students which has been introduced in Gujarat University from 1970, and which was granted by some other University like M.S.U. even earlier to that...

It is resolved that—

(1) The M.Sc. (Med.) degree for Medical graduates should be treated as per in all respects with M.S. or M.D. degrees in the subjects concerned.

(2) The degree of M.Sc. (Medical) for Non-Medical graduates should be specified fully as such without omitting the phrase ' For Non-Medical graduates ' whenever and wherever it is used.

(3) It is understood that the degree of M.Sc. (Medical) for both Medical as well as Non-Medical graduates can be designated so only if the terms kept for study and work have been put up in a recognised Medical College, where M.B.B.S. Courses are taught. Terms put in any other institution should not be recognised for such a degree."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૧૧. તબીબી વિદ્યાશાખાએ તેની તા. ૨૧–૫–૧૯૭૯ની સભામાં વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીના નીચેના સૂચનના સંદર્ભમાં ત્રીજી એમ.બી.બી.એસ.ની પ્રાયોગિક પરીક્ષા માટે પરીક્ષકોને આપવાની ખાસ સૂચનામાં મેડિસિન વિષય માટે ગુણની વહેંચણી માટે નીચે મુજબ સુધારો કરવાની ભલામણ કરેલી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

ડીનશ્રીનું સૂચન :

"Second M.B.B.S. in the subject of Medicine in the Practical examination there are four pairs of examiners, distribution of marks should be done accordingly.

There should be uniformity in the structure of Practical examination in Medicine & in Surgery."

ગુણની વહેંચણી માટેનો સુધારો :

Practical Examination in Medicine :

Practical Examination as detailed below :

In the practical Examination in Medicine, the distribution of marks shall be as follows :

Clinical Examination	(1) Long Case	... 60 Marks (Due consideration should be given for elicitation of Physical findings, their interpretation and discussion of the case).
	(2) Short Cases :	
	Short Case I	30 marks
	,, II	30 marks
	(3) Viva-Voce I	40 marks
	(4) Viva-Voce II	40 marks

The time to be devoted to the various Practical Examinations in Medicine at the Third M.B.B.S. Examination shall be as follows :

Not more than 18 candidates will be examined at a time and they will be divided into four groups called A, B, C and D. There will be four pairs of Exa-

miners. They will be numbered as Pair–I, Pair–II, Pair–III & Pair IV. The work of practical examination will be distributed as (1), (2), (3) & (4) shown above (other details remain unchanged)."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ફેરફાર માટેનાં શાં કારણો છે તે સ્પષ્ટતા-પૂર્વક જણાવવાની વિનંતી સાથે તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે પાછી મોકલવી.

૧૨. તબીબી વિદ્યાશાખાએ તેની તા. ૨૧–૫–૧૯૭૯ની સભામાં વિદ્યાશાખાના અધ્યક્ષ ડો. પી. સી. મહેરાનું નીચેનું સૂચન મંજૂર કરવા ભલામણ કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"There is shortage of Teachers in the subject of Forensic Medicine both for undergraduate as well as for Post-graduate teaching. This is mainly because teachers with Post-graduate degrees in Forensic Medicine are not available."

Therefore it is recommended that teachers with Post-graduate qualifications in other subjects such as Anatomy, Physiology, Pharmacology, Pathology, Medicine, Surgery, Skin & V.D., Psychiatry, Gynaecology etc. may also be recognised as teachers in Forensic Medicine for under-graduate classes. When such teachers have gained experience of teaching forensic Medicine for five years they may also be allowed to participate in teaching post-graduate students in Forensic Medicine.

This will not only overcome the shortage of teachers, but also help the various institutions to start post-graduate courses in Forensic Medicine, which in turn will encourage the training of young medical graduates in the subject.

(This should be read along with the recommendations of the special committee of I.M.C., which was already passed by Medical Faculty in its meeting of 2–2–'79, and approved as minutes of last meeting on the 9–4–'79).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૩. તબીબી વિદ્યાશાખાની પરીક્ષામાં બીનગુજરાતી-ભાષી વિદ્યાર્થીઓને પ્રાયોગિક પરીક્ષા સમયે દુભાષિયાની મદદ આપવા અંગે નિયમો ઘડવા બાબતમાં તબીબી વિદ્યાશાખાએ તેની તા. ૨૧–૫–૧૯૭૯ની સભામાં વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીનાં નીચેનાં સૂચનો મંજૂર કરવા ભલામણ કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

" Interpreter in Clinical examination at Third M.B.B.S. Diploma and Post-graduate degree Examinations :

(1) He should be able to translate patients' language into English and Doctors' instructions or questions into patients' language.

(2) He should be able to give names of parts of the human body in English of liver, stomach, belly, mouth, hand, stools, urine etc.

(3) He should not be connected with any Hospital, Dispensary or Private Practitioner. That is Nurses, Compounder, etc. are not eligible.

(4) His academic qualifications should not be above the level of first term of Second M.B.B.S. student (i.e. First term after passing Ist M.B.B.S.). "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે પાછી મોકલવી.

૧૪. તબીબી વિદ્યાશાખાની તા. ૨૧-૫-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખાની પરીક્ષાઓમાં થિયરી અને પ્રાયોગિક પરીક્ષામાં શકય હોય તો ડબી નંબર આપવાની પદ્ધતિ સ્વીકારવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે પાછી મોકલવી.

૧૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાય યોજના અન્વયે વિજ્ઞાનની કોલેજમાં ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમ શીખવવા અંગે ફાર્મસીની વિદ્યાશાખાની તા. ૨૬-૩-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાય યોજના અન્વયે વિજ્ઞાનની કોલેજમાં શીખવાતા ડિપ્લોમા ઈન ફાર્મસીના અભ્યાસક્રમ ફાર્મસીની કોલેજમાં શીખવાતા ડિપ્લોમા ઈન ફાર્મસીના અભ્યાસક્રમ મુજબ એકસરખો રાખવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૬. Transitory Pharm. O. 14 (A) જે માર્ચ-એપ્રિલ ૧૯૭૦ની પરીક્ષા માટે હતો તેનો લાભ કુલપતિશ્રીના આદેશથી ૬૨ વર્ષે આપવામાં આવ્યો છે તે ટ્રાન્ઝિટરી ઓર્ડિનન્સ ફાર્મસી ૧૪-એબી. ફાર્મ.ના જૂના અભ્યાસક્રમની પરીક્ષા લેવાય ત્યાં સુધી ચાલુ રાખવાની ફાર્મસીની વિદ્યાશાખાની તા. ૨૬-૩-૧૯૭૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

Pharm. O. 14 (A) (Transitory)

" Notwithstanding anything contained elsewhere it is hereby provided that the candidates who have passed in the subject of (1) Dispensing Pharmacy, and (2) Forensic Pharmacy of Inter Pharmacy or Diploma in Pharmacy of this University be exempted from appearing in those subjects at the Third B.Pharm. Examination, to be held in March/April 1970."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ટ્રાન્ઝિટરી ફૉર્મ. ઑર્ડિ. ૧૪-એ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧૭. (૧) પત્રકારિત્વ, (૨) લલિતકળા અને સંગીત, (૩) શારીરિક શિક્ષણ, તથા (૪) અંગ્રેજી અને વિદેશી ભાષામાં વ્યાખ્યાતાની લાયકાત અંગેના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૧ એપ્રિલ ૧૯૭૯ના પત્રાંક ડી.ઓ.નં. એફ. ૧-૬૮-૭૮-સીપી તથા તે સાથે જોડેલ લઘુતમ લાયકાતનાં ધારાધોરણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૮. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદની ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી હેઠળ સ્વાયત્તતા માટેની અરજીના સંદર્ભમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૫-૨-૧૯૭૮ ની સભામાં નિયુક્ત કરેલા દ્વિતીય સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— સ્વાયત્તતાનાં સુધારેલાં ધોરણોને અનુલક્ષીને પ્રથમ સમિતિના હેવાલને આધારે એકૅડેમિક કાઉન્સિલ તથા એક્ઝિકયુટિવ કાઉન્સિલે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

એકૅડેમિક કાઉન્સિલની તા. ૧૬-૨-૧૯૭૮ ની સભાની ભલામણ

" સદરહુ બાબતમાં સ્થાનિક તપાસસમિતિનો હેવાલ અન્ય સંબંધકર્તા કાગળો જોઈ-તપાસીને નીચે મુજબ અભિપ્રાય આપવાનું ઠરાવવામાં આવ્યું :

હરિવલ્લભદાસ કાલિદાસ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં શિક્ષણનાં ધોરણોના થયેલા વિકાસને અનુલક્ષીને સદરહુ કૉલેજને (૧) વિદ્યાર્થીઓના પ્રવેશની બાબતમાં, (૨) અભ્યાસક્રમો નિયત કરવાની બાબતમાં (૩) શિક્ષણ, વિદ્યાવિતરણ અને તાલીમની બાબતમાં (૪) પરીક્ષાઓ લેવાની બાબતમાં નીચે જણાવ્યા પ્રમાણેની શરતોનું પરિપાલન તા. ૩૦ મી એપ્રિલ ૧૯૭૮ સુધીમાં એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે કરવામાં આવે તો તેને બી.એ. (પ્રિન્સિ.) માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, ભારતીય સંસ્કૃતિ, ભૂગોળ, હિન્દી, તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન તથા બી.એ. (સબો.)માં પ્રાકૃત અને ફારસીના વિષયોમાં પ્રવેશ, અભ્યાસક્રમ, શિક્ષણ અને પરીક્ષાની બાબતમાં તા. ૧૫મી જૂન, ૧૯૭૮ થી તા. ૧૪મી જૂન ૧૯૮૧ સુધીના સમયગાળા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી હેઠળ એક એક વર્ષ આગળ વધે તે રીતે ઉત્તરોત્તર (progressively) જરૂરી સ્વાયત્તતા (autonomy) આપવામાં આવે તથા તે માટે જરૂરી ધારાધોરણ ઘડવા માટે તેને સત્તા આપવામાં આવે, એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ ૧ : ૧૫ નું રાખવામાં આવે અને આ માટે કેવળ પૂર્ણ સમયના શિક્ષકોની સંખ્યા લક્ષમાં લેવાની રહેશે,

૨. નીચે પ્રમાણે શિક્ષકગણ રાખવામાં આવે :

(ક) યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં વ્યાખ્યાતાની નિમણૂક માટે જરૂરી શૈક્ષણિક પાત્રતા ધરાવતા વિભાગના વડા,

(ખ) કૉલેજ અથવા યુનિવર્સિટીનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો શૈક્ષણિક કે સંશોધનનો અનુભવ ધરાવતા ૫૦ ટકા શિક્ષકગણ

(ગ) પીએચ.ડી. કે તેના સમકક્ષ પાત્રતા ધરાવતા શિક્ષકગણના ૧૦% શિક્ષકો;

૩. પ્રત્યેક વર્ગમાં બધા જ વિષયો માટે વિદ્યાર્થીઓની ગુરુતમ સંખ્યા (૧) વ્યાખ્યાનો માટે ૭૫ની તથા (૨) ટ્યુટોરિયલ્સ માટે ૧૫ની રાખવામાં આવે;

૪. વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછા ૧૦ ચો. ફૂટ લેખે જરૂરી વર્ગખંડોની વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલયને અદ્યતન કરવા માટે ઓછામાં ઓછા એક લાખનો ખર્ચ પ્રથમ વર્ષની સમાપ્તિ પહેલાં કરવામાં આવે;

૬. ગ્રંથાલય ઉપરાંત કૉલેજ સાથે સંલગ્ન હોય તેવો મોકળાશવાળો તથા કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૧૫% જેટલા વિદ્યાર્થીઓ એક સાથે બેસીને વાંચી શકે તેવા સગવડવાળા વાંચનખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૭. કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૧૦% જેટલા વિદ્યાર્થીઓ અથવા કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ—એ બેમાંથી જે ઓછા હોય તેટલી સંખ્યાના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૮. બે વર્ષના સમયગાળામાં પ્રત્યેક શિક્ષક માટે ઓછામાં ઓછા ૧૦' × ૮'ના માપની કેબિનો રાખવામાં આવે;

૯. ટ્યુટોરિયલ્સ બધા વિષયોના યોજવામાં આવે;

૧૦. યુનિવર્સિટી તરફથી તેમ જ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી પ્રયોજાતા 'રિફ્રેશર કોર્સીસ', 'સમર ઇન્સ્ટિટ્યૂટ' અથવા 'વર્કશૉપ'માં હાજરી આપવા માટે પ્રત્યેક ત્રણ વર્ષે ઓછામાં ઓછા ૨૦% શિક્ષકોને કૉલેજના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે તથા પ્રત્યેક વર્ષે પ્રત્યેક વિષયના એક શિક્ષકને અખિલ ભારતીય પરિષદમાં પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે;

૧૧. કૉલેજમાં શીખવાતા પ્રત્યેક વિષય માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ની સંશોધન સહાય ફાળવવામાં આવે;

૧૨. સ્વાયત્તતાનો દરજ્જો પ્રાપ્ત થવાને કારણે તથા અભ્યાસક્રમના માળખાની પુનર્રચનાના સંદર્ભમાંની નવી નીતિ અખત્યાર કરવાના કારણે કોઈ પણ શિક્ષક કે બિનશિક્ષક-વર્ગના કર્મચારીને સંખ્યાધિક ગણી શકાશે નહિ કે તેમના દરજ્જાને નીચલી પાયરી પર ઉતારી દેવામાં આવશે નહિ તેની બાંયધરી આપવામાં આવે; અને

૧૩. વહીવટી કાર્યોઓ માટે જરૂરી બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે."

એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૫-૨-૧૯૭૮ની સભાની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે તપાસ કરી જરૂરી ભલામણો યુ.જી.સી. અને યુનિવર્સિટીને કરવા નીચે મુજબની સમિતિ નીમવી :

૧. પ્રો. એ. આર. દેસાઈ, કુલપતિશ્રી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
૨. ડૉ. પી. જે. માદન, કુલપતિશ્રી, એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા
૩. ડૉ. આર. ડી. પટેલ, કુલપતિશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી
૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના બે પ્રતિનિધિઓ ".

[સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિપદેથી ડૉ. આર. ડી. પટેલ નિવૃત્ત થતાં સમિતિ પર ડૉ. આર. એન. પટેલની નિમણૂક કરવામાં આવી હતી.].

આથી ઠરાવવામાં આવે છે કે, હરિવલ્લભદાસ કાલિદાસ આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં શિક્ષણનાં ધોરણોના થયેલા વિકાસને અનુલક્ષીને સદરહુ કૉલેજને (૧) વિદ્યાર્થીઓના પ્રવેશની બાબતમાં (૨) અભ્યાસક્રમો નિયત કરવાની બાબતમાં (૩) શિક્ષણ વિદ્યા વિતરણ અને તાલીમની બાબતમાં (૪) પરીક્ષાઓ લેવાની બાબતમાં નીચે જણાવ્યા પ્રમાણેની શરતોનું પરિપાલન તા. ૩૦મી એપ્રિલ ૧૯૮૦ સુધીમાં એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે કરવામાં આવે તો તેને બી.એ. (ત્રિન્સ.)માં અંગ્રેજી સંસ્કૃત, ગુજરાતી. ઈતિહાસ, અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, ભારતીય સંસ્કૃતિ, ભૂગોળ, હિન્દી, તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન તથા બી.એ. (સબો.)માં પ્રાકૃત અને ફારસીના વિષયોમાં પ્રવેશ, અભ્યાસક્રમ શિક્ષણ અને પરીક્ષાની બાબતમાં હાલ પૂરતું ૧૫ જૂન ૧૯૮૦થી ૧૪ જૂન ૧૯૮૩ સુધી પ્રથમ વર્ષ બી.એસસી. ક્રમશઃ શરૂ કરીને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી હેઠળ એક એક વર્ષ આગળ વધે તે રીતે ક્રમશઃ (progressively) જરૂરી સ્વાયત્તતા (autonomy) આપવામાં આવે તથા તે માટે જરૂરી ધારાધોરણો ઘડવા માટે તેને સત્તા આપવામાં આવે એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ ૧ : ૧૫નું રાખવામાં આવે, અને આ માટે કેવળ પૂર્ણ સમયના શિક્ષકોની સંખ્યા લક્ષમાં લેવાની રહેશે;

૨. નીચે પ્રમાણે શિક્ષકગણ રાખવામાં આવે :
   (ક) યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં વ્યાખ્યાતાની નિમણૂક માટે જરૂરી શૈક્ષણિક પાત્રતા ધરાવતા વિભાગના વડા,
   (ખ) કૉલેજ અથવા યુનિવર્સિટીનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો શૈક્ષણિક કે સંશોધનનો અનુભવ ધરાવતા ૫૦ ટકા શિક્ષકગણ,
   (ગ) પીએચ.ડી. કે તેના સમકક્ષ પાત્રતા ધરાવતા શિક્ષકગણના ૧૦ ટકા શિક્ષકો;

૩. પ્રત્યેક વર્ગમાં બધા જ વિષયો માટે વિદ્યાર્થીઓની ગુરુતમ સંખ્યા (૧) વ્યાખ્યાનો માટે ૭૫ની તથા (૨) ટ્યુટોરિયલ્સ માટે ૧૫ની રાખવામાં આવે;

૪. વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછા ૧૦ ચો. ફૂટ લેખે જરૂરી વર્ગખંડોની વ્યવસ્થા કરવામાં આવે;

૫. ગ્રંથાલયને અદ્યતન કરવા માટે ઓછામાં ઓછા એક લાખનો ખર્ચ પ્રથમ વર્ષની સમાપ્તિ પહેલાં કરવામાં આવે;

૬. ગ્રંથાલય ઉપરાંત કૉલેજ સાથે સંલગ્ન હોય તેવા મોકળાશવાળો તથા કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૧૫ ટકા જેટલા વિદ્યાર્થીઓ એક સાથે બેસીને વાંચી શકે તેવા સગવડવાળા વાંચનખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૭. કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૧૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ અથવા કુલ ૧૦૦ વિદ્યાર્થીઓ—એ બેમાંથી જે ઓછા હોય તેટલી સંખ્યાના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૮. બે વર્ષના સમય ગાળામાં પ્રત્યેક શિક્ષક માટે ઓછામાં ઓછા ૧૦' × ૮' ના માપની કેબિનો રાખવામાં આવે;

૯. ટ્યુટોરિયલ્સ બધા વિષયોના યોજવામાં આવે;

૧૦. યુનિવર્સિટી તરફથી તેમ જ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી પ્રયોજાતા 'રિફ્રેશર કોર્સીસ', 'સમર ઇન્સ્ટિટ્યૂટ' અથવા 'વર્કશોપ'માં હાજરી આપવા માટે પ્રત્યેક ત્રણ વર્ષે ઓછામાં ઓછા ૨૦ ટકા શિક્ષકોને કૉલેજના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે તથા પ્રત્યેક વર્ષે પ્રત્યેક વિષયના એક શિક્ષકને અખિલ ભારતીય પરિષદમાં પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે;

૧૧. કૉલેજમાં શીખવાતા પ્રત્યેક વિષય માટે પ્રતિવર્ષે રૂ. ૩,૦૦૦ની સંશોધન સહાય ફાળવવામાં આવે;

૧૨. સ્વાયત્તતાનો દરજ્જો પ્રાપ્ત થવાને કારણે તથા અભ્યાસક્રમના માળખાની પુનર્રચનાના સંદર્ભમાં અથવા તો નવી નીતિ અખત્યાર કરવાના કારણે કોઈ પણ શિક્ષક કે બિનશિક્ષક વર્ગના કર્મચારીને સંખ્યાધિક્ય ગણી શકાશે નહિ કે તેમના દરજ્જાને નીચલી પાયરી પર ઉતારી દેવામાં આવશે નહિ તેની બાંયધરી આપવામાં આવે;

૧૩. વહીવટી કાર્યભાર માટે જરૂરી બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે; અને

૧૪. સદરહુ કૉલેજના શિક્ષક અને બિનશિક્ષકવર્ગના તમામ કર્મચારીઓને તેમના વેતન પેટે બાકી રહેલી તમામ રકમની ચુકવણી કરવામાં આવે.

૧૯. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદને યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી હેઠળ સ્વાયત્તતા માટેની અરજી પર એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૫-૨-૧૯૭૮ની સભામાં નિયુક્ત કરેલી દ્વિતીય સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—પ્રોફેશનલ કૉલેજોને સ્વાયત્તતા આપવા માટેનાં સુધારેલાં ધોરણોને અનુલક્ષીને પ્રથમ સમિતિના હેવાલના આધારે એકેડેમિક કાઉન્સિલે તથા એકિઝકયુટિવ કાઉન્સિલે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

એકૅડેમિક કાઉન્સિલની તા. ૧૬-૨-૧૯૭૮ની સભાની ભલામણ

"સદરહુ બાબતમાં સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા અન્ય સંબંધકર્તા કાગળો ન્હેઈતપાસીને નીચે મુજબ અભિપ્રાય આપવાનું ઠરાવવામાં આવ્યું :

એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદમાં શિક્ષણનાં ધોરણોના થયેલા વિકાસને અનુલક્ષીને સદરહુ કૉલેજને (૧) વિદ્યાર્થીઓના પ્રવેશની બાબતમાં, (૨) અભ્યાસક્રમો નિયત કરવાની બાબતમાં, (૩) શિક્ષણ વિદ્યાવિતરણની બાબતમાં અને (૪) પરીક્ષાઓ લેવાની બાબતમાં નીચે જણાવ્યા પ્રમાણેની શરતોનું પરિપાલન તા. ૩૦મી એપ્રિલ ૧૯૭૮ સુધીમાં એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે કરવામાં આવે તો તેને—

૧. બી.ઈ. સિવિલ, બી.ઈ. મિકૅનિકલ-ઇલેકિટ્રકલ, તથા

૨. બી.ઈ. ઇન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કન્ટ્રોલ તથા બી.ઈ. ઇલેકટ્રોનિકસ ઍન્ડ કૉમ્યુનિકેશન (સેન્ડવિચ પેટર્ન), તથા

૩. બી.ઈ. કેમિકલ એન્જિનિયરિંગ તથા ટેકસ્ટાઈલ ટેકનોલોજીના વિષયોમાં પ્રવેશ, અભ્યાસક્રમ, શિક્ષણ અને પરીક્ષાની બાબતમાં તા. ૧૫મી જૂન ૧૯૭૮થી ૧૪મી જૂન ૧૯૮૧ સુધીના સમયગાળા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮–બી હેઠળ એક એક વર્ષ આગળ વધે તે રીતે ઉત્તરોત્તર (progressively) જરૂરી સ્વાયત્તતા (autonomy) આપવામાં આવે તથા તે માટે જરૂરી ધારાધોરણ ઘડવા માટે તેને સત્તા આપવામાં આવે

એમ એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ ૧ : ૧૫નું રાખવામાં આવે;

૨. શિક્ષકગણમાં એમ.ઈ. અથવા સમકક્ષ સંશોધન પાત્રતા ધરાવતા હોય તેવા કુલ શિક્ષકગણના ઓછામાં ઓછા ૨૦ ટકા શિક્ષકો રાખવામાં આવે;

૩. પ્રત્યેક વર્ગમાં વધુમાં વધુ વિદ્યાર્થીસંખ્યા ૬૦ની રાખવામાં આવે;

૪. વિદ્યાર્થીદીઠ ઓછામાં ઓછા ૮ ચો. ફૂટ લેખે જરૂરી વર્ગ અંગેની વ્યવસ્થા કરવામાં આવે;

૫. પ્રયોગશાળા માટે નવાં સાધનોની ખરીદી પેટે તથા તેને અદ્યતન અને સુયોગ્ય બનાવવા માટે પ્રથમ વર્ષની સમાપ્તિ પહેલાં ઓછામાં ઓછા ત્રણ લાખ તથા દ્વિતીય વર્ષની સમાપ્તિ પહેલાં ઓછામાં ઓછા બે લાખ રૂપિયા એમ કુલ પાંચ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે તથા ગ્રંથાલયને અદ્યતન કરવા માટે રૂપિયા બે લાખનો ખર્ચ પ્રથમ વર્ષની સમાપ્તિ પહેલાં કરવામાં આવે;

૬. ગ્રંથાલય ઉપરાંત કૉલેજ સાથે સંલગ્ન હોય તેવા મોકળાશવાળા તથા કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૨૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેવી સગવડવાળા વાંચનખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૭. કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૨૫ ટકા જેટલા વિદ્યાર્થીઓ અથવા કુલ ૨૦૦ વિદ્યાર્થીઓ, એ બેમાંથી જે ઓછી હોય તેટલી સંખ્યાના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૮. બે વર્ષના સમયના ગાળામાં પ્રત્યેક શિક્ષક માટે ઓછામાં ઓછા ૧૦'×૮'ના માપની કેબિનો રચવામાં આવે;

૯. યુનિવર્સિટી તરફથી તેમ જ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી પ્રયોજાતા 'રિફ્રેશર કોર્સીઝ', 'સમર ઇન્સ્ટિટ્યૂટ' અથવા 'વર્કશોપ'માં હાજરી આપવા માટે પ્રત્યેક ત્રણ વર્ષે ઓછામાં ઓછા ૨૦ ટકા શિક્ષકોને કૉલેજના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે તથા પ્રત્યેક વર્ષે પ્રત્યેક વિષયના એક શિક્ષકને અખિલ ભારતીય કક્ષાની પરિષદમાં પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે;

૧૦. કૉલેજમાં શીખવાતા પ્રત્યેક વિષય માટે પ્રતિવર્ષે ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦ની સંશોધન સહાય ફાળવવામાં આવે;

૧૧. સ્વાયત્તતાનો દરજ્જો પ્રાપ્ત થવાને કારણે તથા અભ્યાસક્રમના માળખાની પુનર્રચનાને કારણે કોઈ પણ શિક્ષકવર્ગના/બિનશિક્ષકવર્ગના કર્મચારીને સંખ્યાધિક ગણી શકાશે નહિ કે તેમના દરજ્જાને નીચલી પાયરી પર ઉતારી દેવામાં આવશે નહિ તેની બાંયધરી આપવામાં આવે; અને

૧૨. વહીવટી કાર્યબોજ માટે જરૂરી બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે."

એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૫–૨–૧૯૭૮ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે તપાસ કરી જરૂરી ભલામણો યુજીસી અને યુનિવર્સિટીને કરવા નીચે મુજબ સમિતિ નીમવી :

૧. પ્રો. એ. આર. દેસાઈ, કુલપતિશ્રી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
૨. ડૉ. પી. જે. માદન, કુલપતિશ્રી, એમ. એસ. યુનિ. ઑફ બરોડા
૩. ડૉ. આર. ડી. પટેલ, કુલપતિશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી
૪. યુનિ. ગ્રાન્ટ્સ કમિશનના બે પ્રતિનિધિઓ

(સરદાર પટેલ યુનિ.ના કુલપતિપદેથી ડૉ. આર. ડી. પટેલ નિવૃત્ત થતાં સમિતિ પર ડૉ. આર. એમ. પટેલની નિમણૂક કરવામાં આવી હતી.)]

આથી ઠરાવવામાં આવે છે કે—

એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદમાં શિક્ષણનાં ધોરણોના થયેલા વિકાસને અનુલક્ષીને સદરહુ કૉલેજને (૧) વિદ્યાર્થીઓના પ્રવેશ બાબતમાં (૨) અભ્યાસક્રમો નિયત કરવાની બાબતમાં, (૩) શિક્ષણ વિદ્યાવિતરણનો બાબતમાં અને (૪) પરીક્ષાઓ લેવાની બાબતમાં નીચે જણાવ્યા પ્રમાણેની શરતોનું પરિપાલન તા. ૩૦મી એપ્રિલ ૧૯૮૦ સુધીમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે કરવામાં આવે તો તેને —

૧. બી.ઈ. સિવિલ, બી.ઈ. મિકેનિકલ-ઇલેક્ટ્રિકલ તથા
૨. બી.ઈ. ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ તથા બી.ઈ. ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કૉમ્યુનિકેશન (સેન્ડવિચ પેટર્ન) તથા

૩. બી.ઈ. કેમિકલ એન્જિનિયરિંગ તથા ટેક્સ્ટાઈલ

ટેકનોલોજીના વિષયોમાં પ્રવેશ, અભ્યાસક્રમ, શિક્ષણ અને પરીક્ષાની બાબતમાં તા. ૧૫મી જૂન ૧૯૮૦થી તા. ૧૪મી જૂન ૧૯૮૪ સુધીના ચાર વર્ષના સમયગાળા માટે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૮-બી હેઠળ જરૂરી સ્વાયત્તતા (autonomy) આપવામાં આવે તથા તે માટે જરૂરી ધારાધોરણ ઘડવા માટે તેને સત્તા આપવામાં આવે એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ ૧ : ૧૫નું રાખવામાં આવે;

૨. શિક્ષકગણમાં એમ.ઈ. અથવા સમકક્ષ સંશોધન પાત્રતા ધરાવતા હોય તેવા કુલ શિક્ષક-ગણના ઓછામાં ઓછા ૨૦ ટકા શિક્ષકો રાખવામાં આવે;

૩. પ્રત્યેક વર્ગમાં વધુમાં વધુ વિદ્યાર્થી સંખ્યા ૬૦ની રાખવામાં આવે;

૪. વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછા ૮ ચો. ફૂટ લેખે જરૂરી વર્ગ અંગેની વ્યવસ્થા કરવામાં આવે;

૫. પ્રયોગશાળા માટે નવાં સાધનોની ખરીદી પેટે તથા તેને અદ્યતન સુયોગ્ય બનાવવા માટે પ્રથમ વર્ષની સમાપ્તિ પહેલાં ઓછામાં ઓછા ત્રણ લાખ તથા દ્વિતીય વર્ષની સમાપ્તિ પહેલાં ઓછામાં ઓછા બે લાખ રૂપિયા એમ કુલ પાંચ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે તથા ગ્રંથાલયને અદ્યતન કરવા માટે રૂપિયા બે લાખનો ખર્ચ પ્રથમ વર્ષની સમાપ્તિ પહેલાં કરવામાં આવે;

૬. ગ્રંથાલય ઉપરાંત કૉલેજ સાથે સંલગ્ન હોય તેવા મોકળાશવાળા તથા કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૨૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ એક સાથે બેસીને વાંચી શકે તેવી સગવડ વાળા વાચનખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૭. કુલ વિદ્યાર્થીઓના ઓછામાં ઓછા ૨૫ ટકા જેટલા વિદ્યાર્થીઓ અથવા કુલ ૨૦૦ વિદ્યાર્થીઓ, એ બેમાંથી જે ઓછી હોય તેટલી સંખ્યાના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૮. બે વર્ષના સમયના ગાળામાં પ્રત્યેક શિક્ષક માટે ઓછામાં ઓછા ૧૦' × ૮'ના માપની કેબિનો રચવામાં આવે;

૯. યુનિવર્સિટી તરફથી તેમ જ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી પ્રયોજાતા 'રિફ્રેશર કોર્સીઝ', 'સમર ઇન્સ્ટિટ્યૂટ' અથવા 'વર્કશોપ'માં હાજરી આપવા માટે પ્રત્યેક ત્રણ વર્ષે ઓછામાં ઓછા ૨૦ ટકા શિક્ષકોને કૉલેજના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે તથા પ્રત્યેક વર્ષે પ્રત્યેક વિષયના એક શિક્ષકને અખિલ ભારતીય કક્ષાના પરિષદમાં પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવે;

૧૦. કૉલેજમાં શીખવાતા પ્રત્યેક વિષય માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછી રૂ. ૩,૦૦૦ની સંશોધન સહાય ફાળવવામાં આવે;

૧૧. સ્વાયત્તતાનો દરજ્જો પ્રાપ્ત થવાને કારણે તથા અભ્યાસક્રમના માળખાની પુનર્રચનાને કારણે કોઈપણ શિક્ષક વર્ગના/બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને સંખ્યાધિક ગણી શકાશે નહિ કે તેમના દરજ્જાને નીચલી પાયરી પર ઉતારી દેવામાં આવશે નહિ તેની બાંયધરી આપવામાં આવે; અને

૧૨. વહીવટી કાર્યબોજ માટે જરૂરી બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે.

૨૦. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પૂર્વસ્નાતક કક્ષાએ પ્રશ્નપત્ર દીઠ ત્રણ વ્યાખ્યાન તથા એક ટ્યુટોરિયલ રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૮–૨૯ એપ્રિલ તથા ૧ મે ૧૯૭૯ની સભામાં પસાર કરવામાં આવેલા ઠરાવનો અમલ મોકૂફ રાખવાની વિનંતી કરતા ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતાના સંયુક્ત સચિવશ્રી તરફથી આવેલા તા. ૩૦–૬–૧૯૭૯ના પત્રાંક એમ.આઈ.એસ.–૧૧૯૯–૪૩૬૪૫–બની નોંધ લેવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં સભાગૃહને જાણ કરવામાં આવી કે એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧૬/૨૪–૬–૧૯૭૯ની સભામાં બાબત નં. ૯૩ અને ૧૦૬ ઉપરના ઠરાવથી ઉપર જણાવેલ એકિઝકયુટિવ કાઉન્સિલની તા. ૨૮–૨૯ એપ્રિલ અને ૧ મે ૧૯૭૯ની સભામાં પસાર કરેલા ઠરાવનો અમલ મોકૂફ રાખ્યો છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૧. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૨૮–૬–૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"સંસ્કૃત વિષયમાં ડી.લિટ.ની પદવી માટે ડૉ. પી. યુ. શાસ્ત્રીએ યુનિવર્સિટી સમક્ષ રજૂ કરેલ સંશોધન કાર્યો તપાસવા માટે પરીક્ષકોનાં નામોની ભલામણ કરવાની બાબતમાં અભ્યાસ-સમિતિએ તેની તા. ૧૫–૨–૧૯૭૮ની સભામાં નીમેલ સમિતિનો હેવાલ લક્ષમાં લઈ આ અભ્યાસસમિતિ સદરહુ ડિગ્રી માટેની પાત્રતા માન્ય કરવા પોતાની અસંમતિ દર્શાવે છે અને સમિતિના હેવાલ સહિત સદરહુ બાબત યુનિવર્સિટીનાં અધિકૃત મંડળો સમક્ષ રજૂ કરવા ભલામણ કરે છે અને નીચે જણાવ્યા પ્રમાણેના ક્રમાનુવર્તી પરીક્ષકો નીમવા સૂચવે છે :

૧. ડૉ. જી. કે. ભટ્ટ,

ઑનરરી ડાયરેક્ટર, ઑરિન્યેટલ ઇન્સ્ટિચ્યૂટ, પૂના

૨. ડૉ. અશોક અખલુજકર

૩. ડૉ. જ્યોર્જ કાર્ડોના

૪. ડૉ. આર. બી. પાટણકર

રીડર ઇન ઇંગ્લિશ, મુંબઈ યુનિવર્સિટી, મુંબઈ."

આથી ઠરાવવામાં આવે છે કે સંસ્કૃત વિષયમાં ડી.લિટ.ની પદવી માટે ડૉ. પી. યુ. શાસ્ત્રીએ યુનિવર્સિટી સમક્ષ રજૂ કરેલ સંશોધન કાર્યો તપાસવા માટેનો પ્રસ્તાવ મંજૂર કરવો નહીં.

ઉપરના ઠરાવના સંદર્ભમાં સદરહુ બાબતના સંદર્ભમાં રેફરીઓની નિમણૂક કરવાની જરૂર રહેતી નથી.

૨૨. ઈક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૫–૬–૧૯૭૯ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાયી સમિતિની તા. ૧૫–૬–૧૯૭૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૫–૬–૧૯૭૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૨૩. બી.એડ.ની પરીક્ષા એક વાર ઉત્તીર્ણ કર્યા બાદ ફરી સત્રો રાખી વિષય બદલી આપવા ઇચ્છતા વિદ્યાર્થીને જે વિષય બદલ્યા હોય તે સિવાયના ફરજિયાત વિષયોમાં મુક્તિ રાખવામાં ફરજિયાત વિકલ્પ આપવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિનો અભિપ્રાય મેળવીને આ બાબત આ સભાગૃહ સમક્ષ પુનઃ રજૂ કરવાનું રાખવું.

૨૪. ઑક્ટોબર/નવેમ્બર ૧૯૭૯માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં પ્રશ્નિકો/પરીક્ષકોની નિમણૂક માટે જે તે વિદ્યાશાખાઓની પરીક્ષા સમિતિઓની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર-નવેમ્બર ૧૯૭૯માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રશ્નિકો–પરીક્ષકોની નિમણૂકો અંગે જુદી જુદી વિદ્યાશાખાઓની પરીક્ષા સમિતિઓએ કરેલી ભલામણો માન્ય કરવી અને તે એકિઝકયુટિવ કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

(**નોંધ.**—સદરહુ ભલામણો અંગે કોઈ પણ સભ્ય સૂચનો કરવા ઇચ્છતા હોય તો તેઓ બાનગી રાહે પોતાનાં સૂચનો બે દિવસમાં કુલપતિશ્રીને મોકલી આપે એમ પણ સૂચવવામાં આવ્યું.)

૨૫. ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.એસસી., ફર્સ્ટ બી.કૉમ. જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષાઓમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓને નવા અભ્યાસક્રમની પરીક્ષામાં ગૌણ વિષયમાં વધારાના વિષય તરીકે દાખલ થયો છે તે આપવો જરૂરી હોવાથી જૂના અભ્યાસક્રમમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓને આ વિષયની યુનિવર્સિટીની પરીક્ષા આપવાની રહેતી હોઈ તેમના આ વિષયના આંતરિક ગુણાંક કેમ ગણવા તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—તેઓ ૭૦માંથી જે મેળવે તેના પ્રોરેટા રૂપે ગણાવી કહી શકાય.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એફ.વાય.બી.એ., એફ.વાય.બી.એસસી. અને એફ.વાય.બી.કૉમ.ના જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને–એકસ–વિદ્યાર્થીઓ

તરીકે જે પરીક્ષામાં નવા અભ્યાસક્રમ મુજબની પરીક્ષામાં બેસવાનું થાય તો તેમને તે પરીક્ષામાં વધારાના ગૌણ વિષયમાં તેમના યુનિવર્સિટીની પરીક્ષાના તેમના ગુણાંક ૭૦/૧૦૦ના પ્રમાણમાં "પ્રોરેટા" ગુણાંક ગણવાનું રાખવું.

૨૬. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૭૮–૨૦૯૬૩–ખ, તા. ૬–૪–૧૯૭૯થી પ્રાધ્યાપક તથા રીડરના લાયકાતના ધોરણો નક્કી કર્યાં છે તે બાબત એકિઝકયુટિવ કાઉન્સિલે આ સભાગૃહની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચેનો પ્રસ્તાવ સભાગૃહમાં મતદાન માટે મૂકવામાં આવ્યો :

"રાજ્ય સરકારનો સદરહુ ઠરાવ (જી.આર.) અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોની નિમણૂક અંગે ઓછામાં ઓછી લાયકાતના હાલના યુનિવર્સિટીના નિયમોનો સમન્વય કરીને પોતાની ભલામણો રજૂ કરવા માટે એક સમિતિ નીમવામાં આવે."

સદરહુ પ્રસ્તાવ પર મતદાન થતાં તે ૧૨ વિરુદ્ધ ૫ મતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી શ્રી. કે. ડી. દેસાઈએ ગુપ્ત મતદાનની માંગણી કરતાં કુલપતિશ્રીએ નીચેના બે સભ્યોને ચકાસણીદાર તરીકે નીમ્યા :

૧. આચાર્ય એન. એસ. પંડ્યા
૨. ડૉ. જી. એમ. ચૌહાણ

તે પછી મતગણતરી થતાં નીચે મુજબ પરિણામ જાહેર કરવામાં આવ્યું :

તરફેણમાં : ૧૨ મત
વિરુદ્ધમાં : ૭ મત
અમાન્ય : ૨ મત

આમ સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સભાગૃહે તે અંગે નીચે મુજબની સમિતિની રચના કરી :

૧. કુલપતિશ્રી
૨. આચાર્ય એમ. ડી. પંચોલી
૩. શ્રી. કે. ડી. દેસાઈ
૪. આચાર્ય બી. એમ. પીરજાદા
૫. ડૉ. એમ. એન. દેસાઈ
૬. ડૉ. કે. જી. દેસાઈ
૭. આચાર્ય એન. એસ. પંડ્યા
૮. ડૉ. રમણલાલ જે. જોશી
૯. શ્રી. કે. એસ. શાસ્ત્રી.

૨૭. બાયોકેમિસ્ટ્રી વિષયની એડહોક સમિતિની તા. ૧૦-૭-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે એકેડેમિક કાઉન્સિલે બાયોકેમિસ્ટ્રીની એડહોક સમિતિ નીમી છે તેમાં નીચે જણાવ્યા પ્રમાણેના વધારાના સભ્યોને આ સમિતિ પર નીમવા આ એડહોક સમિતિ ભલામણ કરે છે અને જરૂર જણાયે આ સમિતિને વધારાના સભ્યોને કો-ઓપ્ટ કરવા પણ સત્તા આપવા ભલામણ છે :

૧. ડૉ. વિષ્ણુ પ્રકાશ,
હેડ ઑફ ધી બાયોકેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ,
સી. યુ. શાહ સાયન્સ કૉલેજ,
અમદાવાદ—૧૪.

૨. શ્રી. શૈલેશ શાહ,
હેડ ઑફ ધી બાયોકેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ,
સેંટ ઝેવિયર્સ કૉલેજ,
અમદાવાદ—૯.

૩. ડૉ. જે. જે. ત્રિવેદી,
એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ,
બાયોકેમિસ્ટ્રી વિભાગ,
એલિસબ્રિજ, અમદાવાદ—૬.

૪. ડૉ. સાને,
પ્રોફેસર ઑફ બાયોકેમિસ્ટ્રી,
બી. જે. મેડિકલ કૉલેજ,
અસારવા, અમદાવાદ—૧૬.

૫. ડૉ. પારેખ,
રીડર ઇન બાયોકેમિસ્ટ્રી,
એમ. એસ. યુનિવર્સિટી,
વડોદરા.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે ઉપર પ્રમાણે એડહોક સમિતિ રચાયા બાદ બીજા વર્ષ બી.એસસી.ના બાયોકેમિસ્ટ્રીના સેકન્ડ સપ્લિમેન્ટરી પ્રશ્નપત્રના અભ્યાસક્રમની વિચારણા કરવાનું રાખવું. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણો મંજૂર કરવી.

૨૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

૧. હાલના ગુજરાતી એમ.એ. ભાગ ૧ના અભ્યાસક્રમમાં ત્રણ પ્રશ્નપત્રો છે તેમાં એક વધારાનું પ્રશ્નપત્ર, પ્રશ્નપત્ર—૪—આધુનિક ગુજરાતી સાહિત્ય ફક્ત એન્ટાયર ગુજરાતી લેનાર વિદ્યાર્થીઓ માટે ઉમેરીને તેનો અભ્યાસક્રમ—પાઠ્યપુસ્તકો મંજૂર કરી તેને જૂન ૧૯૭૯થી અમલમાં મૂક્યાના;

૨. હાલના ગુજરાતી એમ.એ. ભાગ ૨ના પ્રશ્નપત્ર—૪, ૫ અને ૬નો પ્રશ્ન ક્રમાંક બદલી પ્રશ્નપત્ર ક્રમાંક ૫, ૬, ૭ આપી તથા એક વધારાનું પ્રશ્નપત્ર ૮–તુલનાત્મક સાહિત્ય ફક્ત એન્ટાયર ગુજરાતી લેનાર વિદ્યાર્થીઓ માટે ઉમેરીને તેનો અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો મંજૂર કરી તેને જૂન ૧૯૮૦થી અમલમાં મૂકયાના;

૩: એમ.એ. ભાગ ૧ની ૧૯૮૦ના વર્ષમાં લેવાનારી ગુજરાતી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર—૧ના અભ્યાસક્રમમાં ઊર્મિકાવ્યના સાહિત્યસ્વરૂપનો અભ્યાસ કરવાનું નક્કી થયું હતું. તેના સંદર્ભમાં આ સાહિત્યસ્વરૂપના પ્રશ્નપત્રમાં મદદરૂપ થાય તે માટે કુલ ૯ પુસ્તકો નિયત કરવામાં આવ્યાં હતાં. પરંતુ ઊર્મિકાવ્યના સ્વરૂપના વિકાસમાં બધાં જ સ્થિત્યંતરો આવરી લેવાય છે તે દૃષ્ટિએ આ પ્રશ્નપત્રમાંથી "સ્પર્શ" શબ્દ સંગ્રહને અભ્યાસક્રમમાંથી રદ કર્યાના;

૪. એમ.એ. ભાગ ૨ની ગુજરાતી વિષયની ૧૯૮૦ના વર્ષમાં લેવાનારી પરીક્ષાના પ્રશ્નપત્ર–૬ના વિકલ્પમાં "ડિઝર્ટેશન" નિયમિત (રેગ્યુલર) વિદ્યાર્થીઓ કે જેઓએ ગુજરાતી એમ.એ. ભાગ ૧ની પરીક્ષામાં ૫૦ ટકા કે એથી વધુ ગુણ મેળવ્યા હોય તેઓ માટે આ પત્રપ્રત્ર નિયત કર્યાના;

૫. યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં જુનિયર એન્જિનિયરની જગ્યા પર તા. ૧૩–૬–૧૯૭૯ની વરણીસમિતિની ભલામણ પરથી શ્રી. કિરીટકુમાર એન. પટેલ (બી.ઈ. સિવિલ)ને અનુભવની ઊણપ ક્ષમ્ય ગણીને રૂ. ૨૫ના દૈનિક વેતનથી ૬ માસ માટે કુલપતિશ્રીએ નીમ્યાની નોંધ લેવા બાબત;

૬. એમ. કૉમ. ભાગ ૨ના પ્રશ્નપત્ર—૩ માર્કેટિંગ ઑર્ગેનાઇઝેશન ઍન્ડ ફરજિયાતનો સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૭૯થી અમલમાં મૂકયાના;

૭. દ્વિતીય વર્ષ બી.એ. અર્થશાસ્ત્રના નીચેના અભ્યાસક્રમો જૂન ૧૯૭૯થી નિયત કર્યાના :

૧. ઈકોનોમિકસ—પ્રશ્નપત્ર ૩, ૪

૨ ઓપ્શનલ પ્રશ્નપત્રો–૫

(૧) કવોન્ટિટેટિવ મેથડ્ઝ, એકાઉન્ટન્સી, રૂરલ ડેવલપમેન્ટ

(૨) ઈકોનોમિકસ ઈન્વેસ્ટિગેશન

૩. સેકન્ડ સબ્સિડિયરી પ્રશ્નપત્ર—૭

૪ પ્રથમ વર્ષ બી.એ, અર્થશાસ્ત્ર સેકન્ડ સબ્સિડિયરી પ્રશ્નપત્ર—૭

૮. ઈજનેરીના ચાર વર્ષના અભ્યાસક્રમને લગતા બી.ઈ. ૩ની સેમેસ્ટર—૫ અને સેમેસ્ટર–૬ના નીચે જણાવેલ અભ્યાસક્રમો મંજૂર કરી જૂન ૧૯૭૯થી અમલમાં લાવ્યાના:

(૧) સિવિલ એન્જિનિયરિંગ (૨) મિકેનિકલ એન્જિનિયરિંગ (૩) ઇલેકિટ્રકલ એન્જિનિયરિંગ અને ઈ.સી./આઇ.સી. (૪) કેમિકલ એન્જિનિયરિંગ (૫) ટેકનોલોજી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૨૯. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૯-૭-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૦૮માં ફેકલ્ટી ઑફ સાયન્સ હેઠળ નીચેની અભ્યાસસમિતિઓ ઉભેરવા ભલામણ કરવી :

(૧) લાઈફ સાયંસીઝ
(૨) બાયોકેમિસ્ટ્રી
(૩) બાયોફિઝિકસ.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૦૮ સુધારવા બાબતમાં અન્ય વિદ્યાશાખાઓની ભલામણ અંગે નિર્ણય થયેથી સ્ટે. ૧૦૮ના સુધારેલા મુસદ્દામાં વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ 'બાયોકેમિસ્ટ્રી'ના વિષય ઉભેરવો.

૩૦. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૯-૭-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થી વિજ્ઞાનના ત્રણ વિષય સાથે ફર્સ્ટ બી.એસસી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય અને તેણે જે વિષય લીધો ન હોય તેમાં તેને ફરીથી બેસવું હોય તો તેને એસ.વાય.બી.એસસી. સાથે એફ.વાય.બી.એસસી.ના લેકચર્સ ઉપરાંત પ્રાયોગિક કાર્યની ટર્મ ભરવાની જોગવાઈ કરવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૧. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૯—૭—૧૯૭૯ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

"(૧) બીજા વર્ષ બી.એસસી.ના નવા અભ્યાસક્રમના સંદર્ભમાં વિદ્યાર્થીઓની કુલપતિશ્રી તથા વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષ સાથે થયેલી વાતને અનુલક્ષીને આ સભા ઠરાવે છે કે દ્વિતીય વર્ષ બી.એસસી.ના વધારાના ગૌણ વિષયના પ્રશ્નપત્ર (સેકન્ડ સબ્સિડિયરી સબ્જેક્ટ)ને ઓપ્શનલ વિષય તરીકે આ વર્ષ પૂરતું જ સ્વીકારવા ભલામણ કરવી અને સ્પષ્ટતા કરવી કે આ વધારાનો ગૌણ વિષય જૂન ૧૯૮૦થી બીજા વર્ષ બી.એસસી.માં દાખલ થતા વિદ્યાર્થીઓ માટે ફરજિયાત રહેશે.

(૨) બીજા વર્ષ બી.એસસી.માં આ વર્ષે વધારાનો ગૌણ વિષય લેનાર વિદ્યાર્થીને પાસ થયાનું જે પ્રમાણપત્ર આપવામાં આવે તેમાં આ વધારાના ગૌણ વિષયનો ઉલ્લેખ કરવો.

(૩) યુનિવર્સિટી સાથેની સંલગ્ન કૉલેજોએ બીજા વર્ષ બી.એસસી.નો વધારાનો ગૌણ વિષય શીખવવાનો રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણો નં. ૧, ૨ અને ૩ મંજૂર કરવી.

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૬. ઇડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ કૉલેજ એન્ડ પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ, ઇડર તરફથી જૂન ૧૯૮૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી, અંગ્રેજી, બી.એ. (સબો.)માં સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, તેમ જ બી.કૉમ. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્ર; બી.કૉમ. (મુખ્ય)માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ, સ્ટેટિસ્ટિકસ અને એડવાન્સ્ડ બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે ઇડર આંજણા પાટીદાર એચ. કે. એમ. આર્ટ્સ અને પી. એન. પટેલ કૉમર્સ કૉલેજ, ઇડર નિમણૂકો અ ગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી, અંગ્રેજી; બી.એ. (સબો.)માં સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર તેમ જ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૦થી કાયમી જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન; બી.કૉમ. મુખ્યમાં એડવાન્સ્ડ સ્ટેટિસ્ટિકસ અને એડવાન્સ્ડ બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬—૧૯૮૦થી તા. ૧૪—૬-૧૯૮૨ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે તથા વધારાના જોડાણ માટે નવા શિક્ષકોની તમામ નિમણૂકો માટે રાજ્ય સરકારની પૂર્વસંમતિ મેળવી તે મળ્યાની યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવામાં આવે;

૧. મનોવિજ્ઞાનના વિષય માટે ઑર્ડિ. ૧૨૦—એ પ્રમાણે જરૂરી નિમણૂકો કરવામાં આવે;

૨. એડવાન્સ્ડ બિઝનેસ મૅનેજમેન્ટ તેમ જ એડવાન્સ્ડ સ્ટેટિસ્ટિકસ માટે ઑર્ડિ. ૧૨૦—એ પ્રમાણે જરૂરી નિમણૂકો કરવામાં આવે;

(૨) મનોવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂ. ૩,૦૦૦નાં સાધનો વસાવવામાં આવે;

(૩) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૪) ગ્રંથાલયમાં મનોવિજ્ઞાન, ઍડવાન્સ્ડ બિઝનેસ મૅનેજમેન્ટ અને ઍડવાન્સ્ડ સ્ટેટિસ્ટિક્સને લગતાં પુસ્તકો માટે પ્રત્યેક વિષય દીઠ રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) આંકડાશાસ્ત્રમાં જરૂરી યંત્રસામગ્રી ખરીદવામાં આવે;
(કૅસીટ મશીન, કૅલ્કયુલેટિંગ ઈ.)

(૬) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૭) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તે ચૂકવી આપવામાં આવે; અને

(૮) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગનાં તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૭. કૉલેજ ઑફ્ એજ્યુકેશન, દરામલી તરફથી જૂન ૧૯૮૦થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ્ એજ્યુકેશન, દરામલી નીચે જણાવેલ શરતોનું પાલન એકૅડેમિક કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૦થી તા. ૧૪—૬—૧૯૮૧ સુધી એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા માટે એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

૧. યુનિવર્સિટીનાં પ્રવર્તમાન ધારાધોરણો પ્રમાણેનું જરૂરી સુવિધા સાથેનું મકાન ત્રણ વર્ષમાં બાંધવાની કૉલેજના સત્તાવાળાઓ બાંયધરી આપે. દરમ્યાન વર્ગખંડોને પ્રયોગશાળાના ખંડમાં ખસેડવામાં આવે અને પ્રયોગશાળા વર્ગખંડમાં ખસેડવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં બાકી રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની તેમ જ પ્રયોગ-શાળાનાં સાધનોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

૮. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ તરફથી જૂન ૧૯૮૦થી બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી.(જનરલ)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૦થી તા. ૧૪–૬–૧૯૮૫ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

૯. સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૮૦થી બી.કૉમ.માં ઍડવાન્સ્ડ સ્ટેટિસ્ટિકસના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં ઍડવાન્સ્ડ સ્ટેટિસ્ટિકસનું ચાલુ જોડાણ પશ્ચાદ્‌વર્તી

તા. ૧૫-૬–૧૯૭૯થી તા. ૧૪–૬-૧૯૮૨ સુધીનું જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ઑર્ડિ. ૧૨૦-એમાં નિર્દિષ્ટ કાર્યભારને અનુલક્ષીને જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;

(૨) ગ્રંથપાલ માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન વળતર કે અન્ય કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧-૪-૧૯૭૨થી 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

૧૦. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૮૦થી બી.કૉમ.માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટેની કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪–૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬-૧૯૮૦થી તા. ૧૪–૬–૧૯૮૩ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ઑર્ડિ. ૧૨૦–એ.માં નિર્દિષ્ટ કાર્યભારને અનુલક્ષીને શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય

કાંઇ લેણું ચૂકવવાનું બાકી હોય તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧-૪-૧૯૭૨થી 'ગ્રેચ્યુઈટી ફંડ' ઊભું કરવામાં આવે.

૧૧. લૉ કૉલેજ, ગોધરા તરફથી જૂન ૧૯૮૦થી ડિપ્લોમા ઇન ટૅક્સેશન લૉઝના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે લૉ કૉલેજ, ગોધરા નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. 30-૪-૧૯૮૦ સુધીમાં કરે તો તેને ડિપ્લોમા ઇન ટૅક્સેશન લૉઝનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૦થી તા. ૧૪—૬—૧૯૮૨ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ઑર્ડિ. ૧૨૦—એ પ્રમાણે જરૂરી નિમણૂકો કરવામાં આવે અને નવા શિક્ષકોની નિમણૂકો કરવામાં આવે તો તે માટે રાજ્ય સરકારની પૂર્વસંમતિ મેળવી તે મળ્યાની યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) ગ્રંથાલય ટૅક્સેશન લૉઝને લગતાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કોઇ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧૫ જૂન ૧૯૭૩થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૧૨. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાતની જૂન ૧૯૮૦થી એફ.વાય. અને ઇન્ટર ફાર્મસી ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦—૪—૧૯૮૦ સુધીમાં કરે તો તેને એફ.વાય. અને ઇન્ટર ફાર્મસી ડિપ્લોમાના

અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૮૦થી તા. ૧૪–૬–૧૯૮૧ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ખાલી રહેલી વ્યાખ્યાતાની તથા એક ડેમોન્સ્ટ્રેટરની જગ્યા પૂરવામાં આવે તથા વધુ વિદ્યાર્થીના સંદર્ભમાં ત્રણ વ્યાખ્યાતા તથા એક ખંડ સમયના ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે.

(૩) આચાર્ય માટે તેમના કાર્યાલયની અલગ બેઠક વ્યવસ્થા કરવામાં આવે અથવા અલાયદા ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

(૪) વિદ્યાર્થિની ખંડ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવે;

(૫) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

(૭) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧–૪–૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૧૩. ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ની કલમ ૩(૨) વર્ગ–ખ અન્વયે યુનિવર્સિટીની એકેડમિક કાઉન્સિલના સભ્યોએ પોતાનામાંથી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ પર એક સભ્ય ચૂંટવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ ઉપર આ યુનિવર્સિટી તરફથી આ સભાગૃહના પ્રતિનિધિ તરીકે શ્રી. કે. એસ. શાસ્ત્રીને નીમવા.

૧૪. નીચે જણાવેલ પ્રવર્તમાન ઓ. ૧૫૧-બી પરત્વે પુનર્વિચારણા કરવા બાબત :

O. 151–B :

"Students who have passed in an examination of any University in the State of Bombay will not be allowed to appear at the same examination of the University with the same subject.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૫૧—બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

O. 151-B :

Students who have passed in an examination of any statutory University in India or an examination recognised as equivalent thereto will not be allowed to appear at the same examination of this University with the same subject or subjects provided that it will be permissible for any student who has passed an examination of this University to reappear at the same examination of this University if he desires to do so with the subsidiary subject in which he has passed the examination changed into a principal subject.

૧૫. ૪જનેરી કૉલેજોમાં ૧૦ ટકા વધુ વિદ્યાર્થીઓને પ્રવેશની પરવાનગી આપવાની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૪જનેરી વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં નિયત વિદ્યાર્થીસંખ્યા કરતાં વધુ ૧૦ ટકા જેટલા વિદ્યાર્થીઓને ભારત સરકારની અનુમતિ મળ્યેથી દાખલ કરવા માટે પરવાનગી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી અને તે માટે ઑર્ડિ. ૧૨૦-બીમાં પેટાકલમ (*viii*)નીચે મુજબ વંચાય તે રીતે ઉમેરવી અને બાકીના ક્રમાંક બદલવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(*viii*) In an affiliated Engineering College the Vice-Chancellor may, in his discretion, permit admission of ten percent additional students, provided that such permission will be considered effective only if and when the college obtains necessary approval thereto by the Government of India.

૧૬. કાયદાની વિદ્યાશાખાની તા. ૧૩-૯-૧૯૭૯ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

" Resolved that after full, detailed and comprehensive consideration of the Resolution 49/1979 of the Bar Council of India passed at its meeting held on 31st March, 1979 and 1st April 1979, the Faculty of Law of the Gujarat University expresses its considered view that leaving aside for the present financial implications of the said Resolution 49/1979, it fails to take into account the role of legal education inter alia, as liberal education, the function of law as an instrument of social change, the significant improvement in job prospects of a person with an additional degree of law and the

imperative national necessity of spreading the knowledge of law among the people and more particularly among the rural people. Moreover this Faculty of Law wants to state with all the emphasis at its command that it stands committed as much as if not more than any other body, organisation or institution connected directly or indirectly with legal education to the cause of improving legal education and hence strongly urges upon the Bar Council of India to reconsider its said Resolution after giving an opportunity to this Faculty to express its views in a meeting with the Council."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ નીચેના સુધારા સાથે ગ્રાહ્ય રાખવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

"after giving an opportunity to this Faculty to express its views in a meeting with the Council" એ શબ્દોને બદલે "after consulting the representatives of this University" એ શબ્દો મૂકવા.

૧૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના લેકચરરની જગ્યા માટે તા. ૨૯-૯-૧૯૭૯ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની ભલામણ મુજબ વિજ્ઞાન વિદ્યાભવનમાં આંકડાશાસ્ત્રના લેકચરરની જગ્યા પર ડૉ. ઉપેન્દ્ર કે. દવેને નીમવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

નોંધ.—યુનિવર્સિટીનાં વિદ્યાભવનો માટે શિક્ષકોની નિમણૂકની બાબતમાં વરણીસમિતિઓ પોતાની ભલામણો રજૂ કરે ત્યારે જે ઉમેદવાર કે ઉમેદવારોનાં નામની ભલામણ કરી હોય તેઓ સંબંધકર્તા જગ્યાઓ માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જરૂરી પાત્રતા ધરાવે છે તે અંગે સ્પષ્ટ વિધાન કરવા માટે વરણીસમિતિઓને જણાવવું.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૯–૯–૧૯૭૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ 'ક'** તરીકે સામેલ છે.)

૧૮. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક એમ.આઇ.એસ-૧૩૭૯–૪૮૫૧૫–ખ, તા. ૨૪–૧૦–૧૯૭૯થી મેનેજમેન્ટ સ્ટડીઝની વિદ્યાશાખાના શિક્ષકોની શૈક્ષણિક લાયકાતો આ સાથે જણાવ્યા પ્રમાણે નક્કી કરવા અંગેના સેકશન અધિકારીના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિચારણા કરીને પોતાની ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય બી. એમ. પીરજાદા
૨. ડૉ. એમ. પી. ઠક્કર.

૧૯. યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના પ્રોફેસર, રીડર અને લેક્ચરરની જગ્યાઓ માટેનાં ઓછામાં ઓછાં લાયકાતનાં ધોરણો અંગે વિચારણા કરવા માટે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦-૭-૧૯૭૯ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૯-૯-૧૯૭૯ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

Proposed minimum qualifications for the post of Professor of the Post-graduate Schools of the University.

I. For Professorship

1. A First or Second Class Bachelor's Degree in the Subject;

and

A First or Second Class Master's Degree and a doctorate Degree in the subject;

2. Independent research work of recognised merit in the subject. This work should be other than the one submitted by him for his own research thesis for the Master's or Ph.D. Degree. Experience of successfully guiding research at doctorate level; and

3. Ten years' experience of teaching at a University or a College of which five years' experience should be that of teaching the subject to Post-graduate classes.

Qualifications for the post of Reader prescribed by the Executive Council in its meeting held on 16/24-6-1979 vide Resolution No. 73 :

(*i*) A First or a Second Class Master's degree in the subject with a First or a Second Class Bachelor's Degree in the subject;

(*ii*) A doctoral degree in the subject;

(*iii*) At least five years' experience of teaching at a University or a College or a recognised institute, provided that at least two out of five years' experience shall be that of teaching the subject to Post-graduate classes; and

(*iv*) Research work published in journals of repute;

Provided that—

(*a*) a candidate who possesses qualifications as sanctioned in (ii), (iii) and (iv) above may be considered if he has a

consistently good academic record i.e. has an average of at least 52.5% marks in the subject at all the University examinations in his under-graduate and post-graduate studies taken together; and

(*b*) In the event of a suitable candidate possessing a doctoral degree is not available a candidate may be considered eligible for appointment as a Reader if—

(*i*) he possesses not less than 10 years' experience of teaching of which at least 5 years' teaching experience is at post-graduate level, on condition that he shall not be entitled to earn any increments if he fails to obtain a doctoral degree within five years of his appointment as a Reader; and

(*ii*) in the case of a recognised Ph.D. guide, at least two students working under his exclusive guidance have qualified themselves for the award of a Ph.D. degree.

૨૦. કાયદાની વિદ્યાશાખાની તા. ૧૩–૯–૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ટેક્સેશન લૉઝ–સેકન્ડ એલએલ.બી. (નવો કોર્સ) અંગે કાયદાની કૉલેજોમાં શિક્ષકોની નિમણૂક અંગેનાં લાયકાતનાં ધોરણો નીચે પ્રમાણે સુધારવાં :

Taxation Laws and Labour Laws (2nd LL.B.) (New course)

Lecturer : (1) Those who are qualified to teach law courses are eligible to teach Labour and Taxation Laws at 2nd LL.B. under New course.

(2) Chartered Accountant with LL.B. degree and three years' practice as C.A."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની નિમણૂક અંગેની લાયકાતનાં ધોરણો નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

Taxation Laws and Labour Laws (2nd LL.B. (New Course)

Lecturer :

(1) Those who are qualified to teach law courses are eligible to teach Labour and Taxation Laws at 2nd LL.B. under New Course.

OR

(2) Chartered Accountant with LL.B. Degree and three years' practice as C.A.

૨૧. જૂન ૧૯૮૦થી વાણિજ્ય વિદ્યાશાખામાં બીજા ગૌણ વિષયોના શિક્ષણકાર્ય જોડાણ માટે આવેલ અરજીઓ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે વિચારણા કરીને પોતાનો હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય બી. એમ. પીરજાદા

૨. આચાર્ય આર. એચ. વ્યાસ

૩. શ્રી. એચ. કે. ત્રિવેદી.

૨૨. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઑક્યુપેશનલ હેલ્થ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૮થી પશ્ચાદ્‌વર્તી (૧) એમ.ડી.માં ઑક્યુપેશનલ એન્ડ ઇન્ડસ્ટ્રિયલ હેલ્થ (૨) ડિપ્લોમા ઇન ઑક્યુપેશનલ એન્ડ ઇન્ડસ્ટ્રિયલ હેલ્થ તથા ઑક્યુપેશનલ એન્ડ ઇન્ડસ્ટ્રિયલ હેલ્થમાં પીએચ.ડી. પદવી માટે સંશોધનકાર્ય કરવા માટેની માન્યતા પશ્ચાદ્‌વર્તી ચાલુ રાખવા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઑક્યુપેશનલ હેલ્થ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦–૪–૧૯૮૦ સુધીમાં કરે તો તેને (૧) એમ.ડી. ઑક્યુપેશનલ એન્ડ ઇન્ડસ્ટ્રિયલ હેલ્થ, (૨) ડિપ્લોમા ઇન ઑક્યુપેશનલ એન્ડ ઇન્ડસ્ટ્રિયલ હેલ્થ તથા ઑક્યુપેશનલ એન્ડ ઇન્ડસ્ટ્રિયલ હેલ્થમાં પીએચ.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૮થી પશ્ચાદ્‌વર્તી અમલી બને તે રીતે કાયમી માન્યતા આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

(૨) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧૫ જૂન ૧૯૭૩થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૩. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૩૦–૭–૧૯૭૯ની સભામાં નીચેની બાબત શિક્ષણની અભ્યાસસમિતિને વિચારણા માટે મોકલેલ તે બાબતમાં શિક્ષણની અભ્યાસ-સમિતિની તા. ૩૧–૭–૧૯૭૯ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

બી.એડ.ની પરીક્ષા એકવાર ઉત્તીર્ણ કર્યા બાદ ફરી સત્રો રાખી વિષય બદલી આપવા ઇચ્છતા વિદ્યાર્થીઓ જે વિષય બદલ્યા હોય તે સિવાયના ફરજિયાત વિષયોમાં મુક્તિ રાખવામાં વિકલ્પ આપવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

અભ્યાસસમિતિનો ઠરાવ

" આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે બી.એડ.ની પરીક્ષા ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થી પ્રશ્નપત્ર—૪ અને ૫ માં આવતા વૈકલ્પિક વિષયો બદલી પુનઃ પરીક્ષામાં બેસવા ઇચ્છે તો કેવળ તે જ વિષયોમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર સત્રો રાખી બેસવા માટેની તથા બદલાયેલા વિષયોનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ઉત્તીર્ણ થયેથી તેમ કર્યાનું પ્રમાણપત્ર આપવાની જોગવાઈ કરવી ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૪. સમાજવિદ્યા ભવનમાં પ્રોફેસર ઑફ હિસ્ટરીની જગ્યા માટે તા. ૧૫-૧૦-૧૯૭૯ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે વરણીસમિતિની ભલામણ મુજબ સમાજવિદ્યા ભવનમાં પ્રોફેસર ઑફ હિસ્ટરીની જગ્યા પર ડૉ. એમ. જે. મહેતાને નીમવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૫-૧૦-૧૯૭૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૨૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) (અ) બી.એડ.ના અભ્યાસક્રમના ઍજ્યુ. રેગ્યુ. ૫ ની પેટાકલમ ૩ નીચે મુજબ સુધારી તાત્કાલિક અમલમાં મૂકયાના :

" One field work per paper from the suggested topics mentioned in the syllabus or the like from the papers I, II & III .....(60 marks)

(બ) સેકન્ડરીની જે તે વિષયના અભ્યાસક્રમોમાં ફેરફાર થાય તે મુજબ બી.એડ.ના અભ્યાસક્રમના (કન્ટેન્ટ) વિષય વસ્તુમાં પણ ફેરફાર થાય તે પ્રમાણે સ્પષ્ટતા કર્યાના;

(૨) કે. કે. કૉલેજ ઑફ કૉમર્સ અને આર્ટ્સ, ધંધુકાની જૂન ૧૯૭૯ની ચાલુ જોડાણ માટેની અરજીમાં બી.કૉમ.ના અભ્યાસક્રમના એક વિષય તરીકે આંકડાશાસ્ત્રનો ઉલ્લેખ કૉલેજની સરતચૂકથી રહી ગયાં હોઈ સદરહુ વિષય ઉમેરીને જાહેરનામું બહાર પાડયાના;

(૩) બીજા વર્ષ બી.કૉમ.ના એડવાન્સ્ડ બિઝનેસ મૅનેજમેન્ટ ઍન્ડ માર્કેટિંગ મૅનેજમેન્ટના પાંચ-પાંચ કેસીસ ૧૯૭૯-૮૦ અને ૧૯૮૦—૮૧ના શૈક્ષણિક વર્ષ માટે ટયુટોરિયલ કાર્ય માટે નિયત કર્યાના;

ત્રીજા વર્ષ બી.કૉમ. તથા એમ.કૉમ. ભાગ ૨ ના બિઝનેસ મૅનેજમેન્ટ વિષયના ૧૯૮૦ની પરીક્ષાઓ માટે ડિઝર્ટેશનના મુદ્દા નિયત કર્યાના;

(૪) હિંદીની ૧૯૮૦ના વર્ષની પરીક્ષા માટે ત્રીજા વર્ષ બી.એ.ના પ્રશ્નપત્ર-૮ માટે નિયત કરેલાં પુસ્તકો પૈકી " સાગર લહેરે ઔર મનુષ્ય " પુસ્તક અપ્રાપ્ય હોવાથી તેના વિકલ્પે "બાબા બહેસરનાથ—નાગાર્જુન" પુસ્તક નિયત કર્યાના;

(૫) વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનની ભલામણ અનુસાર બીજા વર્ષ બી.એસસી.ના વધારાના ગાણ પ્રશ્નપત્રના નીચે જણાવેલ અભ્યાસક્રમો નિયત કરી જૂન ૧૯૭૯ થી અમલમાં લાવ્યાના :

૧. ભૌતિકવિજ્ઞાન	૨. રસાયણવિજ્ઞાન	૩. બોટેની
૪. ઝૂલોજી	૫. જિયોલોજી	૬. આંકડાશાસ્ત્ર
૭. ગણિત	૮. માઇક્રોબાયોલોજી	

(૬) ૧. પહેલા વર્ષ બી.એ.ની ૧૯૮૦ની પરીક્ષા માટે હિંદી વિષયના પ્રશ્નપત્ર ૨ માટે નિયત કરેલા પાઠ્યપુસ્તક "જહાજ કા પંછી" પુસ્તકનું છાત્ર સંસ્કરણ અપ્રાપ્ય હોવાથી નીચે મુજબ વિકલ્પે પુસ્તક નિયત કર્યાના :

"જહાજના પંછી છાત્ર સંસ્કરણ અથવા નિર્મલા પ્રેમચંદ"

૨. એમ.એ. ભાગ ૧ના ૧૯૮૦ અને ૧૯૮૧ ની પરીક્ષા માટે હિંદી વિષયના અભ્યાસ ક્રમમાં નીચે મુજબ સુધારા તથા સ્પષ્ટતા કર્યાના :

(અ) પ્રશ્નપત્ર ૧ માટે નિયત કરેલાં પાઠ્યપુસ્તકો પૈકી "પ્રતિનિધિ કહાનિયાં" પુસ્તક અપ્રાપ્ય હોવાથી તેના વિકલ્પે ૨૩ હિંદી કહાનિયાં સંપાદક જેને આ પુસ્તક નિયત કરવામાં આવેલ છે.

(બ) પ્રશ્નપત્ર ૨ માટે નિયત કરેલાં પાઠ્યપુસ્તકો પૈકી "દયારામ સતસઈ" પુસ્તકમાંથી ૧ થી ૩૫૦ દોહા નિયત કરવામાં આવેલ છે.

(ક) એમ. એ. ભાગ ૨ હિંદી ૧૯૮૦ અને ૧૯૮૧ની પરીક્ષાના પ્રશ્નપત્ર ૬ માટે ભાગ (અ) સૈદ્ધાન્તિક ભાષાવિજ્ઞાનના ૪૦ ગુણ તથા ભાગ (આ) હિંદી ભાષાકા ઇતિહાસ વગેરે માટે ૬૦ ગુણ નિયત કરવામાં આવેલ છે, તેવી સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

૩. પહેલા વર્ષ બી.એ.ના ઇસ્લામિક કલ્ચરનો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરી તેને જૂન ૧૯૭૯થી અમલમાં મૂકયાના;

૪. બીજા વર્ષ બી.કોમ.ના સેક્રેટરિયલ પ્રેક્ટિસ પેપર ૨(સબસિડિયરી)નો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરી તેને તાત્કાલિક અમલમાં મૂકવાના;

(૭) વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીની ભલામણ અનુસાર બીજા વર્ષ બી.એ. અર્થશાસ્ત્ર વિષયના ઓપ્શનલ પ્રશ્નપત્ર ૩રલ ડેવલપમેન્ટના તમામ મુદ્દા(ટોપિકસ)ની ચર્ચા ભારતના સંદર્ભમાં કરવી તેવી સ્પષ્ટતા કર્યાના;

(૮) કાયદાની વિદ્યાશાખાની તા. ૧૩–૯–૧૯૭૯ની સભાની ભલામણ અન્વયે ગયા વર્ષે જે વિદ્યાર્થીઓએ એલએલ.એમ. પાર્ટ ૨ ના જૂના અભ્યાસક્રમ મુજબ સત્રો ભર્યાં હોય તેઓને આ વર્ષે એલએલ.એમ. પાર્ટ ૧ માં નવા અભ્યાસક્રમમાં પ્રવેશપાત્ર ગણવા તેવી સ્પષ્ટતા કર્યાના;

(૯) માઇક્રોબાયોલોજી વિષયની તા. ૧૧–૭–૧૯૭૯ના રોજ મળેલ અભ્યાસસમિતિની સભામાં ૧૯૭૭ના વર્ષમાં ઘડી કાઢેલા એમ.ફિલ. વિષયના અભ્યાસક્રમમાં જરૂરી સુધારાવધારા

કરી આખરી સ્વરૂપ આપવા અધ્યક્ષશ્રીને સત્તા આપ્યા મુજબ અધ્યક્ષશ્રીએ રજૂ કરેલ અભ્યાસક્રમોને મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૨૬. કાયદાની કૉલેજોમાં પ્રવેશ આપવા માટેનાં ધોરણોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને લઘુતમ ગુણની જરૂરિયાતમાં પાંચ ટકા રાહત આપવાનો બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીનો ઠરાવ ક્રમાંક ૨૪-૧૯૭૮ એકિઝકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૯-૪-૧૯૭૮ની સભામાં સ્વીકાર્યો હોઈ તેના સંદર્ભમાં લૉ ઑર્ડિ. ૧ અને ૨ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો, તથા તે મુજબ સુધારેલા લૉ ઑર્ડિ. ૧ અને ૨ મંજૂર કરીને તેને તા. ૧૧ જૂન ૧૯૭૯થી અમલમાં મૂકવા એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૨૭. દેસાઈ સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામની જૂન ૧૯૮૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, સંસ્કૃત, આંકડાશાસ્ત્ર, બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેની કાયમી જોડાણ માટેની અરજી તથા બી.એ. (સબો.)માં સહકારના અભ્યાસક્રમ શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે દેસાઈ સી. એમ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ નિમણૂંકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એકિઝકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, સંસ્કૃત, આંકડાશાસ્ત્ર તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧—૬—૧૯૮૦થી તા. ૧૪—૬—૧૯૮૫ સુધીનું તથા બી.એ.(સબો.)માં સહકારના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫—૬—૧૯૮૦થી તા. ૧૪—૬—૧૯૮૨ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) નીચે પ્રમાણેની નિમણૂંકો કરવામાં આવે :

૧. અંગ્રેજીના વ્યાખ્યાતાની નિમણૂંકો કરવામાં આવે;

૨. ઑર્ડિ. ૧૨૦—એ.માં નિર્દિષ્ટ કાર્યભારને અનુલક્ષીને જરૂરી નિમણૂંકો કરવામાં આવે અને વધારાના જોડાણ માટે નવા શિક્ષકની નિમણૂક માટે રાજ્ય સરકારની પૂર્વસંમતિ મેળવી તે મળ્યાની યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) સહકારના વિષય માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે; અને

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.

૨૮. શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ તરફથી જૂન ૧૯૮૦થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી ટી. એસ. આર. કૉમર્સ કૉલેજ, પાટણ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિકયુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૪-૧૯૮૦ સુધીમાં કરે તો તેની બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૮૦થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ઑર્ડિ. ૧૨૦-એ માં નિર્દિષ્ટ કાર્યભારને અનુલક્ષીને વધારાના શિક્ષકોની નિમણૂક કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેતી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧—૪—૧૯૭૨થી 'ગ્રેચ્યુઇટી ફંડ' ઊભું કરવામાં આવે.''

૨૯. એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૧-૯-૧૯૭૯ની સભામાં અગાઉ એક્ઝિકયુટિવ કાઉન્સિલે તેની તા. ૨૮/૨૯-૪-૧૯૭૯ અને તા. ૧-૫-૧૯૭૯ની સભામાં પ્રાધ્યાપક અને

રીડરની જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો નક્કી કરવા નીમેલી સમિતિને મોકલી હોવાથી, આ સમિતિએ ડાયરેક્ટર ઇન એચ. કે. સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેનિંગની જગ્યા માટે સમિતિએ નક્કી કરેલાં લાયકાતનાં ધોરણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ નીચે મુજબ રાખવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(A) A First Class or Second Class Master's Degree in Humanities or Commerce and at least ten years' teaching experience at University of college level.

(B) Candidates having ability to identify the needs of the society and design and execute teaching courses accordingly will be preferred. active participation in seminars, extra-curricular activities, camps, etc. will be considered as an added qualifications.

Note.— (1) Candidates having some research publications may be given preference.

(2) Candidates with administrative experience in an educational institution may be preferred.

૩૦. અનુસ્નાતક શિક્ષણકાર્ય કરતા શિક્ષકોએ પૂર્વસ્નાતક અભ્યાસક્રમ માટે બે વર્ષ સુધી ઓ. ૧૨૦-એ થી નિયત થયેલ શિક્ષણકાર્ય ઉપરાંતનું અનુસ્નાતક કાર્ય કરવાનું રહે છે તેવી રીતે પીએચ.ડી. ગાઇડના શૈક્ષણિક કાર્યભારની ગણતરી કરવી કે ઓ. ૧૨૦(૩) (iii) મુજબ ૧૦ તાસ વત્તા ૨ ટ્યુટોરિયલ ગણાય તે અંગેની ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદના મંત્રી તરફથી આવેલ તા. ૩—૯—૧૯૭૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી. માટે માન્ય થયેલા કૉલેજ શિક્ષકોનો અઠવાડિક કાર્યભાર વધુમાં વધુ ૧૦ તાસ વત્તા ૨ ટ્યુટોરિયલ્સ છે તેમાં કશો પણ ફેરફાર કરવાની જરૂર નથી એમ એક્ઝિકયુટિવ કાઉન્સિલને જણાવવું.

૩૧. ઑર્ડિ. ૬૫—એચ હેઠળનો નીચે દર્શાવેલ (૨) વાળા ભાગ અંગે વિચારણા કરી પોતાનો સુચિંતિત અહેવાલ આપવા માટે એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૦/૨૨-૧-૧૯૭૯ની સભાના ઠરાવ અન્વયે નિમાયેલ સમિતિના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત :

ઑર્ડિ. ૬૫-એચ હેઠળનો (૨) વાળો ભાગ

2. (*i*) A Bachelor's degree and Master's degree with at least second class in the subject.

(*ii*) At least 10 years' teaching experience at P. G. Classes

and

(*iii*) Must have guided at least fifteen dissertation.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો રિપોર્ટ સ્વીકારવા માટે એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૨. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૮-૫-૧૯૭૮ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, કોસ્ટ એકાઉન્ટિંગની પરીક્ષા પણ ચાર્ટર્ડ એકાઉન્ટન્સીની સમકક્ષ હોવાથી આ યુનિવર્સિટીમાં પૂરા સમયના શિક્ષક તરીકે કામ કરતા જે પ્રાધ્યાપકોએ ઇન્ડિયન ઇન્સ્ટિટચ્ટ ઑફ કોસ્ટ ઍન્ડ વર્કસ એકાઉન્ટ્સની ફાઇનલ પરીક્ષા પાસ કરી હોય તેમને બી.કોમ. અને એમ.કોમ.ની લાયકાતોના આધારે જે ક્રેડિટ ગુણ આપવામાં આવે છે તે ઉપરાંત આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષકોની નિમણૂક માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને આઇ.સી.ડબલ્યુ.એ.ને ક્રેડિટ ગુણ આપવાની હાલ જે પ્રથા છે તેમાં નીચે પ્રમાણે સુધારો કરવા ભલામણ કરવી :

(૧) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અથવા (૨) આઇ.સી.ડબલ્યુ.એ. થયેલા હોય તેમને બીજી પદવીઓ અને શૈક્ષણિક અનુભવ વગેરે માટે જે ગુણ મળતા હોય તે ઉપરાંત આ દરેક પરીક્ષાઓ માટે બે વધુ ગુણ આપવા ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે, મોડરેટર્સની નિમણૂક માટે પૂરા સમયના જે શિક્ષકો કામ કરતા હોય તેમને સામાન્ય રીતે નીમવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૩. સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૪-૯-૧૯૭૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"સમાજશાસ્ત્રના એમ.ફિલ.ના હાલના અભ્યાસક્રમના પ્રશ્નપત્ર ૧ના સેકશન ૧માંથી આઇટમ નં. ૪ ઇન્ડેક્સ...અભ્યાસક્રમમાંથી રદ કરવી; અને આઇટમ નં. ૫ અને ૬નો ક્રમાંક બદલી અનુક્રમે ૪ અને ૫ આપવો.

સેકશન—૨ની આઇટમ નં. ૧ અને ૨ નીચે મુજબ સુધારવી :

1. Measures of Central tendancy and variation, Pecreon's coefficient of correlation.
2. Logic use and interpretation of partical and multiple correlation (examples involving calculations not to be asked in the examination). આઇટમ નં. ૫ સિમ્પલ એનેલેસિસ...અભ્યાસક્રમમાંથી રદ કરવી; અને આઇટમ નં. ૬નો ક્રમાંક ૫ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૩૪. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના ઠરાવને અનુલક્ષીને તબીબી વિદ્યાશાખાએ ફોરેન્સિક મેડિસિન વિષયના અનુસ્નાતક શિક્ષકની માન્યતાની બાબતમાં કરેલ એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦ ૭—૧૯૭૯ની સભા અને એક્ઝિકયુટિવ કાઉન્સિલની તા. ૧-૯-૧૯૭૯ની

સભાએ મંજૂર રાખી હોઈ તેના સંદર્ભમાં તબીબી વિદ્યાશાખામાં ફોરેન્સિક મેડિસિન વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા માટે ઑર્ડિ. ૬૫(કે)ના (એ) નોન-ક્લિનિકલ સબ્જેક્ટ્સ હેઠળ (૧) પછી ૧(એ) તરીકે ઉમેરો કરવા અંગે વિચારણા કરવા બાબત.

"A teacher with a post-graduate qualification in the subject such as Anatomy, Physiology, Pharmacology, Phathology, Medicine, Surgery, Skin & V.D. Psychiatry, Gynaecology and any other related subjects will be recognised as a Post-graduate teacher in M.D. Forensic Medicine Provided he has at least 7 years' teaching experience either at under-graduate and/or post-graduate teaching and training in the same subject i.e. Forensic Medicine."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-કે માં (એ) નોન-ક્લિનિકલ સબ્જેક્ટ્સ હેઠળ (૧) પછી (૧-એ) તરીકે ઉપર જણાવ્યા મુજબની કલમ ઉમેરવા અને તે મુજબ સુધારેલો ઑર્ડિ. ૬૫-કે ને મંજૂર કરવા એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૩૫. શ્રી. એસ. બી. વોરાનાં નીચેનાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત :

૧. રૂટ. ૨૦૭માં નીચે મુજબ સુધારો કરવા અંગે :

રૂટ. ૨૦૭(૨) નીચે પ્રમાણે વાંચવો :

Notwithstanding anything contained in (1) above, it will be permissible for any affiliated college, recognised Institution or University Departments to use English or Hindi as a medium of instruction, provided a prior approval in writing any change or discontinuance of existing media has been obtained from the Executive Council of the University and inform such conditions as may be imposed by the Executive Council. The Executive Council, while imposing any condition that it deems fit, and granting such a permission shall always take care to see that the present teaching and non-teaching staff and the relevant batch of students are not adversely affected.

2. (*a*) Notwithstanding anything contained in (1) above, it will be permissible for any student to use English or Hindi as the medium of examination provided he uses the same for all the papers and indicates his choice in the examination form.

(૨) ઑર્ડિ. ૧૨૦-બીમાં નીચે મુજબ સુધારો કરવા અંગે :

(*i*) there shall be.....and the college shall continue to enrol the students, as long as they are available till such a limit is reached.

(૩) ઑર્ડિ. ૧૨૦-ઈમાં નીચે મુજબ સુધારો કરવા અંગે :

(i) The management.....shall not close the college or any of its faculties or sections or divisions or any class or classes for.....

(૪) ઑર્ડિ. ૧૨૦-જીમાં નીચે મુજબ સુધારો કરવા અંગે :

Notwithstanding.....

Explanation.—In the event of a deliberate reduction in a class or classes or sections or divisions thereof by the management/college, even when students seek admission the services of the teaching and non-teaching staff shall not be terminated or discontinued or suspended.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૨૦૭ની પેટાકલમ (૨) સુધારવા માટેનું શ્રી. એસ. બી. વોરાનું સૂચન સ્વીકારવું નહીં. પરંતુ કોઈ પણ સંલગ્ન કૉલેજમાં શિક્ષણના માધ્યમ તરીકે વપરાતી ભાષાનો ઉપયોગ બંધ થવાને કારણે વર્ગોની અને/અથવા વિદ્યાર્થી સંખ્યા જે કૉલેજમાં ઘટે તેમ હોય તો તે અંગે શું કાર્યવાહી કરવી તે માટે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. આચાર્ય બી. એમ. પીરજાદા

૨. શ્રી. કે. એસ. શાસ્ત્રી

૩. આચાર્ય મનુભાઈ ડી. પંચોલી

૪. આચાર્ય એન. એસ. પંડ્યા.

૩૬. (૧) ટેલિવિઝન અને (૨) ફોટોગ્રાફીના ડિપ્લોમા અભ્યાસક્રમો દાખલ કરવાનું પ્રો. એસ. બી. વોરાનું સૂચન શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૨-૧૧-૧૯૭૯ની સભામાં સ્વીકાર્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૭. શ્રી. એસ. બી. વોરાના નીચેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત :

"હમણાં હમણાંથી ઘણી કૉલેજો કૉલેજોની સાથોસાથ સ્કૂલો, ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સીસ, પોલિટેકનિક, ભાષાના વર્ગો, સી.એ. કૉસ્ટિંગ, ચાર્ટર્ડ સેક્રેટરીના વર્ગો વ.નું આયોજન કરે છે. આવા વધારાના વર્ગોમાં પ્રોફેસરોને ફરજિયાતપણે વર્ગો લેવા જવાનું કહેવામાં આવે છે. અલબત્ત એમાં થોડું ઘણું મહેનતાણું આપવામાં આવતું હશે. પણ દેખીતી રીતે જ આવું વધારાનું કામ પ્રોફેસરોની ઇચ્છા વિરુદ્ધ આપી શકાય નહીં. ઘણી વાર કૉલેજનો કાર્યભાર ઓછો કરીને પણ આવા વર્ગોમાં જવા માટે ફરજ પડાય છે. આવું થતું અટકાવવા માટે યોગ્ય ધારાધોરણ કરવા વિનંતી છે.

કેટલીક કૉલેજો કૉલેજ બંધ કરવાને બદલે અમુક વર્ગના સેક્શન-ડિવિઝન બંધ કરે છે, આવી કૉલેજો ઉપર જણાવ્યા પ્રમાણે સપ્લીમેન્ટરી કૉર્સીસ શરૂ કરી કૉલેજોના ટીચિંગ સ્ટાફને આવા સપ્લીમેન્ટરી કૉર્સમાં ભણાવવાની ફરજ પાડે તેવી સંભાવના રહે છે. કૉલેજમાં જાણીજોઈને એટલો કાર્યબોજ ઓછો કરવામાં આવે જેથી સરપ્લસ થવાનો ભય ઊભો થાય અને પછી આવા કૉર્સીસમાં ફરજિયાતપણે જવું પડે જેથી કાયદેસર મળતું રક્ષણ બંધ થાય. આવી પ્રવૃત્તિઓ કૉલેજના સંચાલકો ન કરી શકે તે માટે ઘટતું કરવા વિનંતી છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. એકે. કાઉ. ૧૭૫૯૩૨/૧૯૮૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ—૩૮૦૦૦૯
તા. ૨૮—૧—૧૯૮૦

ક. ચ. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
ઠરાવનો ક્રમાંક ૧૭

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Lecturer in Statistics was held on Saturday the 29th September, 1979 at 12-30 a.m. at University Office, Gujarat University, Ahmedabd-380009. Dr. P. C. Vaidya, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Dr. P. C. Vaidya, Vice-Chancellor	Present
(2) Dr. A. G. Pathak	Present
(3) Prof. Y. S. Sathe	Present
(4) Dr. C. G. Khatri (Invitee)	Present

The following candidates were called for interview :

(1) Shri Upendra K. Dave	Present
(2) Shri Mehmood N. Bagadia	Present
(3) Miss Krishna Chatterjee	Present.

After interviewing the candidates present and considering their respective merits, we recommend that Shri Upendra K. Dave be appointed for the post of Lecturer in Statistics. Two other candidates were not found suitable.

Sd/-
P. C. Vaidya
A. G. Pathak
Y. S. Sathe
C. G. Khatri, Invitee.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૪

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Professor of History in the School of Social Sciences, Gujarat University, was held on Monday the 15th October, 1979 at 12-30 p.m. Dr. P. C. Vaidya, Vice-Chencellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee members was as under :

(1) Dr. P. C. Vaidya, Vice-Chancellor	Present
(2) Dr. S. C. Misra	Present
(3) Dr. (Smt.) A. J. Syed	Absent
(4) Dr. (Miss) Romila Thaper	Present.

The following candidates were called for interview :

(1) Dr. R. G. Parikh	Present
(2) Dr. M. J. Mehta	Present.

The Committee interviewed the candidates present and considering their respective merits, we recommend that Dr. M. J. Mehta be appointed as Professor of History on the minimum of scale of pay of Professor.

Sd/—

P. C. Vaidya, Vice-Chancellor
Dr. S. C. Misra
Dr. Romila Thaper.

Gujarat University Press, Ahmedabad-380009.